# ઝાકળબિંદુ



શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# ઉઘાડી રાખજો બારી

દુઃખી કે દરદી કે
કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની
ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા,
અવરનાં દુઃખને દળવા,
તમારાં કર્ણ નેત્રોની
ઉઘાડી રાખજો બારી.

પ્રણયનો વાયરો વાવા
કુછંદી દુષ્ટ વા જાવા,
તમારાં શુદ્ધ હૃદયોની
ઉઘાડી રાખજો બારી.

થયેલાં દુષ્ટ કર્મોના
છૂટાં જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની,
ઉઘાડી રાખજો બારી.

દિવાળીના દિવસોમાં 'હૃદયની કરૂણાબારી કાયમ ઉઘાડી રાખવાના' અને ઋગ્વેદના 'દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ' નો મંગલ સંદેશો લઈ આવતું ગાંધીજીપ્રિય એવા ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીજીરચિત આ અતિ લોકપ્રિય કાવ્ય આજના અનિશ્ચિતતા અને અંધારામાં અટવાયેલા તેમજ વિચાર અને માનવમૂલ્યોના દુષ્કાળમાં સપડાયેલા આપણા દુર્ભાગી દેશ અને નિર્દોષ દેશવાસીઓ માટે એક દીવાદાંડી સમું બની રહે તેવી પ્રાર્થના સાથે અભિનંદન અને સાલમુબારક !

**- શ્રી વિનુ મહેતાકૃત 'વાણી તારાં પાણી'માંથી**

શ્રી. એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશન-શ્રેણીની ૩૨મી ભેટ

# ઝાકળબિંદુ

લેખિકા : મીરા ભટ્ટ

સ્નેહી શ્રી ..........................................................

પ્રેરક પ્રસંગો અને દ્રષ્ટાંતકથાઓ દ્વારા, માર્ગદર્શન આપતું આ પુસ્તક આપનું સાથી બની રહો, તેવી શુભ કામનાઓ સહ .....

સપ્રેમ
**મંગળભાઈ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**

**શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
**અમદાવાદ ૩૮૦ ૦૧૩**
ફોન નં. : ૭૫૫ ૧૫૬૪ - ૭૪૫ ૪૩૧૦

શ્રી. એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન-શ્રેણીનું બત્રીસમું પુસ્તક

# ઝાકળબિંદુ


* લેખિકા : મીરા ભટ્ટ


* © મીરા ભટ્ટ


* પ્રકાશન-વર્ષ : ફેબ્રુઆરી, ૨૦૦૧
* પ્રકાશક : શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
  મૂકેશ એમ. પટેલ
  ૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
  સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
  અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્‌ભાવ-સુવાચન-સદુપયોગ
* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. : ૬૬૦ ૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. : ૬૬૧ ૪૬૭૮
* મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની, ફોન નં. : ૬૬૧૨૭૨૮
* આવરણ મુદ્રણ : ઉમા ઑફ્સેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
  ફોન નં. : ૫૬૨૬૩૨૪
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
  ફોન નં. : ૭૪૭૫૫૧૮
* મુદ્રક : ઉદય ઑફ્સેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
  ફોન નં. : ૫૬૨ ૧૯૬૭

# અનુક્રમણિકા


તીર્થયાત્રાનું પવિત્ર જળ !
૦૧. પૃથ્વીપુત્રની કથા ........ ૬
૦૨. આવશે જગત કેરો તાત ........ ૯
૦૩. રાજા રામ ........ ૧૧
૦૪. સદાચારનાં રખોપાં ........ ૧૩
૦૫. કૃષ્ણ-મુગટનું મોરપીંછ ........ ૧૪
૦૬. ઠોઠિયા ધર્મરાજ ........ ૧૭
૦૭. આહાર તેવો ઓડકાર ........ ૧૮
૦૮. લગામ આતમરામને સોંપીએ ........ ૨૧
૦૯. કોળિયામાંથી કોળિયો કાઢે તે યજ્ઞવીર ........ ૨૨
૧૦. કળિયુગનાં છ છીંડાં ........ ૨૪
૧૧. હરિ આવે આધે નામ ........ ૨૫
૧૨. સ્વનામધન્યા સુકન્યા ........ ૨૮
૧૩. પુત્રનાં લક્ષણ પારણામાંથી ........ ૩૨
૧૪. તૃષ્ણાનું નાભિછેદન ........ ૩૪
૧૫. કાર્ય માત્રનું પ્રયોજન ........ ૩૬
૧૬. આત્મા તો સૌનો સરખો ........ ૩૮
૧૭. બી ફૂટે ધરતીમાં, પટારામાં નહીં ........ ૪૦
૧૮. બાબિલનો મિનારો ........ ૪૩
૧૯. વિદ્વાન - ગમારની સ્પર્ધા ........ ૪૫
૨૦. સ્વર્ગ - નરક પોતાનામાં જ ........ ૪૮
૨૧. ચકા - ચકીની લોકકથા ........ ૫૦
૨૨. કાશ્મીર કન્યા લલ્લેશ્વરી ........ ૫૨

૨૩. સળગતા હાથે અમર કવિતા ........................................ ૫૪
૨૪. જાતને ઓળખો ........................................ ૫૬
૨૫. ઈશ્વરની ઇચ્છા વગર ........................................ ૫૮
૨૬. મીઠું ખારાશ છોડે તો ........................................ ૫૯
૨૭. ન્યાયપ્રિયતાનું સ્મારક ........................................ ૬૧
૨૮. રાજાની જવાબદારી ........................................ ૬૨
૨૯. સર્વ સત્તાનો સ્વામી ........................................ ૬૪
૩૦. અલ્લાનો અવ્વલ દોસ્ત ........................................ ૬૭
૩૧. સામ્રાજ્ય સદ્ગુણોનું ........................................ ૬૯
૩૨. ત્રિપુરુષનો સંગમ ........................................ ૭૧
૩૩. પરપીડાને અનુભવતાં શીખીએ ........................................ ૭૫
૩૪. શાહી કઠિયારો ........................................ ૭૯
૩૫. સંતનો મહિમા ........................................ ૮૪
૩૬. શીલ બચશે તો જાત ઊગરશે ........................................ ૮૬
૩૭. ભારતીય ધર્મનો વિશ્વવિહાર ........................................ ૮૮
૩૮. અંદરની આંખ ફૂટે છે ત્યારે ........................................ ૯૧
૩૯. અંધારે મોર ન ભરાય ........................................ ૯૨
૪૦. એક ખુદાબક્ષ ફકીર ........................................ ૯૪
૪૧. રણનું ફૂલ ........................................ ૯૬
૪૨. કદીયે ન સંતોષાનારી તૃષ્ણા ........................................ ૯૮
૪૩. ધનની વ્યર્થતા ........................................ ૧૦૦
૪૪. સંતોની સંવેદના ........................................ ૧૦૨
૪૫. સ્ત્રી સન્માન માટે વાસનામુક્ત દૃષ્ટિ ........................................ ૧૦૩
૪૬. ભીંતો ક્યારે ભેદાશે ? ........................................ ૧૦૪
૪૭. શીલનાં વસ્ત્રાધાન ........................................ ૧૦૬

૪૮. તેજ પ્રગટાવી શકે તે રાજા ........ ૧૦૮
૪૯. સંતનું પારખું ........ ૧૧૧
૫૦. સેવામૂર્તિ હકીમ અજમલખાં ........ ૧૧૩
૫૧. રૂપને અરૂપમાં ડુબાડો ........ ૧૧૫
૫૨. મૃત્યુ નહીં, મહોત્સવ ........ ૧૧૬
૫૩. હંસ ચૂગે મોતી ચારો ........ ૧૧૭
૫૪. વિદ્યા સામે વિવાદની હાર ........ ૧૧૯
૫૫. સહજ તે સોનું ........ ૧૨૨
૫૬. સહજને કિનારે ........ ૧૨૪
૫૭. આપઓળખ વગર બધું નકામું ........ ૧૨૬
૫૮. શ્રદ્ધસ્વ સૌમ્યં ........ ૧૩૦
૫૯. રેતી પરનાં પગલાં ........ ૧૩૫
૬૦. ચાલ, ઝાડની ખબર કાઢવા ........ ૧૩૭
૬૧. અનોખો ગોવાળિયો ........ ૧૪૦
૬૨. વૃક્ષન સે મત લે ........ ૧૪૧
૬૩. ‘રેડ ક્રૉસ’ની કહાણી ........ ૧૪૩
૬૪. સાચો ભક્ત ........ ૧૪૫
૬૫. સાધના - નિષ્ઠા ........ ૧૪૮
૬૬. ‘હું’ ને ‘હું’ જ ગળી જાય ........ ૧૫૦
૬૭. અહંનો ઉપદ્રવ ........ ૧૫૧
૬૮. પ્રાર્થનાનો આદર ........ ૧૫૩
૬૯. સત્ય - કાં આખું, કાં શૂન્ય ........ ૧૫૫
૭૦. સચ્ચાઈ ........ ૧૫૭
૭૧. માનવતાના પાઠ ........ ૧૫૯

❖

# તીર્થયાત્રાનું પવિત્ર જળ !

## લેખિકાની પ્રસ્તાવના

વિવિધ પ્રસંગોનો આ સંગ્રહ છપાઈ રહ્યો છે, ત્યારે નજર સામે બે જણા સતત તરવર્યા કર્યા. એક તો, સ્વ. કવિશ્રી બાલમુકુંદભાઈ દવે અને બીજા, જેમને માટે આ પ્રસંગો લખાયા તે લોકજીવનના 'લોકો'.

'લોકજીવન' એ ગુજરાત વિદ્યાપીઠનું મુખપત્ર ! બાલમુકુંદભાઈ એ સામયિકના સંપાદક. 'લોક' એમનો આરાધ્ય દેવ. એનાં ચરણોમાં સંસ્કારી વાચનનો પ્રસાદથાળ ધરાવવા દર મહિને એ સામગ્રી મંગાવતા રહે. પછી તો એ નિયમ થઈ ગયો. 'લોકજીવન' માટે લોકભોગ્ય એવું કાંઈક સદ્‌વાચન પૂરું પાડવું. ક્યારેક પ્રવાસે ગઈ હોઉં અને મોડું થાય તો એમની ટપાલ આવી જ હોય ! પત્રવ્યવહારમાં એવા નિયમિત કે આજે પણ એમના અક્ષરો નજર સામે તરવરે છે !

બીજી મારી પણ એક ટેવ. કાંઈક સારું વાંચું કે સાંભળું, તે તરત જ મારી વાસરીમાં એને ટપકાવી દઉં. 'લોકો' અમારા સામાજિક જીવનના પણ આરાધ્ય દેવ ! જેવી રીતે, બાળકો માટે કશુંક મીઠું મીઠું ખાવા કે રમવા માટે નાનું-સરખું પણ રમકડું ખરીદવાનું મન થાય એ રીતે લોકો પાસે કશુંક સારું, જીવન ઉન્નત કરે તેવું સાહિત્ય પહોંચાડવાની વૃત્તિ રહ્યા કરે. બસ, આ રીતે આ પ્રસંગો મારી શૈલીમાં છપાતા રહ્યા અને આજે એનું આ સંકલન પ્રગટ થઈ રહ્યું છે. અલબત્ત, એમાં ઘણા બધા પ્રસંગો નવા પણ ઉમેરાયા છે, કારણ કે બાલમુકુંદભાઈ સાથે જ 'લોકજીવન'માંથી હું પણ અદૃશ્ય બની, પણ ત્યાર પછીય મારી વાસરીમાં પ્રસંગોની ઉમેરણી તો થતી જ રહી છે. એ નવાં ઉમેરણને પણ આમાં સમાવ્યું છે.

આ પ્રસંગો કહો, વિશિષ્ટ જીવન-ઘટનાઓ કહો કે વિશિષ્ટ મહાનુભાવોના ઉદ્ગારો કહો, એ આપણને કેમ સ્પર્શી જાય છે ? મને તો આવા પ્રેરક પ્રસંગો હંમેશાં તીર્થોદક, ગંગાજળ સમા લાગ્યા છે. કોઈ યાત્રિક હિમાલયની યાત્રા કરીને આવે, સાથે થોડોક પ્રસાદ કે ગંગાજળની નાનકડી ટોપલી કે જળઝાલરી લેતા આવે ત્યારે તે ગ્રહણ કરતાં યાત્રિકને પગે પડવાનું મન થાય છે. આ 'પ્રસાદ' કે 'ગંગાજળ' એ સમગ્ર પવિત્ર યાત્રાના એક અંશનો પાવક સ્પર્શ કરાવે છે. આ પ્રસંગો પણ યાત્રાની પ્રસાદી સમા તીર્થોદક છે, ગંગાજળ છે, ઝાકળબિંદુ સમા સુંદર છે, અથવા તો કહો, હંસે ચૂગેલો મોતીચારો છે ! મોતી મહેરામણનાં, પણ એને વીણ્યાં અને સજાવ્યાં મેં આટલું મારું કર્તૃત્વ !

શ્રી. મંગળભાઈ પટેલ આવો મોતીથાળ કે તીર્થસલીલ લોકો પાસે પહોંચાડવા નિમિત્ત બની રહ્યા છે, તેનો પણ આનંદ છે ! અમારી મૈત્રીના મુગટમાં એક મોરપીછ વધુ ઉમેરાય તેનો આનંદ થાય જ ને !

**- મીરા ભટ્ટ**

૪૪૭-બી, શિશુવિહાર સામે,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૪૮-૪૨૦૪૧૦

જેમ માનવીય સંબંધોમાં પરસ્પર આઘાત-પ્રત્યાઘાત, સુખદુઃખ, રિસામણાં - મનામણાં ચાલે છે, એ રીતે સૃષ્ટિ સાથેના સંબંધોમાં પણ આ ભાવો ક્યારેક પ્રગટ થાય છે. જેવી રીતે, માનવોના અમાનુષી કરતૂતોને કારણે ધરતીમાતા આજે રૂઠી છે, એ જ રીતે આદિકાળમાં પણ પૃથ્વીમાતા એકવાર રિસાઈ ગયાં હતાં.

ત્યારે પૃથ્વીનો રાજ્યાધિપતિ હતો - પૃથુરાજા ! એના રાજ્યમાં ચોમેર કારમો દુકાળ પડ્યો હતો અને એક દાણાના હજાર દાણા કરી આપનારી ભૂમિ પ્રત્યેક દાણાને રાખ બનાવી રહી હતી. પશુ - પંખી - સમેત સમસ્ત માનવલોક હાડપિંજર બનીને કણ દાણા માટે ચોમેર ભટકી રહ્યાં હતાં.

પૃથુરાજાને ખબર હતી કે મા વસુંધરા તો પોતાના પેટાળમાં અનંતકાળ સુધી ચાલે તેટલો અન્નાદિ ભંડાર સંઘરી બેઠી છે. હું પૃથ્વીપતિ છું, તો શા માટે એ બધો અન્નભંડાર મેળવી ન લઉં ? એમ કહીને એણે તો પોતાના ધનુષ્ય પર બાણનું સંધાન કર્યું. આ જોઈ પૃથ્વી તો ભયથી કાંપી ઊઠી અને ગાયનું રૂપ ધારણ કરીને એ જ્યાં - ત્યાં દોડવા લાગી. પણ રાજાએ તો એનો બરાબર પીછો કર્યો. અંતે ક્યાંય રક્ષણ ન મળ્યું એટલે ભયભીત થઈને રાજા સમક્ષ હાથ જોડીને ઊભા રહી બોલી ઊઠી - હે શરણાગત વત્સલ રાજન, મેં એવો તે કયો અપરાધ કર્યો છે કે તમે મને મૃત્યુદંડ આપવા તૈયાર થઈ ગયા છો ?

ત્યારે મહારાજા પૃથુએ જવાબ વાળ્યો : ‘‘હે પૃથ્વી, તેં શું ધાર્યું છે ? જોતી નથી કે સમસ્ત ભૂમંડળના વાસી અનાજના કણકણ માટે ક્ષુધાતુર બનીને ભટકી રહ્યા છે. તારાં પોતાનાં જ સંતાનો પ્રત્યે તું આટલી નિર્દય, કઠોર કેમ બની ગઈ છે ? તેં ગાયનું રૂપ ધારણ કર્યું છે

એટલે તું 'અવધ્યા' બની ગઈ. બાકી, આજે હું તારો સર્વનાશ કરી નાંખત ! પણ ખેર, હવે તો તારે અન્નના ભંડાર ખોલી જ દેવા પડશે !''

ત્યારે પૃથ્વી બોલી : ''ક્ષમા કરો, ભૂપતિ ! મારે પણ આપનું ધ્યાન એક બાબત પર ખેંચવું છે. તમે તો ધર્મપરાયણ છો. સમસ્ત જગતના સમ્રાટ છો ! મારા આશ્રયે તમે સૌ જીવોને છોડ્યા છે. મને પણ એમને ખવડાવવા - પિવડાવવામાં સાર્થકતા જ અનુભવાય છે, એટલે તો એ કણ આપે, તો હું મણ પાછા આપું છું. પરંતુ હવે હું જોઈ રહી છું કે માણસ એટલો બધો સ્વાર્થી બની ગયો છે કે એક બાજુ ભૂખ્યા લોકો તરફડતા હોય તોપણ પોતાના ભંડાર ભરતો જ રહે છે. એટલે એમને પાઠ ભણાવવા મેં પણ મારો અન્નભંડાર છુપાવી દીધો !''

ત્યારે પૃથુરાજાએ કહ્યું : ''વસુધા, તારી વાત મને સમજાય છે. પૃથ્વી પરના કેટલાક લોકો નિયમ બહાર જઈને વર્તે છે, તેમને સજા કરવા તેં આવો રસ્તો લીધો, પણ એના પરિણામે નિર્દોષ લોકો દંડાઈ રહ્યા છે, તેનું શું ? એટલે હવે દુરાચારીઓને દંડ દેવાનું કામ મારા પર છોડી દે અને હવે મને અમારા કોઠારો પાછા છલકાવી કેવી રીતે દેવાય, એનો ઉપાય દેખાડ !''

ત્યારે પૃથ્વી બોલી : ''રાજન, આખરે હું એક મા છું. તમારી સમક્ષ રૂપ બદલીને આવી તોપણ ગોમાતા રૂપે જ આવી. મારા આંચલમાં દૂધ જ દૂધ છે ! કોઈ વાછરડાનો, કોઈ દુગ્ધપાત્રનો અને કોઈ દોહનારા ગોવાળિયાનો પ્રબંધ કરો અને મને દોહી લો અને તમે જે કાંઈ માંગશો તે તમામ અભીષ્ટ વસ્તુઓનું હું દાન કરીશ.''

અને પૃથુરાજાએ મનુમહારાજને વાછરડો બનાવી ખુદ પોતે ગાયમાતાનું દૂધ દોહવા બેસી ગયા અને પૃથ્વીએ પણ રાજી રાજી થઈને પોતાના ધર્મપ્રિય રાજાના પાત્રને છલકાવી દીધું. પૃથ્વીમાતાની અપાર

કરુણાથી રાજાને પણ ભારે સંતોષ થયો અને પોતાની પ્રજાને ધર્મમાર્ગ પર ચાલવા પ્રવૃત્ત કરી અને અધર્મી લોકોને યોગ્ય દંડ પણ કર્યો. પૃથુરાજા પોતે તો સૂર્ય સમાન પ્રતાપી અને સમદર્શી તો હતા જ, હવે પૃથ્વી સમાન સહિષ્ણુ અને દયાળુ પણ બન્યા. પૃથ્વીમાતાને રીઝવી લીધા પછી એમણે અશ્વમેઘ યજ્ઞનું અધિષ્ઠાન કર્યું અને ભગવાનનો યોગેશ્વર રૂપે સાક્ષાત્કાર પણ કર્યો.

પણ પૃથુરાજાના આ યશ - પરાક્રમની ઈર્ષ્યા ઇંદ્રરાજાને થઈ અને એમણે પૃથુના સો યજ્ઞો પૂરા ન થવા દીધા અને યજ્ઞના અશ્વને જ છુપાવી દીધો. પૃથુરાજાએ ઇંદ્રને પકડી પાડ્યો અને બાણ ચલાવી મારવા જઈ રહ્યા હતા, ત્યાં બ્રહ્માજીએ પ્રગટ થઈને કહ્યું કે ''રાજાધિપતિ, તમે તો મોક્ષમાર્ગી છો. તમે તો ધર્મની રક્ષા માટે જ અવતાર લીધો છે. યુદ્ધો જીતવાં એ કાંઈ તમારું જીવનલક્ષ્ય નથી, માટે હવે મોક્ષમાર્ગે પ્રયાણ કરો.

પૃથુરાજાએ ઇંદ્રને છોડી દીધો, તે ક્ષણે જ યોગેશ્વર વિષ્ણુભગવાન પ્રગટ થતાં બોલ્યા : ''રાજન, પ્રભુના ભક્તે કેવળ રાજ્યો જીતવાનાં નથી, એણે તો પોતાના દેહને પણ જીતવાનો છે ! દેહને જીતવો, એટલે દેહની ઇચ્છાઓને જીતવી. કામ જીતવાથી ચિત્ત શુદ્ધ બને છે અને વિષયો સાથેનો સંબંધ કાપી શકાય છે. પછી મનુષ્ય પોતાના મૂળસ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. જેમને ચિત્તની આ સમતા સધાય છે, તેમને જીવનનું સારસર્વસ્વ સાંપડે છે.''

પૃથુરાજાના જીવનની નવી પરાક્રમગાથા આરંભાઈ. અંતકાળના એમના અરણ્યવાસ અને તપશ્ચર્યાકાળમાં એમનાં પત્ની અર્ચિ પણ સાથે રહ્યાં અને બંનેએ માનવજીવન સાર્થક કરી, પ્રભુપ્રીતિ પ્રાપ્ત કરી !

❖

છે તો રામાયણની વાત, પણ બહુ જાણીતી નથી. રાજા દશરથને ત્યાં સોનાનો સૂરજ ઊગ્યો છે. ઘણાં ઘણાં વર્ષોની વાટ જોયા પછી રાજાની ત્રણેય રાણીઓને ઓધાન રહ્યાં છે. શુભ ઘડી અને શુભ દહાડો !

પણ બપોર થયા, સાંજ થઈ અને દાસી હાંફળી હાંફળી મહારાજા પાસે દોડી આવે છે. રાજા પણ ચોંકી ઊઠે છે : ''કેમ, કેમ શું થયું ?''

''મહારાજ, રાણીમાએ આજે બેય વખત ભોજનની થાળી પાછી મોકલી. સવારનો દાણો સરખોય મહારાણીજીના મોંમાં ગયો નથી !''

દશરથરાજાને થયું કે રૂસણાં તો કૈકેયી લઈ શકે, આજ લગી કદીયે કૌશલ્યારાણીએ કોપભવનના દરવાજા દીઠા નથી અને આ શું ?

દાસીને વિદાય કરી કામકાજ પતાવી મહારાજા પટરાણી પાસે પહોંચ્યા. જોયું તો રાણી એકદમ શાંત, સ્વસ્થ અને સંતુષ્ટ દેખાતાં હતાં.

''મહારાણી ! શી બાબત છે ? મેં સાંભળ્યું કે તમે સવારથી અનાજનો દાણો સુધ્ધાં મોંએ અડાડ્યો નથી ! હવે તો તમારી જવાબદારી વધી છે, તેનું ભાન છેને ?'' દશરથરાજાએ કહ્યું.

''હા નાથ ! જવાબદારીનું મને ભાન છે, એટલે જ મેં આજે બેઉ વખત થાળી પાછી ઠેલી છે.'' શાંત પણ દૃઢ અવાજે કૌશલ્યા બોલ્યાં.

''એટલે ?'' - રાજાને કશું સમજાતું નહોતું.

''માઠું ન લગાડશો, આર્યપુત્ર ! પણ આપણા આ રાજભંડારમાં જાત-જાતનું અનાજ આવે. એમાં જાણ્યે-અજાણ્યે કોઈનું દિલ પણ દુભાયું હોય, વળી કોકની કમાણી કાળાં કરમની પણ હોય. રાજનું ધાન એટલે સત્ત્વ, રજ, તમ - ત્રણેય જાતનું ભેળું ધાન !

... અને નાથ ! મારે ઓધાન રહ્યાં છે, મને અણસાર છે અને મારી ખેવના પણ છે કે મારી કૂખે ધરતીનો નાથ પાકે. આખા જગતને તારનારાને પેદા કરવો હોય તો સ્વામી ! આવો ભેળસેળિયો આહાર ન ચાલે ! આહાર તેવો ઓડકાર ! મારી કૂખે રત્નને જન્માવવું હોય તો મારે શુદ્ધ, સાત્ત્વિક અને મહેનતનો આહાર લેવો જોઈએ !'' ભવિષ્યના જગતાતની માતાના અવાજમાં મધુર રણકો હતો.

``તો તમે શું લેશો ? ભૂખ્યું થોડું જ રહેવાશે ?'' રાજાએ મૂંઝવણ ઠાલવી.

``એની તમે ચિંતા ન કરો પ્રભુ ! મેં એનો રસ્તો કાઢી લીધો છે, અને એની શરૂઆત પણ કરી દીધી છે. રાજ્યગુરુ વશિષ્ઠના આશ્રમમાં કન્યાઓને શાસ્ત્રો શીખવવાની જવાબદારી ગુરુદેવે મને ક્યારનીય સોંપી દીધી છે. આજથી મારા વર્ગો શરૂ પણ થઈ ગયા છે. એનું મને મહેનતાણું પણ મળશે. આશ્રમનાં જ ફળફળાદિથી સ્વામી ! મારું પેટ હું ભરીશ અને આપણે આંગણે આવનારા એ જગતના નાથનું પણ કેવળ શરીર નહીં, મન, બુદ્ધિ અને હૃદય પોષીશ.''

રાજાની આંખોમાં ઝળઝળિયાં ઊભરાઈ ગયાં. દશરથરાજાનું સૂચક મૌન, મહારાણી કૌશલ્યાને અનેક ધન્યવાદ આપી રહ્યું ....

❖

**અસત્ય અંધકારનું રૂપ છે. આ અંધકારથી મનુષ્ય અધોગતિ પામે છે. અંધકારમાં ફસાયેલી વ્યક્તિ પ્રકાશ જોઈ શકતી નથી.**

**- મહાભારત**

લંકાકાંડની વાત છે. દુષ્ટ રાવણ સીતામાતાને ઉપાડીને લઈ ગયો હતો અને રોજેરોજ એમને પોતાની મહારાણી થવા કહ્યા કરતો હતો. પોતાના યુગની કાંચન સમી પવિત્ર નારી પર આ રીતે ગુજારાતા ત્રાસ બદલ લંકા નગરીના સજ્જનોમાંના એક વિભીષણ મનોમન ખૂબ દુ:ખ અનુભવતા હતા. રાવણને આ કુટિલ પંથેથી પાછો વાળવા રાવણની પત્ની મંદોદરીદેવી તથા ભાઈ વિભીષણે અથાગ પ્રયત્નો કર્યા. બંનેએ અનેક રીતે રાવણને સમજાવી જોયો, પરંતુ અહંકાર અને સત્તાના નશામાં રાવણ ભાન ભૂલ્યો હતો. ખૂબ જ આઘાત લાગે તેવી કડવી તથા કઠોર વાણીમાં તેણે પોતાનાં સ્વજનોને ધુતકારી કાઢ્યાં હતાં. બંને જણાં ખૂબ મૂંઝાઈ ગયાં હતાં. કશો જ રસ્તો સૂઝતો નહોતો. એમનાથી આવો અન્યાય અને અપમાન વેઠાતાં નહોતાં, તો બીજી બાજુ સત્તા આગળ શાણપણ નકામું હતું !

છેવટે વિભીષણથી આ સહ્યું ના ગયું. સત્યનું જ પડખું સદા સેવ્યું હતું, તો આ અણીના પ્રસંગે પણ અસત્યનો પડછાયો શા માટે લેવો ? વિભીષણ તો ઊપડ્યા સત્યના અવતાર સમા શ્રીરામ પાસે. રામચંદ્રે એમને દૂરથી આવતા જોયા. ભાવપૂર્વક આવકારી બોલ્યા : ''આવો લંકેશ.''

વિભીષણ સહિત બીજા સૌ સાથી અનુચરો આ સાંભળી ચમકી ઊઠ્યા. લંકાપતિ રાવણ જીવતો છતાં પ્રભુએ વિભીષણને 'લંકેશ'નું બિરુદ આપ્યું; રાવણના વધ પછી જીતેલી લંકાનગરી વિભીષણને સોંપાશે તેટલો સંકેત તો આ સંબોધનમાંથી મળી જ જતો હતો; આમ છતાં મનમાં શંકા રહ્યા કરતી હતી, તેને સાફ કરતાં સુગ્રીવે પૂછ્યું : ''પ્રભુ, વિભીષણને તો આપે લંકાનું રાજ્ય સોંપી દીધું. આપ તો

એકવચની છો, એટલે એમાંથી પાછા નહીં હઠો. પણ કદાચ રાવણ પણ તમારે શરણે આવી જાય તો તેને તમે શું આપશો ?''

ઘડીનોય વિલંબ કર્યા સિવાય ભગવાન રામચંદ્ર બોલી ઊઠ્યા : ''તને ખબર છે ભાઈ ! કે જેમ રામનું બાણ એક છે, તેમ રામનું વચન પણ એક છે. લંકાનું રાજ્ય તો વિભીષણ માટે નક્કી થઈ ગયું. હવે વિભીષણની જેમ રાવણ પણ જો શરણે આવી જાય તો વિભીષણ પાસેથી હું લંકાનું રાજ્ય પાછું નહીં માગું, બલ્કે મારું અયોધ્યાનું રાજ્ય રાવણને સોંપી દઈ હું પોતે અરણ્યનું સામ્રાજ્ય ભોગવીશ.''

ત્રિલોકના નાથ રઘુપતિ રાજા રામ હૃદયથી સાવ નિઃસ્પૃહ હતા તેથી જ આટલા સહજ ભાવે દુશ્મનને પણ પોતાનું રાજ્ય આપી દેવા તૈયાર થઈ શક્યા. સત્તા કે રાજપદ અંગેની નિઃસ્પૃહતા, અનાસક્તિ જ જીવનને મહાસત્તાના એક એવા આસન પર બેસાડી દે છે જ્યાંથી કોઈ ખસેડી શકતું નથી. યુગોના યુગો વીતી ગયા, હજારો રાજાઓ પૃથ્વી પર આવ્યા અને ગયા, પણ ભારતની જનતા એક જ રાજાને જાણે છે. અને તે રાજા રામ ! આજે પણ તે સતત રાજા રામનું રટણ કરે છે, તેનું એકમાત્ર કારણ છે કે રાજા રામનું મન સત્તા સંપત્તિ માટે જળકમળવત્ હતું. એટલા જ ખાતર આજે તેઓ લોકહૃદયના સિંહાસને અડોલ બનીને બિરાજે છે. અને સર્વસત્તાધીશ બનવાની ગુરુચાવી ચીંધે છે.

❖

**મારી પાસે એક દીવો છે જે મને રાહ દેખાડે છે અને તે છે મારો અનુભવ.**

**- પેટ્રિક હેનરી**

સ્થાન અશોકવાટિકાનું, પણ અશોકવૃક્ષ હેઠળ બેઠી છે શોક અને સંતાપની સાકારમૂર્તિ સમી સીતા ! ચોમેર રાક્ષસીઓથી ઘેરાયેલી. બસ, વચ્ચે - વચ્ચે અસુરસમ્રાટ રાવણ આવીને રામજીની ભરપૂર નિંદા કરીને શોકમયીના દુઃખને વધારી જતો.

એક વખતે સીતાજીની ચોકી કરતી રાક્ષસીઓએ સીતાજીને પૂછ્યું : ''તમે મહારાજાધિરાજની આટલી નાનકડી વાત માની લેતાં કેમ નથી ? અહીં પણ તમે તો રાણી જ બનવાના છોને ! રામની સાથે તો તમારે વનવાસ વેઠવો પડ્યો, જ્યારે અહીં તો તમને સુખ જ સુખ છે ! તમે એમની વાત નથી સ્વીકારતાં એટલે તમને પાછા મેળવવા રામચંદ્રજી યુદ્ધે ચઢશે. બેઉ પક્ષે બળિયા યોદ્ધા, પરિણામે લાખો જાન જશે અને લાખો સ્ત્રીઓ વિધવા બનશે અને અસંખ્ય બાળકો અનાથ બનશે ! જો તમે રાવણરાજાની વાત સ્વીકારી લો તો મહાસંહાર અટકી જશે અને સ્ત્રીજાતિ પર કેવડો મોટો ઉપકાર થશે ! શું આટલી દીવા જેવી સાફ વાત તમારા ધ્યાનમાં નથી આવતી ?''

ત્યારે સીતાજીએ એ રાક્ષસીને સામે સવાલ કર્યો : ''હું રાવણની દુષ્ટ માંગણી સ્વીકારીને એને આધીન થઈ જઉં તો નરસંહાર તો અટકે, પણ પછી મારા જેવી પરિસ્થિતિમાં મુકાયેલી સ્ત્રીઓ મારું દૃષ્ટાંત સ્વીકારીને પરપુરુષને વશ થઈ કુલટા બની જશે, તેનું શું ? એક તરફ લાખો લોકોની જાનહાનિ છે, તો બીજી બાજુ નીતિ - સદાચારનો સત્યાનાશ થાય છે ! બેમાંથી કયો વિકલ્પ વધારે નુકસાનકારક છે ? સમાજ લાખો વિધવાઓ પસંદ કરશે કે કરોડો કુલટાઓ ?''

સીતાની વાતમાં સચોટ સચ્ચાઈ ઝળહળતી જોઈ રાક્ષસીઓ ચૂપ થઈ ગઈ ! ❖

રામ, લક્ષ્મણ અને સીતાને કોણ ન જાણે ? અયોધ્યાના રાજા દશરથના વહાલા વહાલા દીકરા તે રામ અને લક્ષ્મણ અને રામજીનાં પત્ની તે સીતાજી.

માતા કૈકેયીએ રામને ચૌદ વર્ષ વનવાસ વેઠવાનું રાજા દશરથ પાસે વચન માગ્યું, એટલે રામ તો પિતાની આજ્ઞા પાળવા તરત જ વનમાં જવા તૈયાર થઈ ગયા. સીતાજી કહે : ''જ્યાં પ્રકાશ ત્યાં પડછાયો, જ્યાં રામ ત્યાં હું.'' અને એ પણ વનમાં જવા તૈયાર થઈ ગયાં. ત્યાં નાના ભાઈ લક્ષ્મણને ખબર પડી. એ તો કહે : ''મારો જન્મ જ મોટા ભાઈની સેવા માટે થયો છે. એ જંગલમાં ફરે અને હું મહેલોમાં વસું એ તો અશક્ય ! જ્યાં સ્વામી, ત્યાં સેવક !''

આમ રામ, સીતા અને લક્ષ્મણ ત્રણેય વનવાસે ગયાં. જંગલમાં રોજ ચાલતાં ચાલતાં આગળ વધે. નદી જુએ ત્યાં પાણી પીએ. બપોર થાય ત્યારે ઝાડ પરનાં ફળ તોડીને પેટ ભરે અને સમી સાંજે મોટા પથ્થર જેવું કાંઈ મળી જાય તો ત્યાં રોકાઈ રાતવાસો કરે.

આવી રીતે ચાલતાં ચાલતાં તેઓ જંગલના ખૂબ અંદરના ભાગમાં પહોંચી ગયાં. હવે તો સૂરજ પણ માથે ચડી ગયો હતો અને સીતાજીના પગ પણ દુઃખતા હતા. થોડીવારે સીતાજી કહે : ''ભાઈ લક્ષ્મણ, મને તરસ લાગી છે. નજીકમાં કાંઈ નદીનાળું કે ઝરણું હોય તો ઘડીક વિસામો ખાઈએ.''

લક્ષ્મણે તરત જ ઝાડ પર ચડીને ચારેકોર નજર ફેરવી. ક્યાંય પાણીનાં દર્શન ન થયાં. નીચે ઊતરીને કહે : ''ભાભી, થોડું ચાલીએ. આગળ ક્યાંક વહેળો જરૂર મળી જશે.''

વળી સીતાજીએ ચાલવાનું શરૂ કર્યું. હવે તો ચાલવામાં ઝડપ પણ નહોતી રહી, ત્યાં પગમાં કાંટો વાગ્યો. તરત જ લક્ષ્મણજીએ કાંટો કાઢી નાંખ્યો. વળી રામજીનો હાથ પકડી સીતાજી ચાલવા લાગ્યાં.

આમ ને આમ કલાક વીતી ગયો. હવે સીતાજીથી રહેવાતું નહોતું. ગળું સુકાતું હતું. 'ભૈયા, પાણી !' એમ વચ્ચે વચ્ચે બોલી માંડ ડગ બે ડગ આગળ ભર્યે જતાં હતાં. લક્ષ્મણજી પણ વચ્ચે વચ્ચે ઝાડ પર ચડી પાણીની તપાસ કરી લેતા હતા, પાણી ન જોતાં એમના ચહેરા પર નિરાશા અને ચિંતાનાં વાદળ ઘેરાઈ જતાં.

એટલામાં અચાનક એક ઝાડ પરથી એક મોર ઊડતો ઊડતો નીચે આવ્યો. સીતાજીની સામે આવીને ઠુમ્મક્, ઠુમ્મક્ નાચવા લાગ્યો. મોરને જોઈને સીતાજી તો ખુશ ખુશ થઈ ગયાં. મોર નાચતો નાચતો થોડે થોડે આઘે જવા લાગ્યો. થોડે દૂર જઈને મીઠો ટહુકો કરીને મોરે પોતાનું એક સુંદર પીંછું ખેરવ્યું. સીતાજીએ દોડીને એ પીંછું પોતાના હાથમાં લઈ લીધું. વળી પાછો મોર નાચતો નાચતો થોડે દૂર ગયો અને એક પીંછું ખેરવ્યું. સીતાજી મોરની પાછળ ગયાં અને બીજું પીંછું પણ લઈ લીધું. આમ, મોર નાચતો નાચતો આગળ વધે, એકેક પીંછું ખેરવતો જાય અને સીતાજી પાછળ દોડીને પીંછાં ભેગાં કરે. રામ અને લક્ષ્મણ સીતાજી અને મોરની આ સાતતાળી જોઈ આનંદ પામતાં પામતાં આગળ વધ્યે જતાં હતાં. આમ ને આમ મોરની પાછળ ચાલતાં ચાલતાં ત્રણેય ઘણા આગળ નીકળી ગયાં. થાકીને લોથપોથ થઈ ગયેલાં સીતાજીને જાણે નવા પ્રાણ આવ્યાં હોય તેમ તેઓ ભૂખ - તરસ બધું જ વીસરી ગયાં.

મોર પોતાનાં પીંછાં ખેરવતો ખેરવતો - સીતા, રામ અને લક્ષ્મણને લલચાવતો લલચાવતો આગળ ને આગળ વધી રહ્યો. છેક છેલ્લું પીંછું બાકી રહ્યું ત્યાં લક્ષ્મણજીની નજર એક વહેળા પર પડી. તે જોઈ તેમનો ચહેરો હસી ઊઠ્યો : ''અરે, ત્યાં પાણીનું નાનકડું વહેળું દેખાય ! ચાલો, પાણી પીએ.''

રામજી તો મોરભાઈની ચાલાકી ક્યારનાય સમજી ગયા હતા. પણ સીતાજીને હવે સમજાયું કે એકેક પીંછું આપવાને બહાને મોરભાઈએ અમને પાણી સુધી પહોંચાડ્યાં છે ! આભારની લાગણી

સાથે સીતાજીએ મોરને ખૂબ વહાલ કર્યું. પછી તો રામજીએ ખોબલા ભરી ભરીને સીતાજીને પાણી પાયું અને પછી પોતે પણ ધરાઈને પાણી પીધું.

પાણી પીને સીતાજી મોરની પીઠે હાથ ફેરવવા લાગ્યાં. ત્યાં પોતાનું છેલ્લું પીંછું ખેરવી ભગવાન રામ પાસે આવી મોર બોલ્યો : 'પ્રભુ ! બધાં પીંછાં તો માને આપ્યાં પણ આ એક છેલ્લું પીંછું તમારે માટે છે. તમે એને સ્વીકારો અને મારો જન્મ ધન્ય કરો !''

ત્યારે રામજીએ કહ્યું : ''વહાલા મોરલા, તારી સેવા અને ભક્તિની હું કદર કરું છું. કસોટીની પળે તું અમારી વહારે આવ્યો છે. તેં આ વહેળો ન બતાવ્યો હોત તો ન જાણે, અમારે કેટ કેટલું રખડવું પડત ! એટલે અમારા ઉપર તારો બહુ મોટો ઉપકાર છે. તારું પીંછું હું જરૂર સ્વીકારત; પણ ભાઈ, આ જન્મે તો મેં મારા હાથમાં ધનુષ-બાણ સ્વીકારી લીધાં છે. પરંતુ ભાઈ, હું તને વચન આપું છું કે મારા આવતા અવતારે તારું પીંછું હું જરૂર ધારણ કરીશ. તેને ધારણ તો કરીશ જ; પણ એવું ઊંચું સ્થાન આપીશ કે મારા દેહ પર એનાથી ઊંચું બીજું કશું નહીં હોય !''

અને આપણે સૌ જાણીએ છીએ કે ત્યાર પછીના અવતારે ભગવાન કૃષ્ણ બનીને અવતર્યા. નાનપણમાં કૃષ્ણે હાથમાં બંસરી લીધી; પણ મોટા થયા પછી આખા વ્રજ - વૃંદાવનને ઘેલી કરતી એ બંસરી છૂટી ગઈ પરંતુ કૃષ્ણના મુગટનું મોરપીંછ ? કદીય ના છૂટ્યું. સતત કૃષ્ણની સાથે ને સાથે ! અંતિમ ઘડી સુધી. કૃષ્ણનો મુગટ મોરમુગટ કહેવાયો અને એ મુગટની શોભામાં ચાર ચાંદ લગાવતું પેલું મોર પીંછ ! મોરપીંછમાં વચ્ચોવચ્ચ એક સુંદર ચાંદલો છે ! એ ચાંદલામાં એક ચમકાર છે, તે તમને દેખાય છે ? મને તો એમાં પેલા રામાવતારના મોરની આંખ દેખાય છે અને એ આંખમાં દેખાય છે ભગવાનની કરુણા ! ❖

પાંડવોનું ગુરુદ્રોણ પાસે શિક્ષણ ચાલી રહ્યું હતું. આ શિક્ષણ સર્વાંગી હતું. ધનુર્વિધાની સાથોસાથ અધ્યાત્મવિદ્યા પણ શિખવાડાતી હતી. આરંભમાં નૈતિક શિક્ષણની દૃષ્ટિએ ગુરુએ શિષ્યોને બે પાઠ આપ્યા - ''ભલું કરવાની ઈચ્છા રાખો'' અને ''ક્રોધ પર સંયમ રાખો.'' ગુરુએ બીજા દિવસે શિષ્યોને પૂછ્યું કે ''ગઈ કાલનો પાઠ યાદ કરી લાવ્યા છો ?'' તો બધા શિષ્યોએ એક સ્વરમાં કહ્યું : ''જી હા !'' પરંતુ જ્યેષ્ઠ પાંડવપુત્ર યુધિષ્ઠિર અન્ય વિદ્યાર્થીઓ સાથે 'હા' માં 'હા' મિલાવી શકતા નહીં. આમ ને આમ ચાર-પાંચ દિવસ વીતી ગયા, છતાંય યુધિષ્ઠિરની 'ના' ની 'હા' થાય નહીં. આથી ગુરુ ગુસ્સે થઈ ગયા અને બોલી ઊઠ્યા : ''બધા વિદ્યાર્થીઓને આ યાદ રહી ગયું છે અને તને કેમ યાદ નથી રહેતું ? તું આટલો ઠોઠ હોઈશ, તેની મને લગીરે કલ્પના નહોતી !''

ત્યારે ધીરે રહીને યુધિષ્ઠિરે કહ્યું : ''આપે બે આજ્ઞા આપી છે. 'ભલું કરવાની અને ગુસ્સે નહીં થવાની.' આ બેય બાબતો હું આત્મસાત્ કરતો જઉં છું. મારો પ્રયત્ન ચાલુ છે અને મને વિશ્વાસ છે કે થોડા વખતમાં આ બેય આજ્ઞાનું હું સો ટકા પાલન કરી શકીશ, ગુરુદેવ ! કૃપા કરીને મને થોડી વધુ મહેતલ આપો !''

ગોખણિયું કે શાબ્દિક શિક્ષણ જુદી વસ્તુ છે અને ગુણવિકાસ એ જુદી વસ્તુ છે. માણસ હજારો થોથાં ઉથલાવીને પંડિત બની શકે, પણ કેળવાયેલો માણસ તો તે જ કહેવાય, જે સદ્ગુણી હોય ! આ ગુણોને કારણે જ યુધિષ્ઠિર મહારાજ ધર્મરાજ બની શક્યા.

❖

## ૭ આહાર તેવો ઓડકાર

મહાભારતનું યુદ્ધ ચાલુ છે. બંને પક્ષોના ચુનંદા રથી-મહારથીઓ એક પછી એક લડાઈમાં હોમાતા જાય છે. દિવસ આખો આંખ મીંચીને દુશ્મનને પરાભવ આપવામાં વીતી જાય છે અને સાંજ પડ્યે 'હાથમાં શું આવ્યું' નો હિસાબ મંડાય છે ત્યારે હૃદયમાં નર્યા વિષાદ સિવાય કશું જ અંકે થતું નથી; અને સૌ પોતપોતાની છાવણીમાં હાથ મસળતા નવાં આયોજનો કરતા રહે છે.

છેવટે વારો આવે છે ભીષ્મનો. પરંતુ જિંદગીમાં કદીય જેણે હાર ખાધી નથી તે ભીષ્મ અર્જુનનાં બાણો પાસે ઝાંખા પડે છે. કૌરવોની સેનાનું તો હવે જાણે નિકંદન નીકળવા બેઠું છે. દુર્યોધન મૂંઝાય છે, કાંઈ જ રસ્તો સૂઝતો નથી. હવે તો એટલા બધા આગળ વધી જવાયું છે કે પાછી પાની કરવાનો કશો અર્થ જ નથી. દિવસે કુરુક્ષેત્રનું મેદાન એ સામસામે ઊભેલા દુશ્મનો માટે લડવાનું મેદાન છે; પણ આ યુદ્ધની ખૂબી એ હતી કે રાત્રે આ મેદાનમાં જ ઊભેલી છાવણીઓ દુશ્મનની છાવણી ન રહેતાં ક્યારેક ભાઈઓની છાવણી બની જતી !

એક રાતે દુર્યોધન યુધિષ્ઠિર મહારાજ પાસે તંબુમાં આવે છે. મોટાભાઈ નાનાભાઈને આવકારે છે અને આવવાનું કારણ પૂછે છે, ત્યારે દુર્યોધન કહે છે : ''મોટાભાઈ, મારું મન મૂંઝાય છે. તમે સત્યવક્તા છો, માટે સાચું કહો કે ભીષ્મ પિતામહ મન મૂકીને કેમ લડતા નથી અને અર્જુન સામે બાથ ભીડીને અમારી સેનાને બચાવી લેતા કેમ નથી ? એમની કોઈ મનચોરી છે ?''

''દુર્યોધન, આ તો સીધુંસાદું ગણિત છે. પિતામહ જાણે છે કે સત્ય અને ન્યાય પાંડવોના પક્ષે છે, તેથીસ્તો એ પાંડવો પર દિલ દઈને પ્રહાર કરી શકતા નથી. એમનો અંતરાત્મા જાગ્રત છે.'' યુધિષ્ઠિર મહારાજે સાફ વાત જણાવી.

"તો પછી તેઓ દિલ દઈને લડે તે માટે શું કરવું ?" દુર્યોધન પૂછે છે અને ઉદારચરિત યુધિષ્ઠિર મહારાજ એનો જવાબ આપે છે : "દુર્યોધન, માણસની વિવેકબુદ્ધિ ન હરાય અને બુદ્ધિમાં ભ્રમ પેદા ન થાય ત્યાં સુધી એની ન્યાયબુદ્ધિમાં ફરક કેવી રીતે પડે ?"

"તેમની બુદ્ધિમાં ભ્રમ કેવી રીતે પેદા થાય ?" - દુર્યોધન જાણે આજે 'આ પાર કે પેલી પાર' કરી લેવાનો નિશ્ચય કરીને આવ્યો હતો.

"જે દુષ્ટના હાથે અન્ન ખાય તેની બુદ્ધિ ભ્રમિત થાય."

"મહારાજ, તમે કહો છો તેવો દુષ્ટ કોણ હોઈ શકે ?"

"તારાથી વધારે દુષ્ટ મનુષ્ય બીજો કોણ મળશે ?"

યુધિષ્ઠિરે મર્મ પર પ્રહાર કર્યો હતો, પણ દુર્યોધન ત્યારે સ્વાર્થથી અંધ હતો. એને તો એક જ ધૂન હતી કે પાંડવોને ભોંયભેગા કેમ કરવા. એટલે યુધિષ્ઠિર પાસેથી શાસ્ત્ર સમજી લઈ ઊઠીને એ ચાલતો થયો.

ભીષ્મ પિતામહનો નિયમ હતો કે યુદ્ધ બંધ થાય ત્યારે પોતાના તંબુમાં સ્નાનાદિ પતાવી, પૂજાપાઠ કરે. પૂજા દરમ્યાન જ નોકર ભોજનનો થાળ લઈને પાછળ આવી ઊભો રહે. ભીષ્મ પાછળ હાથ લંબાવે અને નોકર તેમના હાથમાં ભોજનનો થાળ મૂકી દે. ભીષ્મ પિતામહ એ થાળ ભગવાનને ધરાવી પછી પોતે જમે અને પછી આરામ કરે.

તે સાંજે દુર્યોધન યુદ્ધ પૂરું થતાં જ ભીષ્મના તંબુમાં પહોંચી ગયો હતો. નોકરને દૂર કરી પોતે જ ભોજનનો થાળ તૈયાર કર્યો અને પિતામહે જ્યારે હાથ લાંબો કર્યો ત્યારે નોકરને બદલે પાછળ ઊભેલા દુર્યોધને હળવેકથી તેમના હાથમાં તે થાળ મૂકી દીધો. ભીષ્મ તો રોજના નિયમ મુજબ ભગવાનને એ થાળ ધરાવી પછી પોતે જમી ગયા. જમીને તેઓ ઊભા થવા જાય છે, ત્યાં દુર્યોધનને જોયો. "કેમ દુર્યોધન, અત્યારે ?"

"પિતામહ, થોડાં લેખાંજોખાં કરવા આવ્યો છું. આપ જુઓ છો

કે યુદ્ધમાં હવે આપણે સતત હાર ખાતા રહીએ છીએ. હમણાં લડવાનો આપનો વારો છે. પણ આપના પેટમાં પાપ છે. આપ અનાજ અમારું ખાઓ છો અને ભલું પાંડવોનું ઇચ્છો છો. એટલે જ આપ મન મૂકીને લડતા નથી. આવું તે કેમ ચાલે ?''

અને ભીષ્મ પિતામહનો મિજાજ હાથમાં ના રહ્યો. પોતાના મન પરનો કાબૂ ગુમાવી બેઠા. થોડી વાર પહેલાં જ પેટમાં ગયેલું અનાજ બોલી ઊઠ્યું : ''દુર્યોધન, તું શું મને કાયર સમજી બેઠો છું ? મારાં બાવડાંની તાકાત તને ખબર નથી. તું મને નમકહરામ ઠેરવવા માગે છે પણ જા, તું આવતી કાલે જોજે કે યુદ્ધના રણમેદાનમાં હું પાંડવોનો કેવો ખાત્મો બોલાવું છું તે !''

અને બીજા દિવસે રણમેદાનમાં ભીષણ યુદ્ધ ખેલાયું. ભીષ્મ પિતામહની ન્યાયબુદ્ધિ પર વાદળો છવાઈ ગયાં અને ત્યાર પછી એ જીવ પર આવી જઈને લડવા લાગ્યા. પછીનો ઇતિહાસ તો પૂરતો જાણીતો છે. પણ આહારની કેટલી બધી અસર માનવચિત્ત પર થાય છે, તેનો આ એક નમૂનો છે. 'આહાર તેવો ઓડકાર'ની કહેવત તો જાણીતી છે. ગીતામાં પણ કહેવાયું છે કે સત્ત્વશુદ્ધિ માટે આહારશુદ્ધિ હોવી જરૂરી છે. ભારત અતિ પ્રાચીન દેશ છે. બીજું કશું એની પાસે ન હોય તો ભલે, પણ અનુભવોની તો એની પાસે ખાણો છે. એ અનુભવોના આધારે સમગ્ર જીવનનું એક શાસ્ત્ર અહીં ઊભું થયું છે, અને તેમાં આહારવિહારના યમ-નિયમ પણ સૂચવાયા છે. આજે એ બધું કોરાણે મૂકી પશ્ચિમનું અંધ અનુકરણ કરી નવી યુવા પેઢી ઈંડાં અને માંસમચ્છી તરફ આગળ વધી રહી છે, ત્યારે આપણા પુરાણપુરુષોના અનુભવ-જન્ય નિષ્કર્ષોને એ ચકાસી જુએ તે ખૂબ જરૂરી છે. કેવળ શારીરિક કે ભૌતિક વિકાસ એ તો રાક્ષસી સંસ્કૃતિનું ઘાતક છે; માનવીય સંસ્કૃતિનું સોપાન ચઢવા માટે તો દેહ, મન, બુદ્ધિ, ચિત્ત અને હૃદય સમેતનો સર્વાંગી વિકાસ જ નજર સામે રહે તે ઇષ્ટ છે. ❖

મહાભારતની લડાઈ પૂરી થઈ ગઈ. પાંડવો જીત્યા, કૌરવો હાર્યા. પણ આ જીતની કોઈને ખુશી નહોતી. બધે જાણે સોપો પડી ગયો હતો. રણમેદાનમાંથી ભગવાન કૃષ્ણ અને અર્જુન રથમાં બેસીને પાછા આવી રહ્યા હતા. રસ્તામાં ભગવાન અર્જુનને રથમાંથી નીચે ઊતરવાનું કહે છે. અર્જુનને થાય છે કે ખરો છે આ મારો સારથિ ! ભરજંગલમાં પોતે રથમાં બેસી રહે છે અને મને હેઠો ઉતારે છે ! અર્જુનનું મન બગડી જાય છે, પણ કંઈ બોલ્યા વગર ચૂપચાપ નીચે ઊતરી જાય છે. થોડી વારે ભગવાન પણ નીચે ઊતરી જાય છે. પણ આ શું ? જેવા ભગવાન નીચે ઊતર્યા કે તરત જ બીજી પળે આખો રથ સળગીને રાખ થઈ જાય છે ! અર્જુન તો આભો થઈને ઝંખવાણો પડી જાય છે. પ્રભુને પૂછવા જેવું પણ જાણે કંઈ રહ્યું નથી. તોય ભગવાન અર્જુનના મનનું સમાધાન કરે છે : ‘‘ભાઈ, ભીષ્મદાદાનાં બાણોથી આ રથ ક્યારનોય તૂટુંતૂટું થઈ રહ્યો હતો. એમાંથી આગના તણખા ઊડતા હતા, પણ જ્યાં સુધી હું બેઠો હતો ત્યાં સુધી એને આંચ આવી શકે તેમ નહોતું. હું ઊતર્યો કે તરત જ ભીષ્મદાદાનાં બાણે કામ સાધી લીધું. એટલા જ ખાતર મેં તને પહેલાં નીચે ઊતરવા કહેલું. તું સલામત રીતે ઊતરી ગયો ત્યાર પછી જ મેં ઊતરવાનું નક્કી કરેલું.’’

જ્યાં સુધી સમાજના કે રાષ્ટ્રના રથમાં નીતિ, સદાચાર જોડાયેલાં રહેશે, ત્યાં સુધી દેશ સલામત રહેશે. જે ક્ષણે દેશના નાગરિકમાંથી નીતિ વિદાય લેશે, તેવો જ રાષ્ટ્રરથ સળગીને રાખ થઈ જશે. ભગવાન કૃષ્ણ એ નીતિ, સદાચાર, આપણી અંદર બેઠેલા આતમરામને અવતારવા આ ધરતી પર જન્મ્યા હતા. આસુરી બળને હંફાવવા, હરાવવા એમનું હોવું અનિવાર્ય હતું. આપણા યુગમાં પણ આપણી અંદર બેઠેલા માધવને જગાડવો પડશે અને ધુરા એના હાથમાં સોંપવી પડશે. જ્યાં ભગવાન પોતે સારથિરૂપે હશે, ત્યાં રથસહિત સૌ કોઈ હેમખેમ રહેશે, ભક્ત અર્જુનની જેમ ! ❖

## ૯ કોળિયામાંથી કોળિયો કાઢે તે યજ્ઞવીર

મહાભારતની આ ઘટના છે. કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થઈ ગયું હતું અને યુધિષ્ઠિર મહારાજે હસ્તિનાપુરનું રાજ્યપદ ગ્રહણ કરીને અશ્વમેઘ-યજ્ઞનું અનુષ્ઠાન આરંભી દીધું હતું. દેશના ખૂણે ખૂણેથી યજ્ઞમાં હાજરી આપવા સાધુ - સંતો, ગરીબ - ગુરબાં, અમીર - ફકીર તથા અનેક વિદ્વાન તપસ્વી લોકો આવી પહોંચ્યા હતા.

યજ્ઞના છેલ્લા દિવસે એક મોટો નોળિયો અચાનક યજ્ઞશાળામાં આવી પહોંચ્યો. આ નોળિયાનો દેખાવ અદ્‌ભુત હતો. એનું અડધું શરીર સોનાનું હતું અને બાકીનું સર્વસાધારણ ! હાજર લોકો આંખો ફાડી ફાડીને એને જોવા લાગ્યા. એ નોળિયાએ સૌને સંબોધીને કહ્યું : ‘‘હે સજ્જનો ! આ યજ્ઞમાં પધારીને તમે સૌ પોતાને ધન્ય ધન્ય સમજતા હશો કે પૃથ્વી પરના એક અજોડ યજ્ઞમાં તમે સહભાગી બન્યા. પરંતુ આ યજ્ઞ હજુ પરિપૂર્ણ નથી થયો. એની કસોટી તો હજુ હવે થશે. તમે સૌ મારા સોનેરી અર્ધાંગને જોઈ રહ્યા છો, હજુ મારું બીજું અર્ધાંગ સોનાનું થવાનું બાકી છે. હું ઇચ્છું છું કે હું આખો ને આખો, સંપૂર્ણપણે સુવર્ણમય બનું !’’

ત્યારે એક જણે પૂછ્યું : ‘‘તમે તમારા બાકી અંગને સોનેરી કેવી રીતે બનાવશો ?’’ ત્યારે નોળિયાએ કહ્યું : ‘‘આ મારું સોનાનું અર્ધાંગ એક બ્રાહ્મણ પરિવારે કરેલા મહાયજ્ઞમાં પરિવર્તિત થયેલું. હવે હું ઇચ્છું છું કે બાકીનું શેષાંગ એવા જ કોઈ મહાયજ્ઞની ભભૂતીમાં રગદોળાઈને સોનાનું કરું ! મારા એ પહેલા યજ્ઞને તો ઘણાં વર્ષો થઈ ગયાં, ત્યાર પછી ઘણા યજ્ઞોની રાખમાં મેં મારું શરીર રગદોળી જોયું, પણ હજુ સુધી મારું કાર્ય અધૂરું જ છે !’’

‘‘પણ એ પહેલા યજ્ઞમાં એવી તે શી ખૂબી હતી કે એની રાખને કારણે તમને આ અદ્‌ભુત પરચો મળ્યો ?’’ લોકોએ પૂછ્યું.

ત્યારે નોળિયાએ વિગતો કહી : ‘‘એમાં એવું છે કે અગાઉ આ

જ કુરુક્ષેત્ર પ્રદેશમાં એક ભિક્ષુક બ્રાહ્મણ ખેતરમાં વેરાયેલા પડેલા દાણા વીણી વીણીને પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતો હતો. એક વાર અનાવૃષ્ટિને કારણે ભારે મોટો દુકાળ પડ્યો. ખેતરમાં કશું ઊગ્યું જ નહીં, ત્યાં બ્રાહ્મણ દાણા ક્યાંથી વીણે ? એક વાર કેટલાંય ખેતર ખૂંદી વળ્યો ત્યારે માંડ શેર જેટલું અનાજ ભેગું કરી શક્યો. એનો લોટ દળીને કુટુંબના ચારેય સભ્યો જમવાની તૈયારી કરતા હતા, ત્યાં એક ભિક્ષુક બારણે આવી પહોંચ્યો. એટલે બ્રાહ્મણે પોતાના ભાગનો રોટલો એમને આપી દીધો. ભિક્ષુક એ ખાઈ ગયો, પણ સંતોષ ન થયો, એટલે બ્રાહ્મણની પત્નીએ પોતાના ભાગનો રોટલો પીરસી દીધો. એટલાથીય ભૂખ ન શમી, એટલે બ્રાહ્મણ પુત્ર તથા એની પત્નીએ પોતપોતાના ભાગના રોટલા અતિથિની થાળીમાં પીરસી દીધાં. જમીને તૃપ્તિનો ઓડકાર ખાતાં અત્યંત પ્રસન્નતાપૂર્વક કહ્યું : ‘‘તમારું આજનું અન્નદાન નિરાળું હતું. મોટા ભાગે, ભૂખને કારણે લોકોની વિવેકબુદ્ધિ હણાઈ જતી હોય છે, પરંતુ તમારા આખા કુટુંબે ધીરજ કાયમ રાખી વિવેક દાખવી બધું ભોજન ભિક્ષામાં પીરસી દીધું. તમારો આ યજ્ઞ રાજસૂય કે અશ્વમેઘ યજ્ઞથી પણ અતિમહાન છે.’’ - આમ કહીને આશીર્વાદ આપીને એ ભિક્ષુક બ્રાહ્મણ તો ચાલ્યો ગયો. હું દૂર ઊભો ઊભો આ બધું દૃશ્ય જોઈ રહ્યો હતો. રસોડામાં મેં જોયું તો પેલા રોટલાનો થોડો લોટ જમીન પર વેરાયેલો હતો. ત્યાં જઈને હું લોટ ખાવા ગયો ત્યાં મારું લોટમાં પડેલું શરીર સોનેરી બની ગયું. લોટ જ ઓછો હતો, એટલે આખું શરીર ક્યાં રગદોળું ? બસ, ત્યાર પછી એવા યજ્ઞશેષની વાટમાં છું, જે મારા બાકીના અંગને સોનાનું કરે ! ધર્મરાજની કીર્તિ સાંભળીને અહીં આવ્યો છું ! હવે જોઈએ, એમાં કેટલું તથ્ય છે !’’

કહીને નોળિયો યજ્ઞભૂમિની રાખમાં આળોટવા લાગ્યો, પણ બધાએ જોયું કે બાકીનું અર્ધાંગ તો સોનાનું ન જ થયું. ત્યારે નોળિયો બોલ્યો : ‘‘આજે મને ભાન થાય છે કે પેલા બ્રાહ્મણનો એ શેરભર લોટ કેટલો અણમોલ હતો !’’

❖

ઘણાં ઘણાં વર્ષો પહેલાંની વાત. ત્યારે ભારતભૂમિ પર પરીક્ષિત રાજા રાજ્ય કરતા હતા. દ્વાપરયુગ પૂરો થતો હતો, તે વેળાની આ વાત છે. એક યુગ પૂરો થાય, એટલે બીજો યુગ સામે આવીને ઊભો રહે. કળિયુગ બારણાં ખખડાવી સામે આવીને ઊભો રહ્યો. પણ રાજા સમજુ હતા. એમણે તો કળિયુગને દાખલ થવાની ઘસીને ના પાડી દીધી.

પણ સામે કળિયુગ પણ ભારે લપિયો. કેમે કર્યો ખસે જ નહીં. કહે કે હું તો ભગવાનનો મોકલેલો અહીં આવ્યો છું. એમ મને પાછો મોકલો તે ન ચાલે. મને રહેવાનું કાંઈક ઠામ તો આપવું જ જોઈએ.

રાજાએ ઘણી રકજક કરી, પણ બારણે પૂગી ગયેલો કળિયુગ એમ ઠાલો પાછો જાય તેવું ના લાગ્યું. એટલે વચન આપીને રાજાએ પૂછ્યું : ''વારુ, તું ક્યાં રહેવા માગે છે ?''

કળિએ કહ્યું : ''જુઓ મહારાજા ! હું તમને ઝાઝું નહીં કનડું, પણ તોય રહેવાનાં મને છ ઠામ તો દેવાં જ પડશે.''

''કયાં છ ઠામ ?'' રાજાએ પૂછ્યું.

કળિએ જવાબ દીધો : ''જુઓ એક તો, જ્યાં જુગાર ખેલાતો હોય; બે, જ્યાં દારૂ પિવાતો હોય; ત્રણ, જ્યાં સોનું ઘડાતું હોય; ચાર, જ્યાં ક્રૂર વેપાર ચાલતો હોય; પાંચ, જ્યાં સ્ત્રીના દેહનું લીલામ થતું હોય અને છ, જ્યાં હિંસાત્મક રમતો રમાતી હોય.

રાજા વચને બંધાઈ ગયેલા એટલે કળિયુગની આટલી વાત એને માનવી પડી. અને આવી રીતે કળિયુગે આ પૃથ્વી પર પગપેસારો કરીને ધીરે ધીરે પોતાની જાળ ચારે કોર ફેલાવવા માંડી. આજે પણ એ છ ઠામમાં કળિયુગનો પ્રભાવ વિશેષ રૂપમાં જોવા નથી મળતો ? ❖

## ૧૧ હરિ આવે આધે નામ

ઊંડા આર્તસ્વરથી પ્રભુને પોકારાય તો પ્રભુ પાપીઓને પણ તારે છે, એવું આશ્વાસન સંતોનાં અનેક ભજનોમાં આપણને જડે છે. આવા પાપીઓની યાદીમાં 'અજામિલ'નું નામ લેવાય છે ! હતો તો એ પાપી અને છતાંય ભક્તોની હરોળમાં ગોઠવાઈ ગયો, એવું તે શું હતું એના જીવનમાં !

કાન્યકુબ્જ નગરમાં રહેનારા આ અજામિલની વેદશાસ્ત્રોમાં પારંગત, સદાચારી સાધુપુરુષ તરીકેની પ્રતિષ્ઠા હતી. એના બારણેથી કોઈ પણ અતિથિ ખાલી હાથે પાછો ફરતો નહોતો.

એક વાર અજામિલ જંગલમાંથી સમિધ તથા દર્ભ લઈને પાછા આવી રહ્યા હતા, ત્યાં એમના કાન પર સંગીતના મધુર સ્વર પડ્યા. પાછળ વળીને જોયું તો એક વટવૃક્ષ નીચે કોઈ શ્યામસુંદર સ્ત્રી સુમધુર કંઠે ગીત ગાઈ રહી હતી. જેવો સુરીલો કંઠ, તેવું જ સુંદર રૂપ. અજામિલ તો પરવશ બનીને ત્યાં અટકી ગયો.

ત્યાં અંદરથી અવાજ સંભળાયો : "અરે, અજામિલ ! આ શું ? તું તો વેદપાઠી, સંયમશીલ બ્રાહ્મણ ! એક પત્નીનિષ્ઠા તારું વ્રત અને આ સામે બેઠી ગાય છે તે તો વેશ્યાપુત્રી ! પાછો ફર તારે ઘેર ! અહીં તારું કામ નથી !"

અને વિષ્ણુસહસ્રનામનો જાપ આરંભી અજામિલ દોડતો દોડતો ઘેર ભાગી આવ્યો. સાંજનું ભોજન પણ છોડી દીધું. પણ રાતે કેમે કરી ઊંઘ ન આવે ! એક પહોર વીતી ગયો અને એ પથારીમાં પડખાં ઘસતો રહ્યો. પણ અંતે રહેવાયું નહીં. તે પટારામાંથી સોનાના અલંકારો કાઢી પેલી વેશ્યાપુત્રીના ભવન ભણી દોડી ગયો.

અડધી રાતે બારણે ટકોરા સાંભળી પેલી વેશ્યાપુત્રીને નવાઈ તો લાગી, તેમાંય બારણું ખોલી સામે તપસ્વી બ્રાહ્મણને જોયા તો ભારે અચરજ થયું ! ઘડીભર તો વિમાસતી રહી કે આવકારું કે ન આવકારું ! પણ સામે ઊભેલા અજામિલ અંદર આવવા તત્પર હતા. બસ, ઘડી ચુકાઈ ગઈ અને પળમાં એવો વિનાશ સર્જાઈ ગયો, જેમાંથી સર્વનાશ જ સંભવી શકે. ધીરે ધીરે અજામિલ પોતાની વાસનાના પાશમાં એવા બંધાઈ ગયા કે નગર આખું ભૂલી ગયું કે એક સમયે આ માણસ સદાચારી ગણાતો હતો !

હવે તો વાળ પણ ધોળા થઈ ગયા. શરીર સાવ નબળું પડી ગયું. ભર્તૃહરિએ કહ્યું છે તેમ 'भोगे रोग भयं' અતિભોગ રોગને તેડું મોકલે જ છે, એ રીતે આઠેય અંગોમાં આઠ યમદૂતોએ પોતાનો અડ્ડો જમાવી દીધો. અજામિલનાં સંતાનોએ નગરના મોટા મોટા રાજવૈદોને પણ બોલાવી ઉપચાર કરાવ્યા, પણ સૌના હાથ હેઠા પડ્યા. હવે તો આ રોગ પ્રાણ હરવા જ આવ્યો છે, એવી સૌને ખાતરી થઈ ગઈ હતી ! અજામિલે પણ જ્યારે પોતાની સામે જ સાક્ષાત્ મૃત્યુને જોયું ત્યારે એ આખો ને આખો હચમચી ઊઠ્યો જાણે ભીતર એક ભયંકર ધરતીકંપ થયો અને પ્રતિક્ષણ ચોમેરથી પડઘા ઊઠતા રહ્યા .... ''અરે, અજામિલ ! તું યાદ કર ! તું કોણ હતો અને આજે તું શું છે ! ક્યાં ગયાં તારાં જપ-તપ, સ્વાધ્યાય-સાધના, અને સંયમ-સદાચાર અને તું આ પાપકુંડમાં કેવી રીતે ડૂબી બેઠો ? શું મળ્યું તને આ નારકીય સુખોમાં ? હાશ કારો થયો ? શાંતિ મળી ? જંપ વળ્યો ?''

અને જાણે કોઈએ એને સળગતી સગડી પર બેસાડી દીધો હોય તેમ એ શેકાવા લાગ્યો. બહારથી શીતળ કેસર-ચંદનના ઘણાય લપેડા કર્યા, પણ પશ્ચાત્તાપનું આ એવું અગ્નિસ્નાન હતું, જેમાંથી ઊઠતી પ્રત્યેક જ્વાળામાં અજામિલના આખા જીવનની ક્ષણે ક્ષણ જાણે

સળગીને ભસ્મ થઈ રહી હતી. અજામિલની આંખોમાં, આ રાખ થઈ જતી ક્ષણોના પડછાયા જાણે નાચતા હતા. ધીરે ધીરે આખો ભૂતકાળ જાણે ભસ્મીભૂત થઈ નિઃશેષ બની ગયો અને અજામિલ સાવ ખાલીખમ થઈને સાક્ષી બની ગયો. અચાનક આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. પથારીમાં એ પડખાં ઘસતો રહ્યો. સૌ સ્વજન પાસે જ ઊભાં હતાં. અત્યંત આર્ત સ્વરે અજામિલે પોતાના દીકરાને સાદ દીધો : ''નારાયણ ! નારાયણ ! !'' અને વળતી ક્ષણે પ્રાણ છૂટી ગયા.

મરેલા અજામિલના પ્રાણને લઈ જવા યમરાજના દૂતો તૈયાર જ ઊભા હતા, પણ એમને અટકાવતાં યમરાજાએ કહ્યું : ''દરેક જીવને પોતપોતાના કર્માનુસાર ગતિ આપવાનું કામ મારું છે, એ વાત સાચી. પરંતુ મારી સત્તાને પણ એક મર્યાદા છે, સીમા છે. સૌથી ઉપરની, અંતિમ સત્તા તો પરમેશ્વરની છે ! એ પરમ સત્તા જ અંતિમ નિયંતા છે. અજામિલનું આખું જીવન અને એના જીવનની અંતિમ ક્ષણ - બેય સાવ સામસામે કિનારે ઊભેલા કાળ સમા છે. આ અંતિમ પળ એટલી બધી પ્રાણવાન હતી કે એનું આખું પૂર્વજીવન જોઈ કોઈ ચુકાદો આપવો અન્યાયી ઠરે ! એટલે હવે પરમાત્માને જ નક્કી કરવા દો કે અજામિલને કઈ ગતિ આપવી !

અને પરમ સત્તાએ અજામિલને પોતાનાં ચરણોમાં સદ્‌ગતિ આપી ! ભાગવત કથામાં ભગવાન શુકદેવ પરીક્ષિત મહારાજાને અજામિલ-કથાનો મર્મ સમજાવે છે કે ''ભલે આખી જિંદગી મોહમાયા અને દુરાચારમાં જીવ ફસાયેલો રહ્યો હોય, પરંતુ કોઈ ક્ષણે સાચો પશ્ચાત્તાપ જાગી ઊઠે અને આત્મસાક્ષાત્કાર થઈ જાય તો એનો ઉદ્ધાર કરવા પરમ પ્રભુ સદા તત્પર છે ! આ નામસ્મરણનો મહિમા છે !''

❖

આદિ રાજા મનુવર્યના પુત્ર શર્યાતિની કન્યાની આ વાત છે.

એક વાર આ રાજકન્યા પોતાની સહેલીઓને લઈને પિતાની સાથે રથમાં વનવિહાર કરવા નીકળી. જંગલોમાં રખડતાં રખડતાં ખૂબ અંદરના ભાગમાં એક સુંદર આશ્રમ જેવું દેખાયું. દૂરથી ગાઢ ઉપવન વચ્ચે એક નાનકડી મઢૂલી જોઈ રાજકન્યા તો રોમાંચિત થઈ ગઈ. પોતાની સખીઓને લઈને એ દિશામાં દોડવા લાગી. ખુલ્લા વિશાળ આંગણામાં વિવિધ વૃક્ષો અને ફૂલોને નિહાળતાં નિહાળતાં અચાનક એની નજર એક મોટા-પહોળા-ઊંચા રાફડા પર પડી. દૂરથી એની સતેજ નજરમાં ઊધઈના એ રાફડાના ઉપરના ભાગમાં આગિયા જેવાં ચમકતાં બે રત્ન પડ્યાં. એને નવાઈ લાગી. ઉત્સુકતાપૂર્વક એ નજીક ગઈ અને ધ્યાનપૂર્વક ચમકતા પદાર્થને જોઈ રહી, પણ એને કાંઈ સમજાયું નહીં અને શી ખબર શું સૂઝ્યું તે પડખે પડેલા એક કાંટાને ઉપાડી પેલા ઝળહળતા હીરામાં ઘુસાડ્યો અને એને ગોળ ગોળ ફેરવવા લાગી અને થોડીવારમાં એણે જોયું કે પેલા હીરામાંથી લાલ રંગની ધારા નીચે વહેવા લાગી. અરે, આ તો લોહી છે !' એ ચીસ પાડી ઊઠી અને તરત જ બધી સખીઓ દોડીને એને વીંટળાઈ વળી. સૌ કોઈ સામેનું દૃશ્ય જોઈ થથરી ઊઠ્યું. એક સખી દોડીને મહારાજા પાસે પહોંચી અને હકીકત કહીને એમને સાથે લઈ આવી.

રાજા શર્યાતિ સ્થળ પર પહોંચ્યા ત્યાં સુધીમાં તો રક્તધારા વહેતી બંધ થઈ ગઈ હતી અને આગિયાની જેમ ઝબૂકતા પેલા બે દીવડા પણ બુઝાઈ ગયા હતા. સુકન્યાએ રડતાં રડતાં કહ્યું : ''પિતાજી, મેં બરાબર જોયું હતું. સાચે જ બે અત્યંત તેજસ્વી પદાર્થ ચમકી રહ્યા હતા અને હવે એ નથી. નક્કી, આમાં કાંઈ ભેદ છે !'' રાજા પણ ઊંડી ચિંતામાં પડી ગયા. આસપાસના વાતાવરણ પરથી આટલું તો કળાતું

હતું કે આ કોઈ તપસ્વી ઋષિનો આશ્રમ હતો. પરંતુ ચારે કોર તપાસ કરાવી, પણ કોઈ દેખાયું નહીં, એટલે હૃદય આશંકાથી ફફડી ઊઠ્યું. પોતાના સિપાઈઓને પેલો રાફડો ધીરે ધીરે હળવા હાથે તોડવાનું કહ્યું. ધીરે ધીરે માટીનાં ઢેફાં હટતાં ગયાં અને સૌના આશ્ચર્ય વચ્ચે અંદરથી એક માનવાકૃતિ ધ્યાનમાં બેઠેલી જોવા મળી. રાજકન્યા સમેત સૌ હચમચી ગયાં. બધાંને સમજાઈ ગયું કે આ ઋષિવર જ આશ્રમના અધિપતિ છે અને લાંબા સમયથી તપશ્ચર્યામાં બેઠા હશે, જેના પરિણામે ઊધઈઓએ એમના શરીર પર જ પોતાનો રાફડો બાંધી દીધો ! ભય અને ચિંતાથી સૌ ધ્રૂજવા લાગ્યાં.

ઘડી બે ઘડી પસાર થઈ ગઈ, પણ આશ્ચર્ય ! સામે બેઠેલી મૂર્તિ તો ન હાલે કે ચાલે ! બસ, એમના ચહેરા પર અસહ્ય પીડાની થોડી રેખાઓ ફરી વળેલી દેખાઈ, જેને તેઓ કષ્ટપૂર્વક જીરવી રહ્યા હોય તેવું લાગતું હતું.

સુકન્યાને તો કાપો તો લોહી ન નીકળે ! બહારથી એ પથ્થરવત્ દેખાતી હતી, પણ અંદર તો જાણે સાત સાત સમંદરનાં જળ આકાશે ચઢ્યાં હતાં. થોડી વારે પોતાના મનોભાવને સંકેલી દૃઢતાપૂર્વક બોલી : ‘‘પિતાજી, મારાથી આ અક્ષમ્ય ભૂલ થઈ બેઠી છે. મેં જ આ ઋષિવરને અપાર નુકસાન પહોંચાડ્યું છે ! ભલે અજાણતાં, પણ ક્ષતિ તો થઈ જ ચૂકી છે. હવે એનું પ્રાયશ્ચિત્ત પણ હું જ કરીશ ! આ ક્ષણે આપ સૌની સાક્ષીએ હું પ્રતિજ્ઞા કરું છું કે મારું આખું જીવન હું આ ઋષિવરની સેવામાં સમર્પણ કરીશ.’’

સાંભળનારા સૌ પાષાણવત્ બની ગયા. પરંતુ રાજા શર્યાતિએ પોતાની દીકરીને બેય હાથોમાં સમાવી કહ્યું : ‘‘બેટા, તેં તો મારા શિરેથી જાણે હિમાલયને હટાવી લીધો ! ઋષિરાજને થયેલા પારાવાર નુકસાનની પૂર્તિ બીજી કોઈ રીતે આપણે કરી શકીએ તેમ નથી. એમની પીડા થોડીક સહ્ય બને એટલો જ ઉપાય આપણા હાથમાં હતો. એટલે

તારો આ શુભસંકલ્પ સર્વથા યથોચિત છે, એને મારા અંતરના આશીર્વાદ છે !''

પણ બાકીના સૌ તો દિગ્મૂઢ થઈ ગયા. ક્યાં આ રૂપવંતી, નાજુક પુષ્પ સમી નવયૌવના રાજકન્યા અને ક્યાં આ ખખળી ગયેલા કૃશ વનવાસી ! ત્યાં તો રાજાની નમ્ર વાણી સંભળાઈ : ''હે મુનિવર ! અમારા અક્ષમ્ય અપરાધને ક્ષમા કરો અને મારી કન્યાના શુભસંકલ્પને આવકારી, એનો સ્વીકાર કરો !''

ઋષિએ પોતાનો હાથ ઊંચો ઉઠાવ્યો. સુકન્યાએ એ હાથને પોતાના માથા પર ધારણ કરી આંખો મીંચી દીધી. સૌની આંખોમાં આંસુ ઊભરાઈ ગયાં. રાજપુત્રીનું સખીવૃંદ તો રડતાં રડતાં હીબકે ચઢી ગયું !

એ ઋષિ હતા - ચ્યવન ઋષિ ! રાજકન્યા તો એમની સેવામાં તન - મન - પ્રાણ પરોવી ઋષિમય બની ગઈ. એમ ને એમ વર્ષોનાં વર્ષો વીતી ગયાં. એક વાર સુકન્યા જંગલમાં સમિધ વીણી રહી હતી, ત્યાં બે સુંદર નવજુવાન દેખાયા. એ અશ્વિનીકુમાર હતા. ભરજંગલમાં આવી રૂપસુંદરીને જોઈ નવાઈ પામ્યા. પૂછ્યું : ''તમે આવા એકાંત સ્થાનમાં ?'' સુકન્યાએ એમને આમંત્રતા કહ્યું : ''અમારો આશ્રમ નજીકમાં જ છે ! આવો, પર્ણકુટિમાં બેઠેલા મારા ઋષિપતિ તમને જોઈને પ્રસન્ન થશે !'' બંને કુમાર સુકન્યા સાથે ગયા. ચ્યવનઋષિને નયનવિહોણા જોઈ બધો ઇતિહાસ જાણી લીધો અને સુકન્યાના ત્યાગમય સંકલ્પથી ભારે પ્રભાવિત થયા. બોલ્યા : ''અમે તમારા અંધપતિને દેખતાં કરી શકીએ તેમ છીએ, પણ એ માટે તમારે એક કસોટીમાંથી પસાર થવું પડશે.''

સુકન્યા તો એક શું, એકવીસ પરીક્ષામાંથી પસાર થવા તત્પર હતી. અશ્વિનીકુમારે કહ્યું કે ''અમે તમારા પતિને ઉપચાર કરવા અમારી સાથે લઈ જઈએ છીએ. થોડા જ સમયમાં પાછા ફરીશું. ચિંતા

ન કરશો.''

ઋષિને સાથે લઈ અશ્વિનીકુમાર નજીક જ વહેતી એક નદી પાસે ગયા. એ નદીમાં પહાડો પરનું પાણી નીચે વહી આવતું હતું, જેમાં ડુંગરાળ ભૂમિના વનૌષધોનાં જડમૂળ પણ વહી આવતાં હતાં. અશ્વિનીકુમારે ઋષિને પહેલાં તો વહેતું પાણી પિવડાવ્યું, પછી આખા શરીરે નવડાવ્યા અને પછી સામે ઊભા રાખી મંત્રગાન સાથે આંખો પર કાંઈક ઉપચાર વિધિ કરી, તો આશ્ચર્ય !

ઋષિનાં નયન અત્યંત તેજસ્વી બનીને ચમકવા લાગ્યાં. ઋષિ હવે જોઈ શકતા હતા, એમની આંખોનું નૂર પાછું આવ્યું હતું ! પરંતુ એનાથીય મોટું એવું બીજું આશ્ચર્ય આ હતું કે ઋષિનો જાણે કાયાકલ્પ થયો હોય તેમ, તેઓ આખા બદલાઈ ગયા હતા. તેઓ આબેહૂબ બે અશ્વિનીકુમારો જેવા જ દેખાતા હતા.

થોડીવારમાં તો આ ત્રિમૂર્તિ આશ્રમની પર્ણકુટિના દ્વારે પહોંચી ગઈ. અવાજ સાંભળીને સુકન્યા બહાર આવી તો એક સરખી ત્રિપુટી જોઈ આભી બનીને જોતી જ રહી ગઈ. ત્યાં અવાજ સંભળાયો : ''સુકન્યા, હવે જ તારી કસોટી છે. અમે તો અમારું કામ કર્યું, હવે જે કાંઈ કરવાનું છે તે તારે કરવાનું છે. આ ત્રણેમાંથી તારા પતિને ઓળખી પાડ તો તને તારો દેખતો પતિ પાછો મળી જશે.''

પણ પતિને ઓળખવા શી રીતે ? ક્ષણાર્ધ વીતી, ત્યાં તો પોતાના અંતર્દેવતા સમક્ષ એણે પ્રાર્થના કરી : ''હે અંતર્યામી પ્રભુ ! જો મારા જીવનમાં મારા પતિ સિવાય બીજી કોઈ પણ ચીજનું પોતાનું સ્થાન ન હોય, કેવળ તેઓ જ મારા જીવનસર્વસ્વ રહ્યા હોય તો પ્રભુ, એમને ઓળખવાની પ્રેરણા મને પ્રાપ્ત કરાવો !''

પ્રેરણાની એક લહર ઊઠી અને સુકન્યાએ બે ડગલાં ચાલી પોતાના પતિનો જમણો હાથ પકડી લીધો. સુકન્યાની સફળ-સુયશ અગ્નિપરીક્ષાને અંતરના આશીર્વાદ આપી અશ્વિનીકુમાર વિદાય થયા.

## ૧૩ પુત્રનાં લક્ષણ પારણામાંથી

ત્યારે તો તેઓ રાજકુમાર વર્ધમાન હતા. એક દિવસે એમના કેટલાક ભાઈબંધો એમને મળવા રાજમહેલે આવ્યા. રાજમાતાને પૂછ્યું : ''વર્ધમાન ક્યાં છે ?''

માતાજીએ કહ્યું : ''એ તો ઉપર છે.''

છોકરાઓ તો દોડતા સાતમે માળે પહોંચી ગયા, પણ ક્યાંય વર્ધમાન દેખાય નહીં. ત્યાં એમના પિતાજી બેઠા હતા. એમને પૂછ્યું તો જવાબ મળ્યો : ''રાજકુમાર નીચે છે.''

છોકરાઓ મૂંઝાયા. કોની વાત માનવી ? માતાજી કહે છે કે, વર્ધમાન ઉપર છે અને પિતાજી કહે છે કે, વર્ધમાન નીચે છે. એટલે પછી એકેક માળે તપાસતાં તપાસતાં ઊતરવા માંડ્યા. ત્યાં ચોથે માળે વર્ધમાનને ધ્યાનમાં લીન બેઠેલો જોયો. ભાઈબંધો એને જોતાં જ બોલી ઊઠ્યા : ''અરે, દોસ્ત, તને શોધતાં શોધતાં અમારો તો દમ નીકળી ગયો.''

વર્ધમાને કહ્યું : ''અરે, માને પૂછી લીધું હોત તો એ કહેતને !''

મિત્રોએ કહ્યું : ''અરે, ભાઈ ! પૂછ્યું એટલે તો આ બધી રામાયણ થઈ ' મા કહે કે, તું ઉપર છે. પિતાજી કહે કે, તું નીચે છે. કોની વાત સાચી ?''

ત્યારે વર્ધમાને કહ્યું : ''મિત્રો, મા તેમ જ પિતાજી બંનેની વાત સાચી છે. પિતાજી સાતમે માળે હતા એટલે એમણે કહેલી વાત સાચી હતી. મા પહેલે માળે હતાં એટલે એમની વાત પણ સાચી. ઉપર અને નીચે એ બંને સાપેક્ષ વસ્તુ છે.''

કિશોરાવસ્થાની આ પાકટ સમજણે આગળ જતાં વર્ધમાનને

મહાવીર બનાવ્યા. મહાવીરનો માનવજાતિ માટેનો અનુપમ ફાળો હોય તો તે આ વાતમાં છે કે એમણે સૌને સત્યગ્રાહી બનવાનું કહ્યું. દરેક તથ્યમાં પડેલા સત્યને પામવું. આમ સત્યના દરેક અંશને પામતા જતાં ક્યારેક પરિપૂર્ણ મહાસત્ય લાધી શકશે. જૈનધર્મમાં આ વિચાર 'સ્યાદ્‌વાદ'ને નામે ઓળખાય છે. બાળપણથી જ જીવનના આ મહાન સત્યની ઝાંખી મહાવીરને થઈ ગઈ હતી.

કહેવાય છેને કે પુત્રનાં લક્ષણ પારણામાંથી !

❖

**બીજા માણસોમાં ઉત્સાહ જાગ્રત કરવાની મારી શક્તિને હું મારી અમૂલ્ય મિલકત સમજું છું. દરેક માણસમાં પહેલું ઉત્તમ તત્ત્વ ખિલવવાનો રસ્તો તેની પ્રશંસા કરી તેને ઉત્તેજન આપવાનો જ છે. પોતાના ઉપરીઓની ટીકાથી માણસની અભિલાષા મરી જાય છે તેવી કોઈ ચીજથી મરી જતી નથી. હું કોઈનો દોષ શોધતો નથી. કોઈની ટીકા કરતો નથી. માણસને કામ કરવાનો ઉત્સાહ આવે એવી રીતે તેની સાથે વર્તન રાખવામાં મને શ્રદ્ધા છે અને તેથી હું પ્રશંસા કરવાને આતુર રહું છું અને ખોડ કાઢવાનું પસંદ કરતો નથી. મને કંઈપણ પસંદ પડે તો હું ઉદારતાથી અને દિલોજાન જિગરે તેની તારીફ કરું છું.**

**- ચાર્લ્સ સ્વેલ**

અશ્વઘોષરચિત બુદ્ધાખ્યાનમાં બુદ્ધના જીવનનો એક પ્રસંગ જીવનનો સુંદર મર્મ સમજાવી જાય છે.

ભગવાન બુદ્ધનો વિહાર દેશવિદેશમાં ચાલી રહ્યો છે અને ધર્મચક્રપ્રવર્તનની ધ્વજા વિજયગાન લલકારી રહી છે. આ વિહારયાત્રા દરમ્યાન, રસ્તે કપિલવસ્તુ નગરી પણ પડે છે ! મગધની આ રાજધાની, તે તો ભગવાન બુદ્ધના પૂર્વજીવનની રમણનગરી ! આ જ એ નગરી, જ્યાંથી જગતના પાયાના દુઃખસંતાપનાં મૂળને શોધવા રાજકુમાર સિદ્ધાર્થે ગૃહત્યાગ કર્યો હતો અને અખંડ પરિવ્રજ્યા સ્વીકારી હતી !

પણ એ તો ભૂતકાળની વાત ! હવે તો મનુષ્યજીવનના મૂળ રોગ સમી 'તૃષ્ણા'ની ભાળ પણ મળી ગઈ હતી અને સાથોસાથ 'તૃષ્ણાક્ષય'ના ઉપાયો પણ ! એ જ બધી ધર્મની વાત લઈને બુદ્ધ થયેલો પરિવ્રાજક ફરી એક વાર પોતાના ઘર આંગણે આવીને ઊભો હતો, અન્ય નગરજનોની જેમ રાજા શુદ્ધોધને પણ પોતાના મહેલમાં ભિક્ષા લેવા આવવાનું નિમંત્રણ આપ્યું હતું અને આજે પરિવ્રાજક રાણી યશોધરાના મહેલદ્વારે ભિક્ષા યાચવા જનાર હતા.

યશોધરાદેવી પોતાના પુત્ર રાહુલની સાથે આંગણે આવનારા સંન્યાસીને ભિક્ષા આપવા તૈયાર ઊભાં છે. રાહુલને પણ પોતાના પિતાનાં દર્શનની ઉત્કંઠા છે અને યશોધરાનું તો પૂછવું જ શું ? તોફાને ચઢેલા મહાસાગરની જેમ એ આખી ને આખી ખળભળી ઊઠી છે.

અને એ આવી પહોંચે છે ઊંચી-પડછંદ કાયા, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, ભગવો વેશ અને હાથમાં ભિક્ષાપાત્ર ! ભિક્ષુકને ખબર હતી કે આજે ભિક્ષા યાચવા ક્યાં જવાનું છે, એટલેસ્તો પોતાના નિકટના શિષ્યોને સાથે લેતાં સમજાવી દીધું હતું કે યશોધરાદેવી આજે મને સ્પર્શ

કરી બેસે તો એને વ્રતભંગ ન ગણશો. માનવીનાં મનને સમજવા આ ભેખ ધારણ કરેલો, તે આટલી વાત તો સમજે જ ને !

'ભિક્ષાં દેહિ મૈયા' નો શબ્દોચ્ચાર થયો અને માતાપુત્ર બંને સાબદાં થયાં. રાહુલને આગળ ધરી રાણી ધીમા ડગ ભરે છે અને ભિક્ષાપાત્રમાં ભિક્ષા આપી પ્રણામ કરતાં પૂછે છે : "પ્રભુ ! એક પ્રશ્નનો જવાબ ઇચ્છું છું ! જે ઉત્તર શોધવા આપને ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કરવું પડ્યું, તે ઉત્તર શું ગૃહત્યાગ કર્યા વગર ન મળી શકત ?"

બુદ્ધ થોડી વાર નિરુત્તર રહે છે. પછી ધીરે ધીરે બોલે છે : "માતા ! પ્રશ્નનો ઉત્તર તો ઘરમાં પણ મળી શકત, પરંતુ આટલું જાણવા માટે પણ ગૃહત્યાગ અનિવાર્ય હતો, દેવી !"

રાજકુમાર સિદ્ધાર્થને બોધિજ્ઞાન ત્યારે થાય છે જ્યારે પોતે પોતાના પ્રત્યક્ષ જીવનમાં સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તૃષ્ણાવિચ્છેદ કર્યા વગર સુખદુઃખ કપાતાં નથી આટલું સમજવા સંબંધોના અનુબંધને કાપવો પડે છે. અંતર્મનની ગુફાનું અંધારું દીવા વગર દૂર ન થાય. ઇચ્છમુક્તિ આ દીવો છે. તમારા ઘરમાં સગવડ માટે જ જાતજાતની ચીજો મૂકી હોય, પણ અંધારામાં જાઓ તો એ જ સગવડો વિઘ્નરૂપ બની જાય. તૃષ્ણાવિચ્છેદ દ્વારા દીવો પ્રગટાવી સંસાર વચ્ચે જઈએ તો તમામ સંબંધોનું સર્વોત્તમ સૌંદર્ય પ્રગટ થાય.

❖

**ઘણી વ્યક્તિની મુશ્કેલી એ હોય છે કે બીજાએ કરેલી પ્રશંસાથી તેઓ બરબાદ થતા હોય, તોપણ તેમને વધુ ગમે છે, પણ બીજાએ કરેલી ટીકાથી પોતાનો ઉદ્ધાર થવાનો હોય તો પણ ગમતું નથી.**

**- નૉર્મન વિન્સેંટ બીલ**

રાજકુમાર સિદ્ધાર્થનું મહાભિનિષ્ક્રમણ થઈ ચૂક્યું હતું, પરંતુ હજુ સંબોધિ પ્રાપ્ત નહોતી થઈ તે ગાળાની વાત છે. સત્યશોધનની સાધનાયાત્રા અવિરત ચાલી રહી હતી.

એક વાર આવી યાત્રા દરમ્યાન એક સરોવરને કાંઠે વિશ્રામ લેવા બેઠા હતા. દરમ્યાન એક માણસ વાવાઝોડાની જેમ ધરતી ધમધમાવતો આવ્યો. અડખે પડખેનાં ઝાડની ડાળીઓ તોડતો જાય, ફળ, ફૂલ, પાંદડાં કે પથરા હાથમાં જે કાંઈ આવે તેને તળાવમાં નાંખતો જાય. થોડીવારમાં તો આસપાસનું બધું ખેદાનમેદાન કરીને વાવાઝોડાની જેમ જે રીતે આવ્યો હતો એ જ રીતે ચાલ્યો ગયો. સિદ્ધાર્થે બધું ચૂપચાપ જોયા કર્યું. થોડો વખત આમ ને આમ વહી ગયો.

ગહન ચિંતનમાં થોડો સમય આમ ને આમ વીતી ગયો. ચોમેર અપાર શાંતિ છવાઈ છે અને એકાદો કાંકરો હાથમાં રમાડતાં રમાડતાં રાજકુમાર એ કાંકરાને સરોવરનાં શાંત જળમાં ફેંકે છે અને તરત જ એ શાંત વારિમાં સહેજ અવાજ ઊઠતાંની સાથે જ ગોળ ગોળ કૂંડાળાં ફરી વળે છે. હજુ તો એ કૂંડાળાં શમ્યાં નથી ત્યાં અચાનક જળદેવ પ્રગટ થાય છે અને સિદ્ધાર્થને પૂછે છે કે ‘‘અરેરે સિદ્ધાર્થ, તેં આ શું કર્યું ?’’

સિદ્ધાર્થને ભારે નવાઈ લાગે છે. એ બોલી ઊઠે છે : ‘‘વાહ ! દેવી ! તમે ખરાં લાગો છો ? પેલો રસ્તે જતો રાહગીર હજુ થોડી વાર પહેલાં જ અહીં ઘડીભર રોકાઈને બધું ખેદાનમેદાન કરીને ધાંધલધમાલ મચાવતો હાલતો થયો એને આપે કશું ન કહ્યું અને મેં આ એક સાવ નાનકી અમથી કાંકરી પાણીમાં ફેંકી તેમાં તો તમે મારી પાસે જવાબ માંગો છો ! વાહ રે દેવી ! તમારો ન્યાય !’’

ત્યારે જળદેવી કહે છે : ‘‘સાંભળ સિદ્ધાર્થ ! પેલો વીજળીની જેમ

આવ્યો અને ગયો એ તો આમ જ રસ્તે જતો રાહગીર હતો, જ્યારે તું તો જીવનનું પ્રયોજન શોધવા નીકળેલો એક સાધક છે, શોધક છે ! સાધકના જીવનમાં કશુંય નિષ્પ્રયોજન ન હોઈ શકે. પ્રત્યેક કાર્યનું કશું કારણ હોય જ. ઉદ્દેશ વગર એ નાનકડી કૃતિ પણ આદરે નહીં. પળેપળનો હિસાબ અને પ્રત્યેક કૃતિનું કારણ તેની સમક્ષ હોય, ત્યારે જ એ જીવનનું શોધન કરી શકે. તારા જેવો સાધક આમ કેવી રીતે કહી શકે કે મેં અમથી જ કાંકરી પાણીમાં ફેંકી ?''

ભારતમાં મનુષ્યની અંતિમ અવસ્થાને નિવૃત્તાવસ્થા કહી છે. આપણે આ નિવૃત્તિને કશું ન કરવા સાથે જોડી દીધી છે અને નિવૃત્ત માણસ એટલે નકામો માણસ માની લીધો છે. પણ આ નિવૃત્તાવસ્થામાં અંતિમ પર્વને શોભે તેવો એક મોટો પુરુષાર્થ કરવાનો છે અને તે છે નિવૃત્તિનો, એટલે કે નિવૃત્ત થવાનો.

વૃત્ત એટલે કૂંડાળું, મનમાં સતત સંકલ્પ-વિકલ્પ ચાલ્યા કરે છે અને માણસ એ સંકલ્પોનો દોર્યો દોરાઈ કાંઈક ને કાંઈક ઘડભાંજ કર્યા કરે છે. અંતિમ ચિત્તશુદ્ધિ એ છે, જ્યારે ચિત્ત, નિર્વિકલ્પ, નિવૃત્ત બને, એટલે કે એના મનમાં તરંગોના કોઈ વૃત્ત-વલય ન ઊઠે.

❖

**અસત્યમાં કોઈ શક્તિ નથી. એણે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે પણ સત્યનો આશ્રય લેવો અનિવાર્ય છે.**

**- વિનોબા ભાવે**

શંકરાચાર્યને કોણ નથી જાણતું ? ભલે તેઓ ભારતને સાવ છેડે, છેક દક્ષિણના મલબાર પ્રદેશમાં કાલડી મુકામે જન્મ્યા, પરંતુ આખા ભારત દેશની ધરતીનો કણેકણ એ પોતાના પગ હેઠળ ખૂંદી વળ્યા હતા. જ્યારે આ દેશમાં આવાગમનનાં બીજાં કોઈ સાધનો ન હતાં ત્યારે આવડા મોટા ભારત દેશના ખૂણે ખૂણે ફરી વળવું અને ઠેર ઠેર વૈદિક ધર્મનો સાચો સંદેશો પહોંચાડવો એ કંઈ નાનુંસૂનું પરાક્રમ ના ગણાય. તે પણ વળી તરુણ અવસ્થામાં. ૩૨ વર્ષની ભરયુવાન વયે તો પોતાનું જીવનકાર્ય સફળ કરી ભગવાનને ધામ પહોંચી ગયેલા. જયપ્રકાશ નારાયણ કહેતા કે અધ્યાત્મ એ તરુણાઈનો ઊંચામાં ઊંચો કૂદકો છે. તો આવો ભવ્ય અને ઉદાત્ત ઊંચો કૂદકો મારનાર એ ચિરતરુણ જ્યારે પોતાની ભારતયાત્રા કરી રહ્યા હતા, ત્યારની આ વાત છે. યાત્રા દરમ્યાન તેઓ કાશી પહોંચ્યા. તેઓ જે રસ્તે જઈ રહ્યા હતા, એ જ રસ્તા પર સામે એક ચાંડાળ આવી રહ્યો હતો.

આખરે એ જમાનો હતો ચુસ્ત વર્ણવ્યવસ્થાનો. બ્રાહ્મણ ઊંચો અને શૂદ્ર નીચો, આ સંસ્કાર જાણે લોહીમાં ઊંડો ઊતરી ગયો હતો. શંકરાચાર્ય પણ એનાથી છટકી શક્યા નહોતા. સામે ચાંડાળને આવતો જોઈ એમનું નાક પણ થોડું ઊંચું થઈ ગયું અને ભમરો ખેંચાઈ ગઈ. એમણે અટકી જઈ કડક શબ્દોમાં પેલા ચાંડાળને કહ્યું : ''મારા રસ્તામાંથી દૂર ખસ, ઓ ચાંડાળ !''

ચાંડાળે પૂછ્યું : ''કેમ મહારાજ ! શું મારા શરીરમાં કોઈ ગંદકી છે, અપવિત્રતા છે ?''

આચાર્ય તો ધખી ઊઠ્યા : ''તું જાણતો નથી કે હું કોણ છું ? હું છું બ્રાહ્મણ અને તું શૂદ્ર ચાંડાળ !''

ચાંડાળ ભારે ચતુર હતો. તે બોલ્યો : ''મહારાજ, શરીર તો ગમે તેનું હોય, એ ગંદકીનું ઘર જ છે; પણ એ ગંદા શરીરની અંદર રહેલો આત્મા તો બધાનો શુદ્ધ જ હોય છે; પછી એ શરીર બ્રાહ્મણનું હોય કે ચાંડાળનું હોય.''

એ ચાંડાળે પોતાની વાત વધુ સ્પષ્ટ કરતાં આગળ કહ્યું : ''ભગવન્, ચંદ્રમાને ગંગાના પાણીમાં જુઓ કે હોજના પાણીમાં, એથી એ બંનેના પ્રતિબિંબમાં કોઈ ફરક પડતો નથી. સોનાના ઘડામાં અંદરની જે ખાલી જગ્યા- આકાશ છે, તે જ આકાશ માટીના ઘડામાં પણ છે. એ બંને ખાલી જગ્યામાં કશોય ફરક નથી હોતો મહારાજ ! તો પછી હું બ્રાહ્મણ અને તું ચાંડાળ, આવા ભેદ ક્યાંથી નિર્માણ થયા પ્રભુ ?''

તુચ્છ ગણાતા એક શૂદ્રના મોંએ આવી માર્મિક વાત સાંભળીને સત્યગ્રાહી શંકરના મનમાં વસેલો ઊંચ-નીચનો ભેદભાવ એકદમ ઓસરી ગયો. એમનું માથું એકદમ ઝૂકી ગયું. એમણે એ ચાંડાળને પ્રણામ કર્યા અને કહ્યું : ''આપના જેવો માણસ ચાંડાળ હોય કે બ્રાહ્મણ, મારે માટે તે ગુરુ સમાન છે.''

શંકરાચાર્યના યુગથી ગાંધીયુગ પછીનો આપણો આ યુગ ઉપરોક્ત બાબતમાં ક્યાં છે, તેનું થોડું આંતર-પરીક્ષણ કરશે ?

❖

**ત્રીસ વરસ પહેલાં હું એક વાત શીખ્યો. તે એ કે કોઈને ઠપકો દેવો તે મૂર્ખાઈ છે. મારા પોતાનામાં જ એટલી બધી ખામીઓ છે કે ખુદાએ બધાને સરખા ભાગમાં બુદ્ધિની વહેંચણી કેમ ન કરી એમ બબડવામાં કંઈ સાર નથી.**

**- જોન વાનમેકર**

## ૧૭ બી ફૂટે ધરતીમાં, પટારામાં નહીં

એક વખત શંકર અને પાર્વતી મૃત્યુલોકના આંટે આવેલાં. ત્યાં નીચે ધરતી પર કંઈક મોતી જેવું ચમકતું નિહાળી પાર્વતીએ શંકરને પૂછ્યું કે ''પેલું ચમકતું શું પડ્યું છે, મારે તે જોવું છે.'' નીચે ઊતરીને જોયું તો એક મોટું દાણાથી ખીચોખીચ ભરેલું ડૂંડું હતું. એમાંનો એકેએક દાણો મોતીની જેમ ચમકતો હતો. પાર્વતીજીએ તો એ ડૂંડું સાથે લેવા માંડ્યું. શંકર કહે : ''પાર્વતીજી આ ડૂંડું તો ધરતી માતાનું બાળક છે. તે ધરતીમાં જ પોઢે અને ધરતીમાં જ ધાવણ પામે. તેને તમે લઈ જશો તો તે બિચારું સુકાઈ જશે. આ એક એક કણમાંથી તો ધરતી મણ-મણ અનાજ પોતાના માનવીને ધરવે છે. એનો લોભ ન રખાય, પાછું મૂકી દો.'' પણ હઠે ચડેલી નારી માને ? કોઈ વાતે તે ન માન્યાં ત્યારે શંકરે કહ્યું : ''તો પછી એમ કરજો કે આ ડૂંડામાંના દાણા કૈલાસ પર્વત પરની ધરતીમાં નાખી દેજો. ગંગામાનું પાણી પાજો અને એને ઉછેરજો.''

બંને પાછાં કૈલાસે પહોંચ્યાં. શંકર તો પોતાની સમાધિમાં બેસી ગયા. પાર્વતીજી વિચાર કરવા માંડ્યાં કે આવું રૂપાળું આ મોતીના મુગટ જેવું ડૂંડું પટારામાં રાખી મૂકું તો કેવું સારું ? આ જોઈને તો મન કેવું રાજી થાય છે ? એમ કહીને એમણે તો ડૂંડું પોતાના પટારામાં મૂકી દીધું.

આ બાજુ એકાએક મૃત્યુલોકમાં તો હાહાકાર વર્તી ગયો, દુકાળ પર દુકાળ પડવા માંડ્યા. ચારે કોર કાળો કેર વર્તાઈ ગયો. દુનિયામાંથી જાણે એકાએક અનાજનો કણ રિસાઈ ગયો છે. કણદેવતા કોપ્યા છે. જમરાજાને તો ઘડીની નવરાશ નથી. ધરતી ઉજ્જડ થવા માંડી છે. સ્વર્ગમાં પણ હાહાકાર વર્તી ગયો છે. કોઈ આનું કારણ કળી શકતું નથી. શંકર તો એમના તપમાં ડૂબેલા હતા. બધા દેવોએ એમની પાસે ધા નાખી, ''ભગવાન, આખી ધરતી પર કાળો કેર વર્તી ગયો છે. તમારા

સિવાય આમાં કોઈનું રખોપું નથી.'' શંકર ભગવાન પણ ઘડીભર વિચારમાં પડી ગયા. પછી પાર્વતીજીને બોલાવ્યાં. પૂછ્યું, ''દેવી, પેલા ડૂંડાના કણ વાવ્યા હતા તે કેવડા થયા ?'' પાર્વતીજી તો ઝંખવાણાં પડી ગયાં. ધીરેથી બોલ્યાં : ''મહારાજ, તે ડૂંડું તો મારા પટારામાં જ મૂકી રાખ્યું છે.''

શંકરે કહ્યું : ''અરર પાર્વતીજી, આ તમે શું કર્યું ? કણદેવતાને પટારામાં પૂર્યા ? અને તેય તમારા જેવાં ધરમી સતીએ ? તમે જાણો છો આનું પરિણામ શું આવ્યું ? પૃથ્વી પર નજર નાખો, ત્યાંના માનવો અનાજના દાણાના અભાવે ટપોટપ મરણાધીન થઈ રહ્યા છે.....''

સાંભળતાં જ સતી તો ગળગળાં થઈ ગયાં. કહે : ''નાથ, હવે આનું નિવારણ શું તે કહો.''

''સતી, સૌ પહેલાં તો પેલા કણદેવતાને કેદખાનામાંથી કાઢો. મૃત્યુલોકમાં જાઓ અને કણના મણ કરીને અન્નપૂર્ણા સ્વરૂપે જગતમાં ફરો. મરેલાંને જીવતાં કરો અને કણદેવતાંને રીઝવો.''

વાર્તા આગળ કહે છે કે પાર્વતીજીએ કણદેવતાને પટારામાંથી બહાર કાઢ્યા અને તેને ધરતીમાતાને ખોળે મૂકી આવ્યાં ધરતી પાછી લીલીછમ બની ગઈ.

ઈશ્વરે પ્રત્યેક ચીજનું પોતાનું સ્થાન બનાવ્યું છે. દરેક વસ્તુ પોતાના કામમાં જ ઊજરે. એનું સ્થાન બદલાઈને એ પટારામાં પુરાય છે ત્યારે કેવો કાળો કેર વર્તાઈ જાય છે ! આજે આપણા સમાજની આવી કોઈ પરિસ્થિતિ જોઈએ છીએ ત્યારે એનું કારણ સમજાય છે કે ઘી ઘીના ઠામમાં નથી. એક બાજુ વેપારીનાં ગોડાઉન અનાજના ખડકલાથી ઊભરાય છે તો બીજી બાજુ ધરતી સૂકી ભઠ્ઠ થઈને પડી હોય છે. 'સારો ભાવ ઉપજાવશું' કરી ચીજો સંઘરાય છે, અને બીજી બાજુ સામાન્ય

માણસ સતત અભાવમાં સબડ્યા કરે છે. સ્વ. કવિ પ્રિયકાંત મણિયારે ‘એ લોકો’ નામના કાવ્યમાં એની સ્થિતિ ખૂબ સચોટ રીતે રજૂ કરી છે :

‘‘એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે.

એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે પછી જ્યારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.

એ લોકો પહેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે

અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.

તે તે લોકો છે જ નહીં,

એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ.

બીજું એને ભાવતું નથી.

મારે કવિ થવું જ નથી,

ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ !

ઘી ઘીના ઠામમાં નથી હોતું ત્યારે કેટલી વિષમ પરિસ્થિતિ ઊભી થાય છે તેનું તાદૃશ વર્ણન કવિએ આપ્યું છે. લોક ‘નોટો ખાઈને જીવતી ઊધઈ’ ન બને તે માટે જરૂરી એ છે કે ચીજો જરૂરતમંદોના હાથમાં પહોંચી જાય.

❖

**અહંકાર રૂપી વાદળાં ખસી જશે તો ચૈતન્ય રૂપી સૂર્યનાં દર્શન થશે.**

**- યોગવાસિષ્ટ**

દરેક ધર્મમાં સૃષ્ટિની ઉત્પત્તિનું મૂળ પુરાણ કહેવાયું છે. બાઈબલની ઈવ-આદમની કથા તો જગજાણીતી છે, પણ તેમાં બાબિલના મિનારાની એક કથા આવે છે, તે સમજવા જેવી છે. ઉત્પત્તિ-કથાની જેમ જ, જળપ્રલયની કથા પણ લગભગ દરેક ધર્મગ્રંથોમાં આવે. કહે છે કે એ જળપ્રલય વખતે નોઆહે એક મોટું જહાજ (આર્ક) બનાવ્યું, જેમાં થોડા લોકોને બચાવી લીધેલા.

આ જહાજ ચાળીસ દિવસે આર્મેનિયાના આરારાત પહાડ પર આવીને ઊભું રહ્યું અને બચેલા લોકોએ એ પહાડની તળેટીમાં જ વસવાટ કર્યો. જેમ જેમ વર્ષો વીતતાં ગયાં, તેમ તેમ વસ્તી પણ વધતી ચાલી અને ધીરે ધીરે લોકો દક્ષિણના ફળદ્રૂપ મેદાનોમાં પથરાતા ગયા, ફેલાતા રહ્યા. ત્યાં બે નદી વહે. યુફ્રેટિસ અને ટિગ્રાસ. - આ બે નદીઓની વચ્ચેનાં મેદાનો 'શિનોર'ના નામે ત્યારે ઓળખાતા, જે પાછળથી બેબિલોનિયા અને બગદાદ-ઈરાક તરીકે જાણીતા થયાં. પ્રલય પછી ભગવાને માનવીને આદેશ આપેલો કે જેમ જેમ વસ્તી વધે તેમ તેમ આખી પૃથ્વી પર પથરાઈ જવું, એક ઠેકાણે બંધાઈ ન રહેવું. પણ લોકોએ તો આ શિનોરના મેદાનમાં જ 'અઠે દ્વારકા' કર્યું, પરિણામે ત્યાં ખૂબ ભીડ જામી.

માણસોને ભાન તો હતું જ કે એમણે ઈશ્વરના આદેશનું પાલન નથી કર્યું. એટલે મલમપટ્ટા કરવા એક નવો તુક્કો અજમાવ્યો "ચાલો, આપણે એક શહેર બાંધીએ અને એમાં સ્વર્ગ સુધી પહોંચે એવો લાંબો - ઊંચો મિનારો બાંધીએ. આપણે આપણી જાતિનું એક નવું નામ પણ પાડીએ, જેથી આપણી એક ઓળખ ઊભી થાય."

આ પ્રદેશ અસિરિયા કહેવાતો. આર્યો કદાચ આ લોકોને જ અસુર કહેતા હશે. આ પ્રદેશમાં ન આર્ય, ન યહૂદી એવી સુમેરિયન પ્રજા

ઈ.સ. પૂર્વે પાંચેક હજાર વર્ષોથી રહેતી હતી અને એમણે પણ પૂજા માટે જંગી મિનારા બાંધેલા. યહૂદી પ્રજાને આના ઉપરથી જ બાબિલના મિનારાની કલ્પના આવી હશે !

કેડી વિનાના ચોમેર વિસ્તરેલા વિશાળ મેદાનમાં દીવાદાંડીનું કામ આપે એવા એક ઊંચા મિનારાનું બાંધકામ શરૂ થયું. માળ પર માળ ચઢતા ગયા અને બાંધનારાની છાતીઓ ફુલાતી ગઈ. 'અમારો મિનારો તો સ્વર્ગે પહોંચવાનો' ના દિવાસ્વપ્નમાં સૌ રાચતા હતા.

પણ ત્યાં એક ચમત્કાર જેવું થયું. લોકોની બોલી ધીરે ધીરે બદલાવા લાગી અને એક બોલે તે બીજો ન સમજે જેવું થવા લાગ્યું. જેની ભાષા ન સમજાય તેમને લોકો 'જંગલી' ગણવા લાગ્યા અને ધીરે ધીરે બોલી મુજબ જુદી જુદી ટોળીઓ પણ બનવા લાગી, એટલું જ નહીં, સૌ પોતપોતાની ટોળી બનાવી જુદી જુદી દિશામાં ચાલી નીકળ્યા. આમાંથી જ આપણાં આજનાં વિવિધ રાષ્ટ્રો બન્યાં.

આ ઘટના ઈ.સ. પૂર્વે ૨૨૫૦ વર્ષો પુરાણી હશે. કેટલાક આને રૂપકકથા પણ કહે છે. જે હોય તે, ત્યારે તો પથરાઈ જવા માટે વિશાળ પૃથ્વી હતી, આજે તો ડગ માંડવા જેટલી પણ જમીન ક્યાં છે ? એ પણ એક યુગ હતો જ્યારે નાનાં નાનાં ઘટકોમાં પૃથ્વી પર ફેલાઈ જવું તે યુગધર્મ હતો. અને આજનો પણ એક યુગ છે જ્યારે પૃથ્વી પરના માનવોએ જુદાં જુદાં રાષ્ટ્રોમાં વહેંચાયેલા માનવોને એકમેકની બાથમાં લેવાની જરૂર છે. એક ઓસ્ટ્રેલિયને વિનોબાને પૂછેલું કે ''અમારા દેશમાં અમે ભૂદાન આંદોલન કેવી રીતે ચલાવી શકીએ ?''

ત્યારે વિનોબાએ કહેલું : ''તમારે ત્યાં પુષ્કળ જમીન છે. બીજા દેશોના ભૂમિહીનોને તમારે ત્યાં વસાવી તમે ભૂદાન કરી શકો.''

પ્રત્યેક યુગનો ધર્મ નિરનિરાળો હોય છે !

❖

# વિદ્વાન - ગમારની સ્પર્ધા

સેંકડો વર્ષો પહેલાંની વાત છે. કદાચ લોકકથા પણ હોય. નામદાર પોપનો અચાનક આદેશ થયો કે બધા જિપ્સીઓએ વેટિકન છોડીને જતાં રહેવું. જિપ્સી સમાજમાં તો હલચલ મચી ગઈ, એટલે પોપે એક દરખાસ્ત મૂકી કે "જો તમે ઇચ્છો તો જિપ્સી ધર્મના એક અગ્રણી સાથે પોતે ધર્મચર્ચા કરવા તૈયાર છે. એ ચર્ચામાં જો જિપ્સીની જીત થશે તો તેઓ વેટિકનમાં રહી શકશે અને જો એમાં હારી જશે તો તેમને સૌએ વેટિકન છોડી દેવું પડશે."

હવે શું થાય ? દરખાસ્ત સ્વીકારે તોય મુશ્કેલી, ન સ્વીકારે તોય મુશ્કેલી ! ધર્મની ચર્ચામાં પોપ સામે ટકવામાં જિપ્સીનું શું ગજું ? પરિણામ નિશ્ચિત જ હતું - હાર અને ત્યાર પછી દેશનિકાલ ! પણ હવે તો છૂટકો જ નહોતો, એટલે એમણે પોતાના એક જુવાન નેતાને તૈયાર કર્યો. પોપમાં જ્ઞાન અને વાક્પટુતા ખૂબ હતી એટલે એક શરત રાખી કે ચર્ચા વખતે બેમાંથી એકેય પક્ષે બોલવાનું નહીં. બંનેએ માત્ર હાથનો સંકેત કરવાનો. પોપ તો સંમત થઈ ગયા.

ધર્મસભાનો દિવસ તો આવી પહોંચ્યો. જિપ્સીના મુખી અને પોપ બંને સામસામે બેઠા. પછી પોપે હાથ ઊંચો કરીને ત્રણ આંગળીઓ બતાવી. એના જવાબમાં મુખીએ પોતાનો હાથ ઊંચો કરીને એક આંગળી બતાવી. ત્યાર બાદ પોપે પોતાની આંગળીઓ પોતાના મસ્તકની આજુબાજુ ગોળ ગોળ ફેરવી. એના પ્રત્યુત્તરમાં મુખિયાએ પોતે જ્યાં બેઠો હતો તે ભૂમિ તરફ આંગળી ચીંધી. પછી પોપે એક વેફર કાઢી અને વાઈનનો પ્યાલો લીધો. એટલે મુખિયાએ સફરજન કાઢીને બતાવ્યું. આ સાથે જ પોપ ઊભા થઈ ગયા અને જાહેર કર્યું : "ભાઈ, હું હાર્યો. આ માણસ ભોટ નથી. ભારે ચતુર છે, વળી શાણો પણ છે.

હવે જિપ્સીઓ અહીં રહી શકશે.''

એકાદ કલાક પછી બધા ધર્મગુરુઓ, પાદરીઓ પોપની આજુબાજુ ફરી વળ્યા. બધાને જિપ્સી સાથેની ચર્ચા અંગે જાણવાની ભારે ઇંતેજારી હતી. પોપે કહ્યું : ''પહેલાં તો મેં પાવનકારી ત્રિમૂર્તિના પ્રતીક રૂપે ત્રણ આંગળીઓ બતાવી. એના પ્રત્યુત્તરમાં એણે એક આંગળી બતાવીને જણાવ્યું કે હજુ એક દેવ એવા છે જે બંને ધર્મ માટે સામાન્ય દેવ છે. પછી મેં આંગળીઓ મસ્તકની આજુબાજુ ગોળ ગોળ ફેરવી, જેનો અર્થ હતો કે પ્રભુ તો આપણી આસપાસ જ વસે છે. એના જવાબમાં એણે જમીન તરફ આંગળી ચીંધીને કહ્યું : ''પ્રભુજી તો અત્યારે, આ ક્ષણે જ અહીં આપણી સાથે જ છે. પછી મેં વેફર અને વાઈનની પ્યાલી દ્વારા બતાવ્યું કે ઈશ્વર આપણને પાપમાંથી મુક્તિ અપાવે છે, જેના જવાબમાં એણે સફરજન બતાવીને મને મૂળ પાપની વાતની યાદ અપાવી. અરે ભાઈ, શું કહું ? એની પાસે તો બધા જ પ્રશ્નોના ઉત્તર હતા. પછી મારું શું ચાલે ?''

પેલી બાજુ મુખિયાને પણ જિપ્સીઓ ઘેરી વળ્યા હતા. એમને મુખિયાએ કહ્યું : ''પહેલાં તો એણે ત્રણ આંગળીઓ દેખાડીને કહ્યું કે હવે વેટિકનમાં રહેવાના ત્રણ જ દિવસ બાકી છે, એટલે મેં એક આંગળી ઊંચી કરીને જણાવી દીધું કે અમારામાંથી એકેય બચ્ચો અહીંથી નીકળવાનો નથી. પછી એણે માથા પર આંગળીઓ ગોળ ગોળ ફેરવીને કહ્યું : ''અમે આખા શહેરમાંથી વીણી વીણીને જિપ્સીઓને કાઢી મૂકવાના છીએ એટલે મેં ભૂમિ પર આંગળી ચીંધીને સાફ સાફ જણાવી દીધું કે અમે તો અહીં જ વેટિકનની ધરતી પર જ રહેવાના છીએ.''

ત્યાં એક સ્ત્રીએ પૂછ્યું :''પછી શું પૂછ્યું ?'' તો મુખિયાએ ગંભીરતાપૂર્વક કહ્યું : ''એમાં તો મનેય કાંઈ ખબર ન પડી પણ એણે પોતાની પાસેના વેફર-વાઈન ભોજન માટે કાઢ્યા એટલે મેંય આપણું

સફરજન કાઢીને બતાવ્યું !!"

ક્યારેક સહજભાવે થઈ ગયેલી ક્રિયાઓમાં પણ માણસને જીવનના પાઠ ભણવા મળી જાય છે. પશુ - પંખી, ઝાડ - પાન કે નદી - ડુંગરા કાંઈ બોલતા નથી, તોપણ મનુષ્યજાતિ એમની પાસેથી કેટલું બધું શીખી છે ? જીવનનું જ્ઞાન પુસ્તકો કે ભાષણ દ્વારા નથી મળતું, એ તો પ્રત્યક્ષ કર્મમાંથી જ મળે છે, આ હાર્દ છે આ કથાનું !

❖

**ખુશનુમા પ્રભાત થતાંની સાથે જ ખેતરમાં ખેડૂત બી વેરે છે અને તે ક્યાં ક્યાં વેરાય છે તે જોવાની પરવા નહિ કરતાં બાકીનું કામ ઈશ્વરને સોંપે છે કે જે ઈશ્વર વરસાદ અને સૂર્યનાં ચળકતાં કિરણો મોકલે છે અને પાક વખતે સો ગણું આપે છે. એ જ પ્રમાણે માયાળુ શબ્દો અને માયાળુ કાર્યો પણ ભૂલાં પડેલાં, એકલાં અને દુઃખી પ્રાણીઓ પ્રત્યે જરૂરિયાતને પ્રસંગે ખરેખરા પવિત્ર હૃદયથી બોલવામાં તથા કરવામાં આવશે તો વખત જતાં પુષ્કળ માયાળુ કાર્યો અને માયાળુ શબ્દો જગતમાં ફેલાતા જણાશે.**

**- જોન ફુલર્ટન**

## ૨૦ સ્વર્ગ - નરક પોતાનામાં જ

જાપાનની એક લોકકથા છે. એક વાર સંત હાકુઈન પાસે એક જિજ્ઞાસુ શેખ પહોંચીને પૂછે - ગુરુજી, સાચે જ શું સ્વર્ગ - નરક જેવાં સ્થાન છે ખરાં ?

ત્યારે ઝેન સાધુએ સામે પૂછ્યું: "તમે કોણ છો ? તમારો પરિચય ?"

તો કહે: "હું સરદાર છું ! લશ્કરની મોટી પલટણ મારા તાબા હેઠળ છે !"

"અરે, તું સરદાર ? તારું મોઢું તો કોક ભિખારી જેવું સાવ રૉંચા જેવું લાગે છે !" - હાકુઈને કહ્યું.

પેલો સરદાર તો રાતોપીળો થઈ ગયો. એણે પોતાનો હાથ કમર પરની ભેટ ભણી લંબાવ્યો..... ત્યાં પેલા ફકીરે વળી ઉમેર્યું .... ઓ હો ! તો તારી પાસે તલવાર પણ છે ! પણ જો જે એની ધાર કટાયેલી ન હોય ! એવું હશે તો એ માથું વાઢી નહીં શકે !"

અને સરદારની ધીરજ ખૂટી. તરત મ્યાનમાંથી સમશેર ખેંચી અને તગતગતી તલવાર બહાર કાઢી. એની સામું જોઈ ફકીર કહે : "જોયું તેં ? ઊઘડ્યાં આ નરકનાં દ્વાર !"

શેખ તરત ટકોરને પામી ગયો અને વળતી ક્ષણે તલવાર મ્યાન કરી ગુરુના ચરણે ઝૂકી ગયો. તરત સંત બોલ્યા : "જોયું ? ઊઘડ્યાં આ દ્વાર સ્વર્ગનાં ? જો ભાઈ, સ્વર્ગ કે નરક ક્યાંય દૂર દૂર વસતાં નથી. એ તો અહીં આપણી આસપાસ જ વસે છે ! સ્વર્ગ અને નરક બંનેના દરવાજા સાવ નજીક નજીક છે. ક્યારેક ભૂલથાપ ખાઈ જવાય !"

આખરે આ સ્વર્ગ - નરક, પાપ - પુણ્ય માણસની વૃત્તિ સાથે

જોડાયેલાં છે. પાપપુણ્યની બારી સાવ સાંકડી હોય છે, તેનો પ્રવેશ સાંકડો, એનો રસ્તો સાંકડો ! ઝીણી નજર જોઈએ ! વૃત્તિઓનાં ઝોકાં માણસને આમ પણ ફેંકે અને તેમ પણ ફેંકે ! વિવેક ચુકાય તો સ્વર્ગ - નરકમાં દોરાનો ફેર પડી જાય !

અમેરિકન રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનની વાત છે. એનો રાજકીય હરીફ એક દુષ્ટ માણસ હતો. નર્યો સ્વાર્થી અને સત્તાભૂખ્યો માણસ ! સત્તા મેળવવા એ ગમે તે કરી શકે. લિંકને આ જ માણસને લશ્કરનો વડો બનાવી દીધો. ત્યારે પ્રધાન મંડળના એક સલાહકારે લિંકનને કહ્યું : ''આ તમે શું કર્યું ? આ તો સાપને દૂધ પાવા જેવું થઈ રહ્યું છે ! ત્યારે લિંકન શાંતિથી કહે છે - જો ભાઈ, તું એને મારો શત્રુ ગણે છે. હવે એને જ મારો યુદ્ધમંત્રી બનાવી હું મારા શત્રુનો નાશ નથી કરતો ? આમ લિંકને પોતાના હરીફને હંમેશને માટે જીતી લીધો અને સંબંધોનું સ્વર્ગ રચ્યું. એને બદલે દુશ્મની વધારી હોત તો સંબંધોનું નરક પેદા થયું હોત. આમ સ્વર્ગ કે નરક રચવા પાછળ ખૂબ ઝીણી રેખા કામ કરતી હોય છે.''

માણસના મૂળભૂત છ દુશ્મનો ગણાવાયા છે. છ વિકાર, છ દોષ એ માનવશત્રુ છે. એનાં મારણ પણ સૂચવાયાં છે.

રાગનું મારણ છે વૈરાગ્ય,
દ્વેષનું મારણ છે પ્રીતિ,
ક્રોધનું મારણ છે ક્ષમા,
લોભનું મારણ છે ત્યાગ,
કામનાનું મારણ છે સંયમ,
મોહનું મારણ છે અનાસક્તિ.

ભગવાન મહાવીરે આ છએ શત્રુને હણ્યા, એટલે જ તેઓ 'અરિહંત' કહેવાયા. ❖

## ૨૧ ચકા - ચકીની લોકકથા

એક રૂપકકથા છે. વાત તો છે ચકા - ચકીની. કાળ સદાકાળ. હરહંમેશ જે થતું આવ્યું છે તે જ આ કાળે પણ થયું.

આકાશમાંથી જાણે અગનવર્ષા થઈ રહી છે. બાળઝાળ ગરમી અને વહેતી લૂને કારણે પશુ - પંખી સૌ આકુળ - વ્યાકુળ થઈ ગયાં છે. ધરતીય તરડાઈ ગઈ છે. ડર છે કે જંગલમાં દવ ન સળગી ઊઠે. બે પંખીડાં અધીરાં બની ગયાં છે. ઝાડ પર નાનકડો માળો છે અને માંળામાં પોઢ્યાં છે નાનાં બાળ ! ચકી કહે છે - જંગલમાં દવ લાગશે તો મારાં બચ્ચાં ભેળી હું પણ બળી મરીશ. ત્યારે ચકાભાઈ બોલે છે : ‘‘તું એકલી જ શા માટે, હું પણ તમારા સહુ ભેળો દવમાં બળી મરીશ.’’ ત્યાં તો દવ ફાટી નીકળે છે. ચારે બાજુ આગની લપેટો ફરી વળે છે. પશુપંખીમાં ભાગાભાગ શરૂ થઈ જાય છે. ચકો - ચકી ફરી પ્રતિજ્ઞા દોહરાવે છે - જીવવું તો સાથે, મરવું તો સાથે ! પણ ત્યાં તો પાણીના રેલાની જેમ દાવાનળ સાવ નજીક આવતો અનુભવાયો. પાંખને આંચ લાગી ન લાગી ત્યાં તો ચકલાએ પાંખો ફફડાવી અને ઘડીકમાં તો આગના ગોટેગોટામાં કોણ જાણે ક્યાંય અદૃશ્ય થઈ ગયો. પરંતુ આ બાજુ ચકલીની વફાદારી મક્કમ હતી. હવે તો બચવાનો કે બચ્ચાંને બચાવી લેવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. બચ્ચાં સમેત હોળીમાં સળગી જવાનું હતું. પણ આગ આખી ને આખી ભરખી જાય તે પહેલાં ચકલી એક નવી ગંભીર પ્રતિજ્ઞા ઉચ્ચારે છે - જન્મજન્માંતરે હવે કોઈ નર સાથે એકેય અક્ષર બોલીશ નહીં. અને ચકીબાઈનું પ્રાણપંખેરું ઊડી જાય છે.

બીજા જન્મે આ જ ચકલી એક રાજાને ત્યાં કુંવરી રૂપે જન્મે છે. રૂપેગુણે સર્વાંગસુંદર પણ ખોટ આ જ વાતની કે બોલે તો માત્ર સ્ત્રીઓ સાથે જ બોલે ! સગા બાપ સાથેય વાત ન કરે ! પુરુષ સામે દેખાય અને

કુંવરીબા મૌન ધારણ કરી લે ! રાજાને તો ભારે ચિંતા થાય. જોતજોતામાં તો રાજકુમારી પરણાવવા જેવડી થઈ ગઈ, પણ આવી મૌનવ્રતધારી કન્યાનો હાથ પકડવા કોણ તૈયાર થાય ! આખરે રાજાએ દાંડી પિટાવી કે 'જે કોઈ રાજકન્યાને પુરુષો સાથે બોલતી કરી દે, તેની સાથે જ દીકરી પરણાવું !' છતાંય કારી ફાવી નહીં અને દિવસો પર દિવસો વીતવા લાગ્યા અને કુંવરીબાના હાથ પીળા ન થયા તે ન જ થયા.

અંતે એક રાજકુમાર આવ્યો. કુંવરી સાથે ચોપાટ રમવા બેઠો અને વાત માંડી. ''એક હતું જંગલ. જંગલમાં બે પંખી રહે. ચકો અને ચકી. પ્રેમથી માળો બાંધ્યો અને માળામાં ઈંડાં પણ મૂક્યાં. ચકો અને ચકી બેય કાળજીપૂર્વક પોતાનાં બચ્ચાંનું ધ્યાન રાખે. તેમાં ગરમ લૂ વહેવા લાગી અને જોતજોતામાં જંગલે લાગેલો દવ નજીક પહોંચવા લાગ્યો અને જ્યાં ખરાખરીની ઘડી આવી ત્યાં તો ચકલી ફટ દેતાકને ઊડી ગઈ !''

તત્ક્ષણ કુંવરીથી બોલાઈ ગયું:''આમ જુઠ્ઠું કાં બોલો ? ઊડી જનાર ચકલી નહીં, પણ ચકલો હતો !''

અબોલા તૂટી ગયા. જિંદગીની બાજીમાં ફરી એક વાર 'નર' જીતી ગયો ! ચકલાની ચતુરાઈ અને ચકલીની સચ્ચાઈ વચ્ચે હજુ આજે પણ જંગ ચાલુ જ છે. સ્થૂળ અબોલા તૂટી ગયા છે, પણ સૂક્ષ્મ અબોલા હજુ યથાવત્ છે.

❖

**મનુષ્ય પોતે પોતાને જ ઓળખતો નથી. તે પોતાની શક્તિથી બેખબર છે.**

**- હેલેન વિલ્મેન્સ**

આખા દેશમાં એ કાળે ભક્તિનાં ઝરણાં ફૂટી નીકળ્યાં હતાં, અને ઠેરઠેર મૂર્તિમંત ભક્તિરૂપે અનેક દેહ વિચરતા હતા. કાશ્મીરના અનુપમ કુદરતી સૌંદર્ય સાથે તાલે તાલ મિલાવી ભક્તિનું સૌંદર્ય રેલાવતી પર્વતકન્યા લલ્લેશ્વરી પોતાની પ્રભુભક્તિમાં તલ્લીન રહેતી. સંસારથી એ પૂરેપૂરી વિરક્ત હતી. તન-મનનું ભાન ભૂલીને ગલીકૂંચીઓમાં ભમ્યા કરી. એની આ નિરુદ્દેશ રખડપટ્ટી જોઈ લોકો નિંદા કરતા, ટીકાઓનો વરસાદ વરસાવતા. પણ લલ્લા તો પોતાનામાં ડૂબેલી, ખોવાયેલી મસ્તરામ ! એને લોકનિંદા સ્પર્શી જ શકતી ન હતી. કમળપત્ર પરથી ઝાકળનું ટીપું સરી જાય તેમ આ બધી લોકવાયકાઓ એના ચિત્ત પરથી સરી જતી.

એક વખતે કોઈ નગરના ભરબજારમાં એ ઘૂમી રહી હતી. મનને સ્થળકાળ સ્પર્શતાં ન હતાં, પણ દેહમાં તો ભરયૌવન છલકાઈ રહ્યું હતું. કેટલાક છેલબટાઉ યુવાનોની ટોળી એની પાછળ પડી. કંઈક મશ્કરી હવામાં વહી રહી હતી.

આ જોઈ એક દુકાનદારને ખૂબ ખરાબ લાગ્યું. એણે છોકરાઓને ધમકાવીને દૂર કર્યા. છોકરાઓ તો ભાગી ગયા, પણ લલ્લેશ્વરી ઊભી રહી. દુકાનદાર પાસેથી એક કપડું માગ્યું અને એના બે ટુકડા કર્યા. પછી એક ખભે એક અને બીજા ખભે બીજું કપડું નાખીને એ ચાલતી થઈ. રસ્તે જતાં, સામે કોઈ પ્રણામ કરે તો એ ડાબા ખભા પરના કપડા પર ગાંઠ વાળતી, અને વળી આગળ બીજું કોઈ ગાળ દે કે ટીકા કરે તો જમણા ખભા પરના કપડા પર ગાંઠ વાળી દેતી.

છેક સાંજ સુધી લલ્લાએ ગામ આખામાં ફર્યા કર્યું અને ગાંઠ મારવાનો ક્રમ ચલાવ્યે રાખ્યો. સાંજ પડતાં એ ફરી પાછી પેલા

દુકાનદાર પાસે આવી પહોંચી. દુકાનદારને કહે : ''આ બંને ટુકડાનું વજન કરી આપો તો !''

દુકાનદારે ગાંઠોથી ભરેલા બેય ટુકડાને તોલી જોયા તો બંને એકસરખા વજનદાર !

ત્યારે લલ્લા બોલી : ''કોઈ મારી નિંદા કરે કે પ્રશંસાનાં ફૂલ વરસાવે, જેને જે ફાવે તે કરે; પણ મારે મન બંને સરખાં છે. મને ન તો નિંદા અડવા પામે છે, ન વખાણ ! કારણ કે હું પોતે મારામાં કોઈ મેલ જોતી નથી.''

કેવળ નિંદા-સ્તુતિનાં દ્વંદ્વમાંથી જ નહીં, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, મોહ-મમતા વગેરે બધાં દ્વંદ્વોમાંથી મુક્ત નથી થવાતું ત્યાં સુધી હૃદયમાં ભક્તિનું ઝરણું ફૂટતું નથી. ઈશ્વર પ્રત્યેની નિર્હેતુક ભક્તિને પોતાના જીવનમંદિરમાં સ્થિર કરનારી આપણી આ વિવિધ વિભૂતિઓના જ આધારે પૃથ્વી પરનું જીવન ધબકતું રહે છે અને માનવબાગ મહેકતો રહે છે.

❖

**અભિમાની માણસને કદી મિત્રો હોતા નથી. જ્યારે તેઓ તવંગર હોય છે ત્યારે તેઓ બીજા કોઈને ઓળખતા નથી અને જ્યારે તેઓ વિપત્તિમાં હોય છે ત્યારે તેમને કોઈ ઓળખતું નથી.**

**- સિડની સ્મિથ**

ગુજરાતના ભક્ત કવિ નરસૈયાની એક જીવનઘટના છે. એમનું મન સંસારમાં લાગતું નહોતું. પોતાના ગુજરાન પૂરતું પણ એ કશું કામ કરી શકતા નહીં, એટલે ભાભી રોજ કડવાં વેણ સંભળાવ્યાં કરતી. એક દિવસ, ભાભીનું મહેણું તીર બનીને હૈયાને વીંધી ગયું કે પોતે ઘર છોડીને નીકળી પડ્યા. જૂનાગઢ છોડીને દૂર દૂર ભાવનગર તરફ ગોપનાથના વિસ્તારમાં આવી પહોંચ્યા. સાગરકાંઠાનો સાવ નિર્જન વિસ્તાર, એક ભાંગેલ તૂટેલ દહેરામાં શિવલિંગ હતું, તો દોડીને લિંગને ભેટી પડીને કહ્યું : ''હવે તો તમે દર્શન નહીં દો, ત્યાં સુધી છૂટો નહીં પડું. ભૂખ્યા-તરસ્યા દિવસો વીતી ગયા, પણ નરસૈયો શિવલિંગને છોડે જ નહીં. અંતે ભોળાનાથ પીગળ્યા. દર્શન આપતાં પૂછ્યું : ''શું જોઈએ છે ? જે કાંઈ માંગીશ તે આપીશ.''

ત્યારે નરસિંહ મહેતા કહે છે : ''તમને જે વલ્લભ હોય અતિ દુર્લભ તે મને આપો.'' તમારા જેવા માટે પણ જે અતિદુર્લભ હોય, તેવું કાંઈક વરદાન આપો, મારા હૃદયવલ્લભ ! શિવજી તો કૃષ્ણઘેલા. કાનુડાની રાસલીલા એમને અતિપ્યારી ! એમણે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે આ ભગતને તમારી રાસલીલા દેખાડો ! હવે સાધારણ ચર્મચક્ષુ વડે તો સાક્ષાત્ પ્રભુની રાસલીલાનાં દર્શન કેવી રીતે શક્ય બને ? એટલે કૃષ્ણે નરસિંહ મહેતાને દિવ્યદૃષ્ટિ આપી અને હાથમાં એક મશાલ આપી કહ્યું : ''આ મશાલના દિવ્ય પ્રકાશમાં તમને રાસલીલાનાં દર્શન થશે.'' નરસૈયાના હાથમાં મશાલ આવી અને સામે રાધા-કૃષ્ણની ભવ્ય રાસલીલાનાં અદ્‌ભુત દર્શન થયાં. એક એક ગોપી અને એક એક કાનો, ગોળ ગોળ રાસમાં ઘૂમે ! જાણે સમસ્ત બ્રહ્માંડ રમણે ચઢ્યું ! ભક્ત નરસૈયા તો ભાન ભૂલી ગયા. રાસદર્શનમાં એટલા તલ્લીન થઈ ગયા

કે હાથની મશાલ આખી ને આખી ક્યારે સળગી ગઈ અને હવે તો એમના હાથે જ આગ પકડી લીધી હતી, એ વાતનું ભાન સુધ્ધાં એમને ન રહ્યું !

આ બાજુ આ રાસલીલા પણ અટકવાનું નામ નહોતી લેતી. રાધાજી વારંવાર કાનુડાને હવે બસ કરવા કહે, પણ આજે કૃષ્ણ પણ રંગમાં આવી ગયા હતા. છેવટે રાધાએ જીદ પકડી ત્યારે કૃષ્ણે કહ્યું : "તમે નરસૈયાના હાથ સામું જોયું ! ત્યાં મશાલ નહીં, હાથ સળગી રહ્યો છે !" - એ દૃશ્ય જોઈ રાધાજી તો સ્તબ્ધ થઈ ગયાં. ભક્તિ તે આનું નામ.

કહેવાય છે કે જે હાથ સાક્ષાત્ મશાલ બનીને સળગ્યા, તે હાથે જે કવિતા ઝરી તેમાં કડીએ કડીએ ઈશ્વરની રાસલીલાની રમણીયતા પ્રગટ થઈ ! કવિતા કલમમાંથી ઝરતી નથી. કવિતા ઝરે તે માટે હાથને સળગવું પડે છે. અંતરના પ્રાણ સીંચાતા નથી, ત્યાં સુધી કળા પ્રગટ નથી થતી. કારણ કે કળાતત્ત્વ કે કાવ્યતત્ત્વ એ આત્માનું પ્રાગટ્ય છે.

એક મંદિર બંધાતું હતું. ચાલુ બાંધકામે રાજા ગુપ્તવેશે મંદિર જોવા ગયા. ચારે કોર ઈંટ-પથ્થર - સિમેન્ટના ઢગલા હતા. બધા કામે લાગ્યા હતા. થોડેક જઈને રાજાએ એક માણસને પૂછ્યું : "ભાઈ, આ શું કરો છો ? તો પેલાએ ઉદ્ધતાઈથી કહ્યું : "દેખાતું નથી, પથ્થર તોડી રહ્યો છું. રાજા આગળ વધ્યો. બીજા એક પથ્થર ફોડને પૂછ્યું : તો એણે સહજતાપૂર્વક કહ્યું : "રોટલો કમાઈ રહ્યો છું." ત્રીજા પાસે પહોંચ્યા તો એણે કહ્યું : "ભાઈ, ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું !"

ક્રિયા એકની એક પણ પહેલો હતો વેઠિયો - મજૂર, બીજો હતો વેતનિયો - કારીગર જ્યારે ત્રીજો હતો - જીવન - કળાકાર !

❖

મહંમદ સાહેબ પયગંબરના બાળપણનો પ્રસંગ છે. એક વાર ગામને તળાવે ભાઈબંધો સાથે રમતા હતા. ત્યાં તળાવની પાળે ઘણા બધા દેડકા કૂદકા મારે. દેડકાને જોઈ છોકરાઓને મસ્તી સૂઝી. એમણે એકેક પથરો લઈ તાકીને દેડકા પર મારવાનું શરૂ કર્યું. બિચારા દેડકા પથરો વાગે એટલે 'ડ્રાંઉ ડ્રાંઉ' કરીને પાછા તળાવમાં જતાં રહે. બીજા છોકરાઓને જોઈને મહંમદ સાહેબે પણ એક પથરો ઉગામીને માર્યો, પણ માર્યા પછી હૃદયમાં હલચલ મચી ગઈ.

ઘેર જઈને તરત માને વાત કરી.''મા, પથરો નાંખતા તો મેં નાંખી દીધો, પણ દેડકાના કરુણ સ્વરથી મને અંદરથી કોઈ સતત રોકતું રહ્યું કે આમ દેડકાને હેરાન ન કરાય. મા, આમ અંદરથી કોણ અટકાવતું હશે ?''

ત્યારે માએ કહ્યું : ''બેટા, તું મને ઘણી વાર પૂછે છેને કે અલ્લા એટલે શું ? એ ક્યાં રહે ?'' - તો તને અંદરથી જે ટોકતો હતો, તે જ અલ્લા - ખુદા ! એ સૌના અંતરમાં વાસ કરે છે અને સાચા - ખોટાનું ભાન કરાવતો રહે છે !

અંતરાત્મા એ પરમાત્માનો એક અંશ છે. એ જ આપણું સાચું સ્વરૂપ છે. ઉપર ઉપરની બધી ઓળખાણો આખરે અધૂરી નીવડે છે. માણસનું રૂપ, ભણતર, ધન - વૈભવ, પદ - પ્રતિષ્ઠા વગેરે બધું ડુંગળીના ઉપરનાં ફોતરાં જેવું છે. એ ફોતરાંને ઉખેડીને ફેંકી દઈએ, ત્યારે જ ગુણકારક ડુંગળી હાથમાં આવે.

ગુરુદયાળ મલ્લિકજી જ્યારે શાંતિનિકેતનમાં પ્રાધ્યાપકનું કામ કરતા હતા, ત્યારે એક વખતે એક વિદ્યાર્થી એમની પાસે હસ્તાક્ષર લેવા આવ્યો. મલ્લિકજીએ એની નોંધપોથીમાં સંદેશો લખી આપ્યો. Know

Thyself. - તારી જાતને ઓળખ ! - પછી એ જ વિદ્યાર્થી તરત રવીન્દ્રનાથ પાસે ગયો. એમણે ગુરુદયાળના સંદેશ નીચે લખ્યું. Forget - thyself. મલ્લિકજીએ એમનો સંદેશો વાંચી જોયો અને પોતાના માટે સંદેશો તારવ્યો - To know thyself, forget - thyself

સાચું સ્વરૂપ જાણવા, ઉપરનાં રૂપોને ભૂલી જા !

❖

મહાન સંકટો અને દુઃખો ભોગવનાર એક સ્ત્રી જણાવે છે કે "હું કદી પણ કોઈને મારાં દુઃખોની વાત કહીને દુઃખી કરીશ નહિ, એવો મેં નિશ્ચય કર્યો છે. જ્યારે હું રુદન કરી શકી હોત ત્યારે મેં હાસ્ય કર્યું છે, અને મશ્કરીઓ કરી છે. પ્રત્યેક સંકટની સામે મેં સ્મિત કર્યું છે. મેં મારી પાસેથી પ્રત્યેક જણને સુખદ શબ્દ અને આનંદમય વિચાર લઈને જવા દેવાનો પ્રયત્ન કર્યો છે, સુખ જ સુખને જન્મ આપે છે; અને નીચે બેસી ભાગ્ય પર વિલાપ કરવાથી મને જે સ્થિતિ પ્રાપ્ત થઈ હોત તે કરતાં વધારે સુખી સ્થિતિમાં હું છું."

- ઓરીસન સ્વેટ માર્ડન

## ૨૫ ઈશ્વરની ઈચ્છા વગર ....

મહંમદ સાહેબ પયગંબર પાસે કોઈ જરૂરતમંદે આવીને વિનંતી કરી કે આપ આવતી કાલે મારું આટલું કામ કરી આપશો ? મહંમદ સાહેબે હા પાડી અને દુર્ભાગ્યે બીજા દિવસે એવાં જરૂરી કામો આવી પડ્યાં કે પેલા માણસનું કામ ન જ થઈ શક્યું. પેલો માણસ તો નિર્ધારિત સમયે હાજર થઈ ગયો અને કામ અંગે પૂછ્યું, તો કામ નહોતું થયું એટલે નારાજ થઈ ગયો. બોલ્યો : ''પણ પયગંબર સાહેબ, તમે મને કહ્યું હતું ને !' ત્યારે મહંમદ સાહેબે કહ્યું : ''હા ભાઈ, મેં તને કહ્યું હતું જરૂર, પણ એમાં હું એક શબ્દ ઉમેરવાનો ભૂલી ગયો હતો. એ શબ્દ છે - .... જો અલ્લા ઈચ્છશે તો - ખુદાની ઈચ્છા ન હોય તો હું કાંઈ ન કરી શકું, મારા ભાઈ !''

આવો જ એક પ્રસંગ 'રામકૃષ્ણ કથામૃત'માં છે. એક દિવસ ગિરીશબાબુએ શ્રી ઠાકુરને કોઈ બાબતમાં કહ્યું કે 'હું કરીશ.' ત્યારે શ્રી ઠાકુરે કહ્યું : ''આ શું ? જો એ પ્રમાણે ન કરી શક્યા તો ? માટે એમ કહો કે ઈશ્વરની ઈચ્છા હશે તો કરીશ.'' પરમહંસ કાયમ કહેતા કે તમે સંસારમાં રહો તેમાં કશો વાંધો નથી. પણ ભગવાનને પકડી રાખી સંસારમાં રહેશો તો સંસારના દોષ તમને સ્પર્શી નહીં શકે. ફણસને કાપતી વખતે હાથમાં તેલ લગાડવું પડે છે, જેથી એનું દૂધ - ચીલ હાથમાં લાગે નહીં.

આપણે ત્યાં કહેવત છે કે ઈશ્વરની ઈચ્છા વગર પાંદડું પણ હાલી ન શકે. જગતમાં માણસની ઈચ્છા સર્વોપરી નથી. કશુંક ન સમજાય તેવું બળ જગતનો દોરી સંચાર કરે છે. આપણા જીવનનો દોર પણ એ મહાચાલકને સોંપી, આપણી શક્તિના અંતિમ બુંદને ખર્ચી કાઢીએ !

❖

ઈરાનના બાદશાહ નૌશેરવાન ન્યાયી રાજા તરીકે પ્રખ્યાત હતા. એક દિવસે તેઓ જંગલમાં શિકાર કરવા નીકળ્યા, ત્યાં જંગલમાં રસોઈ કરવા મીઠાની જરૂર પડી. બાદશાહે નોકરને કહ્યું : ‘‘જા, નજીકના ગામે જઈ મીઠું લઈ આવ. પણ જોજે, પૈસા આપ્યા વગર મીઠું ન લાવતો, નહીં તો આખું ગામ ઉજ્જડ થઈ જશે !’’

નોકરે નવાઈ સાથે પૂછ્યું : ‘‘જહાંપનાહ ! ચપટીક મીઠામાં આખું ગામ શી રીતે ઉજ્જડ થઈ જાય ?’’

બાદશાહે કહ્યું : ‘‘જે દેશનો રાજા રૈયતની વાડીમાંથી એક ફળ પણ પૂછ્યા વગર તોડી લે, તો એનો નોકર આખું ઝાડ એનાં મૂળસોતું ઉખેડીને ખાઈ જાય !’’

રાજ્યનું તંત્ર ચલાવવું તે એક બાબત છે, અને પ્રજાનું હિત હૈયે સેવી, ઝીણી ઝીણી બાબતોનું પણ ધ્યાન રાખી જનતાની નૈતિકતાનું સ્તર ઊંચું ઉઠાવવું તે બીજી બાબત છે.

ચીનનો એક બાદશાહ હતો - કિયેન લોંગ. એક વાર ઇંગ્લેન્ડથી એક અંગ્રેજ ચીન દેશે કરેલા વિકાસને સગી આંખે જોવા આવ્યો. ખાસ તો એને એ જાણવું હતું કે ચીનનું સરેરાશ મૃત્યુ પ્રમાણ ઘણું ઓછું હતું, એનું યથાર્થ કારણ શું છે ? એણે જુદી જુદી રીતે દવાખાનાં, દાક્તરો, ઔષધાલયો વગેરે તપાસી લીધા, પણ કોઈ જવાબ હાથ નહોતો લાગતો, અંતે એણે રાજાને જ પૂછ્યું.

ત્યારે રાજાએ એને સામું પૂછ્યું : ‘‘તમારા દેશમાં દાક્તરોને પૈસા ક્યારે કેવી રીતે ચુકવાય છે ?’’

તો અંગ્રેજે કહ્યું : ‘‘બસ, દાક્તર દર્દીને તપાસતી વખતે જ રોગનું

નિદાન કરી ફી નક્કી કરી લે છે.''

તો રાજા કહે : ''બસ, આ જ છે કારણ.''

'એ કેવી રીતે ?'

''અમારે ત્યાં દર્દીને તપાસતી વખતે કશું લેવાતું નથી. દર્દી સાજો થાય પછી જ દાક્તર બીલ આપી શકે. દર્દી મરે તો એને કશું ન મળે, એટલે દર્દી મરે નહીં તે માટે એ ઉત્તમ ઉપચાર કરે છે.''

છેને દીર્ઘ દૃષ્ટિ ?

❖

**કોઈપણ રોગને પોષણ મળે એવો સંયોગ જો આપણા શરીરમાં ન હોય તો રોગની તાકાત નથી કે તે આપણા શરીરમાં પ્રવેશી શકે. તે જ પ્રમાણે કોઈ અશુભ કે અનિષ્ટ સ્થિતિને અનુકૂળ તત્ત્વો જો આપણામાં ન હોય તો તે સ્થિતિની તાકાત નથી કે આપણા પર તે સવાર થઈ શકે. માટે જે કાંઈ સુદશા કે દુર્દશા આપણા પર આવી પડે તેનું કારણ બહાર શોધવાને બદલે આપણે આપણામાં જ શોધવું જોઈએ. જો તે કારણ શોધી કાઢીને તેને દૂર કરીએ તો તેથી આપણી આંતરસ્થિતિ એવી તો ઉત્તમ બનશે કે જેથી કેવળ સારી દશા જ આપણી તરફ આકર્ષાઈને આવ્યા કરશે. સ્વભાવથી જ આપણે આપણી દશાના સ્વામી થવાને સરજાયેલા હોવા છતાં માત્ર અજ્ઞાનને લીધે જ સંયોગોને આધીન બની જઈને તેના ગુલામની પેઠે વર્તીએ છીએ.**

**- રાલ્ફ વાલ્ડો ટ્રાઈન**

## ન્યાયપ્રિયતાનું સ્મારક

ફારસના બાદશાહ નૌશેરવાનને શિકાર ખેલવાનો ભારે શોખ. પરંતુ એક ઘટના એવી સર્જાઈ કે એમનું જીવન આખું બદલાઈ ગયું.

એક વાર એમણે જોયું કે એક માણસે એક કૂતરાને પથરો માર્યો એટલે એનો પગ ભાંગી ગયો. એ જ વખતે, ક્યાંકથી એક ઘોડો દોડતો આવ્યો, જેણે પેલા માણસને લાત મારી અને એનો પગ તોડી નાંખ્યો. ધસમસતો ઘોડો આગળ ધપ્યો, ત્યાં એક ખાડો આવ્યો અને એમાં પડી ગયો, પરિણામે એનો પગ ભાંગ્યો. આ બધી ઘટનાઓની એક સાંકળ ધ્યાનમાં આવી તો નૌશેરવાન ગંભીર થઈ ગયો. એને ખ્યાલ આવ્યો કે અલ્લા ન્યાય કરે છે. બસ, ત્યારથી એ દયાળુ અને પરોપકારી બની ગયો અને રાજા હોવા છતાં સંતોનું જીવન જીવવા લાગ્યો.

એક વાર રોમ દેશનો રાજદૂત ફારસ આવ્યો. એ જ દિવસોમાં નૌશેરવાને એક મોટો રાજમહેલ બનાવ્યો હતો, જેમાં એક મનોહર બગીચો તૈયાર કર્યો હતો. બાદશાહે રાજદૂતને એ મહેલ જોવા મોકલ્યા. બગીચો જોઈને મહેમાન તો ખૂબ પ્રસન્ન થઈ ગયા, પણ ત્યાં અચાનક એમનું ધ્યાન ખૂણાની એક ઝૂંપડી પર પડ્યું, જેને કારણે બગીચાની બધી શોભા પર ચોકડી લાગી જતી હતી. એણે સરદાર સામું જોયું. સરદાર બોલ્યા : ‘‘આ ઝૂંપડી અમારા બાદશાહની ન્યાયપ્રિયતા અને દયાકરુણાની પ્રતીક છે. આ બાગ માટે જ્યારે જમીન પસંદ કરાઈ, ત્યારથી જ આ ઝૂંપડી અહીં હતી. બાદશાહે ઝૂંપડીવાળાં માજીને મોટી રકમ આપીને એટલી જમીન વેચાતી લેવા કહ્યું, પણ ડોશી કહે : ‘‘મારા બાપદાદાની આ યાદગીરી છે. એ જેવી છે તેવી જ અહીં રહેશે. હું થોડા દિવસની મહેમાન છું. મારું મોત ન બગાડશો.’’ બાદશાહે એ માજીની ભાવનાની એવી કદર કરી કે માજી તો ગુજરી ગયાં, તોપણ એમની ઝૂંપડી યથાવત્ કાયમ છે ! આ જ એમનું સ્મારક છે.

રાજદૂતે પ્રભાવિત થતાં કહ્યું : ‘‘ન્યાય અને વિશાળ હૃદયની સાક્ષી એવી આ ઝૂંપડીએ બાદશાહની કીર્તિમાં ચાર ચાંદ લગાડ્યા છે.’’

ઈસ્લામના પ્રથમ ખલીફા હજરત અબૂ બક્ર મરણપથારી પર હતા. દવાદારૂ ચાલુ હતા, પરંતુ હવે મોત નજીક ઢૂંકાતું હતું..

એક દિવસ ખલીફાએ પૂછ્યું : ''મને રાજકોશમાંથી અત્યાર સુધી કેટલા વજીફા મળ્યા છે ?''

હિસાબ કરીને ખજાનચીએ કહ્યું : ''છ હજાર દીરહમ (લગભગ દોઢ હજાર રૂપિયા)''.

ત્યારે ખલીફાએ હુકમ કર્યો : ''મારી જમીન વેચીને રાજકોશમાં દોઢ હજાર રૂપિયા ભરી દો !''

પછી તપાસ કરાવી કે ખલીફા બન્યા પછી પોતાની માલ-મિલકતમાં કેટલી વૃદ્ધિ થઈ. તો ખબર પડી કે,

૧. એક હબ્સી છે, જે બાળકોનું ધ્યાન રાખે છે અને મુસલમાનોની તલવારોને પૉલિશ કરે છે.

૨. એક ઊંટડી છે, જેના પર પાણી લાદીને લવાય છે.

૩. સવા રૂપિયાની એક ચાદર છે.

તો ખલીફાએ વસિયતનામું લખ્યું કે મારા મૃત્યુ બાદ ઉપરોક્ત આ તમામ ચીજો નવા ખલીફા પાસે પહોંચાડી દેવામાં આવે.

મરવાના થોડા સમય પહેલાં પોતાની બેટી આયેશાને પૂછ્યું : ''રસૂલ્લાહ (હજરત મહંમદ સાહેબ)ને કેટલાં કપડાંનું કફન આપ્યું હતું ?''

બેટી બોલી : ''ત્રણ રૂપિયાનું !''

તો વસિયતનામામાં ઉમેર્યું : ''મારા કફનમાં ત્રણ કપડાં હોય

- ઓઢેલી બે ચાદર ધોઈ નાંખીને વપરાય, તદુપરાંત એક કપડું નવું ખરીદવામાં આવે.''

એ વાંચીને બેટી કહે : ''બાપુજી, આપણે કાંઈ એવા ગરીબ નથી કે નવાં કપડાં ન ખરીદી શકીએ.''

ત્યારે જવાબ મળ્યો. ''બેટી ! નવાં કપડાં મડદા કરતાં જીવતા લોકો માટે વધારે યોગ્ય કહેવાય ! કફન તો લોહી-પરુ માટે હોય છે !''

આપણે ત્યાં કહેવાયું છે - 'राज्यान्ते नरकप्राप्तिः ।' જે કોઈ રાજ કરે તેની ગાંઠે જાણ્યે-અજાણ્યે હજારો પાપ બંધાય. એટલે રાજ્ય કરનારે સતત સાવધાની રાખવી રહી ! અબુ બક્ર આવી સાવધાની રાખનારાઓમાં સૌથી ટોચ પર વિરાજમાન છે !

❖

**સૌથી મહાન સફળતાને પ્રાપ્ત થયેલા જે માણસોને હું ઓળખું છું તે બધા આશાવાદી હતા. ભાવિ ગમે તેટલું તિમિરમય યા નિરાશાજનક લાગતું હોય તો પણ તેઓ અંતિમ પરિણામ પરની પોતાની શ્રદ્ધાને ચીવટથી વળગી રહે છે. આવી આશાવંત મનોવૃત્તિ આપણને અજ્ઞાત એવી કોઈક ભેદભરેલી રીતે આપણી જરૂરી વસ્તુનું આકર્ષણ કરે છે. જ્યારે આપણે તેને શોધતા હોઈએ, ત્યારે તે પણ આપણને શોધતી હોય છે.**

**- ઓરીસન સ્વેટ માર્ડન**

"તારી મોટામાં મોટી ઇચ્છા શી છે ?"

"યુવાનને જીતવાની."

"ત્યાર બાદ ?"

"એશિયાને જીતવાની"

"પછી ?"

"આખી દુનિયાને જીતી લેવાની."

"પછી શું કરીશ ?"

"પછી વળી શું ? આરામ કરીશ અને જીવનનો આનંદ માણીશ."

"તો મારા ભાઈ, અત્યારથી જ આરામ કરવા માંડને !"

જગતને જીતવાનાં સોણલાં સેવતા મહાન સિકંદરને ટબમાં પડ્યો પડ્યો એક સાધારણ ભિખારી જેવો દેખાતો માણસ કહી રહ્યો હતો. એ હતો સૉક્રેટીસનો ચેલો ડાયોજિનીજ, જેનું ઘર હતું - નાહવાનું ટબ અને જેનાં કપડાં હતાં ખુલ્લું આકાશ !

બાદશાહ અને ભિખારી વચ્ચેનો સંવાદ આગળ ચાલે છે :

"હું સિકંદર ન હોત તો ડાયોજિનીજ થવાનું પસંદ કરત." વિશ્વ વિજેતાએ અભિમાનપૂર્વક કહ્યું.

"ઊંહ ! હું ડાયોજિનીજ ન હોત તોય સિકંદર બનવાનું તો કદાપિ પસંદ ન કરત." એકદમ દૃઢ અવાજે, ટબના પાણીને લાપરવાહીથી ઉડાડતો ડાયોજિનીજ બોલ્યો.

દુનિયાની અનેક લડાઈઓ જીતીને આવનારા સિકંદરને થયું કે સામે આંબ્યો અંબાય નહીં તેવો એક મોટો પહાડ છે અને એની સામે પોતે છે સાવ રાઈનો દાણો ! છતાંય હિંમત કરીને થોથવાતા અવાજે

પૂછ્યું : ''તમારી કોઈ સેવા હું કરી શકું ?''

''ચોક્કસ ! તું જરા આઘો ખસી જા, જેથી પેલા તડકાનો આનંદ હું લૂંટી શકું.''

આવા મસ્ત ફકીરને એક વાર એના પિતા પર કરવામાં આવેલા આરોપમાં સંડોવવામાં આવ્યો અને ન્યાયાધીશે એને સિનોપનગરમાંથી ચાલ્યા જવાની સજા ફરમાવી. ત્યારે દમામભર્યા અવાજે આ બેતાજ બાદશાહે પણ સામે ફરમાન ઉચ્ચાર્યું કે ''અને હું તને આ સિનોપનગરમાં રહેવાની સજા ફરમાવું છું.''

લોકો એને 'ભૂંકતો તત્ત્વજ્ઞાની' કહેતા. ચીંથરેહાલ સ્થિતિમાં એને સારી પેઠે દુઃખ, અપમાન તથા સંકટ સહેવાં પડતાં, છતાંય એની મસ્તી અજબની હતી !

એક વાર એને ડાકુઓએ પકડ્યો અને ગુલામના બજારમાં વેચવા લઈ આવ્યા. ભરબજારમાં વચ્ચોવચ ઊભો રહી, ભાવતાલ કરનારાઓને સંબોધીને એ ગરજ્યો : ''ગુલામો ! આવો અને ખરીદો એક માલિકને !''

એક વાર રમતની હરીફાઈ યોજાઈ હતી. એ પણ પ્રેક્ષકોનાં ટોળાંમાં ભળી ગયો. કોઈકે પૂછ્યું : ''રમત જોવા તું જાય છે ?''

''અરે હોય ! હું તો રમવા જઉં છું.''

''કઈ રમતમાં ભાગ લેવાનો છું ?''પૂછનારે કટાક્ષમાં પૂછ્યું.

''દોડવાની હરીફાઈમાં અને કુસ્તીની હરીફાઈમાં ભાગ લઈશ. સુખથી દૂર ભાગવામાં સૌથી વધારે ઝડપ મારી છે અને દુઃખની સાથે કુસ્તી લડવાની સૌથી વધુ તાકાત મારી છે.''

'ભૂંકનારા તત્ત્વજ્ઞાની'ને નામે ઓળખાતા આ મહાન પુરુષનું હૃદય અત્યંત મૃદુ, માખણ જેવું હતું ! બહારનું કવચ નાળિયેર જેવું સખત-કઠોર ! પણ ફોડીને અંદર પહોંચો તો પામો મધમીઠું પાણી અને

ફૂણું કોપરું !

એક મુસ્લિમ મહિલા સંતનો પણ આવો જ કિસ્સો છે.

મુસ્લિમ સંત સહલ તશ્તરીના જમાનામાં એક મોટા સંત ફકીર એકવાર જંગલમાંથી પસાર થતા હતા. ત્યાં નિર્જન કેડીને કાંઠે એક બેહાલ સ્ત્રીને ઊભેલી જોઈ. એમને દયા આવી કે આ બિચારી ગરીબ બાઈ મુશ્કેલીમાં હશે. એટલે એને મદદ કરવા ખીસામાં હાથ નાખી થોડાક સિક્કા પેલી બાઈ સામે ધર્યાં. પરંતુ આ બાઈએ તો પોતાનો હાથ સામે ધરવાને બદલે ઊંચે આકાશમાં ફેલાવ્યો અને મુઠ્ઠીવાળીને નીચે લાવી ફકીર સામે ખોલી બતાવ્યો તો હથેળીમાં સોનામહોરો હતી ! ફકીરને થયું કે હું આને કોઈ ગરીબ બાઈ માનતો હતો પણ આતો કોઈ સિદ્ધ બાઈ લાગે છે. ત્યાં તો પેલી બાઈ બોલી : ''તૂ જેબ સે નિકાલતા હૈ, લેકિન દેખો હમેં તો ગેબ સે મિલતા હૈ'' પેલો ફકીર આ 'જેબ' અને 'ગેબ'ના મર્મને સમજે ના સમજે ત્યાં તો પેલી બાઈ અલોપ થઈ ગઈ.

આ ઘટનાને વર્ષો વીતી ગયાં બાદ ફકીર હજ કરવા મક્કા ગયા. ત્યાં લાખો લોકોને કાબાની પ્રદક્ષિણા કરતા જોયા. તેણે જોયું તો એક ખૂણામાં પેલી સ્ત્રી પણ ઊભી હતી. પણ કૌતુક એ હતું કે બીજા યાત્રીઓ કાબાની પ્રદક્ષિણા કરતા હતા ત્યા  કાબા પોતે આ બાઈની પ્રદક્ષિણા કરતું હતું. આ જોઈ ફકીરનું આશ્ચર્ય શમે તે પહેલાં આ સ્ત્રી એને કહેવા લાગી : ''દેખો, જો લોગ કાબા આતે હૈં ઉન્હેં તો કાબા કા તવાફ (પ્રદક્ષિણા) કરના ચાહિએ લેકિન જો લોગ બે અખ્તિયાર હો જાતે હૈં ઉનકા તવાફ કાબા ખુદ કરતા હૈ !'' બેઅખત્યાર થવું એટલે સત્તાનો અને હુંપદનો મોહ છોડી દેવો. એક મુસ્લિમ મહિલા સંતને આ મહાન જીવનદર્શન થયું કે કોઈના પર સત્તા ચલાવવાની ક્ષુદ્ર ઇચ્છાવૃત્તિ જેણે છોડી દીધી હોય તેનાં ચરણોમાં સર્વસત્તાધીશ (ખુદા પણ) પોતાની તમામ સત્તા હેઠી મૂકી દે છે ! ❖

નાનપણમાં અબુ બેન આદમની એક કવિતા ભણવામાં આવતી. તેઓ હજરત ઈબ્રાહીમ પણ કહેવાતા. એક વાર તેઓ હજ માટે નીકળ્યા. હજયાત્રા એટલે પૂરી તપશ્ચર્યા. જાતજાતની તકલીફો વેઠવી પડે. વચ્ચે થોડા દિવસ તો ભૂખ્યા રહેવાની નોબત પણ આવી. કાળજું તો કાઠું હતું, પણ શરીર નબળું પડવા લાગ્યું. એટલામાં સામે એક શેતાન આવીને અંટસંટ બોલવા લાગ્યો : "વાહ ભાઈ ! સરસ બદલો મળી રહ્યો છે તારી ઈબાદતનો ! બાદશાહી છોડી, મહેલ-નગર છોડ્યા, રાત દિવસ અલ્લાને સંભાર્યા, શું એ બધાનું જ આ રૂડું ફળ છે કે શું ?" શેતાને અલ્લાને પણ ઠપકાર્યા એટલે ઈબ્રાહીમથી ન રહેવાયું. ખુદાને પોકારી કહેવા લાગ્યા : "હે ખુદા, તમારે મારી જેટલી કસોટી કરવી હોય તેટલી ભલે કરો, પણ આ કાફરના મોઢે તમારા નામને લજાવું પડે, તેવું સાંભળવામાંથી મને ઉગારો." ત્યાં ગેબમાંથી અવાજ આવ્યો : "તારી જેબમાં ચાંદીના સિક્કા છે તે ફેંકી દે." ... ઈબ્રાહીમે તે ફેંકી દીધા તો તરત પેલો શેતાન ગાયબ થઈ ગયો.

થોડુંક ચાલ્યા ત્યાં નશામાં ચૂર એવો એક દારૂડિયો લથડિયાં ખાતો રસ્તા પર જઈ રહ્યો હતો. ઈબ્રાહીમનું ધ્યાન એના પર ગયું. નજીક જઈને એના મોં પરથી ધૂળ સાફ કરી પેલાએ ઘેનમાં જ પૂછ્યું, "શું કરો છો, ભાઈ !" તો ઈબ્રાહીમે કહ્યું : "ભાઈ, જે મોઢેથી અલ્લાનું નામ લો છો, તે ગંદું ન રખાય. અલ્લાનું નામ પાક છે તો આપણું મોં પણ પાક હોવું જોઈએ.' ઈબ્રાહીમે એને ઘર સુધી સલામત પહોંચાડી દીધો. પેલાનો નશો ઊતર્યો ત્યારે પોતે એક ફકીર પાસેથી આટલી સેવા લીધી, તે બદલ લજવાઈ ગયો.

એ રાતે ઈબ્રાહીમના સ્વપ્નામાં એક ફિરસ્તો આવ્યો અને બોલ્યો : "ઈબ્રાહીમ, તેં દારૂડિયાના ચહેરાને સાફસૂફ કર્યો તો અલ્લાતાલાએ તારું દિલ સાફ કરી નાંખ્યું અને જો તારા તમામ ગુના

માફ કર્યા.''

થોડા દિવસો વીતી ગયા. એક રાતે હંમેશની જેમ અલ્લાને યાદ કરી ઈબ્રાહીમ સૂવા ગયા. થોડી વારમાં તો ગાઢ નિદ્રા આવી ગઈ. પણ મધરાતે અચાનક એમની આંખો પર અજવાળું ફેંકાયું અને તેઓ ઝબકીને જાગી ઊઠ્યા. કદાચ ચાંદ ખીલ્યો હશે, એમ માની બારી બહાર જોયું, તો બારીમાં એક નૂર ઝળહળતું હતું અને એક ફિરસ્તો હાથમાં પુસ્તક લઈને એમાં કશુંક લખી રહ્યો હતો.

''આપ કોણ છો ?'' ઈબ્રાહીમે પૂછ્યું.

''હું ફિરસ્તા જબ્રીલ.''

''તમે શું લખી રહ્યાં છો ?''

''અલ્લાના દોસ્તોનાં નામ !''

''મારું નામ એ યાદીમાં ઉમેરશો ?''

''હરગિજ નહીં !''

''કેમ ભાઈ ?''

''તમે અલ્લાના દોસ્ત નથી !''

''હા, પણ હું અલ્લાના દોસ્તોનો દોસ્ત તો છું !'' ઈબ્રાહીમે કહ્યું.

ફિરસ્તો તો ચાલ્યો ગયો. વળી ઘોર અંધકાર વીંટળાઈ વળ્યો પણ હવે ઈબ્રાહીમની ઊંઘ વેરણ બની. અલ્લાનું નામ લેતાં લેતાં પડી રહ્યા.

રાત પૂરી થઈ. સવાર થતાં જ ઈબ્રાહીમ તો રોજની જેમ જરૂરતમંદોની સેવામાં લાગી ગયા. દિવસ ભર સેવાની જ ધૂન ! વળી રાત પડી અને રોજની જેમ અલ્લાનું નામ લેતાં લેતાં સૂઈ ગયા. આજે મધરાતે વળી પાછી એ જ રોશની ! એ જ ફિરસ્તો ! હુકમથી તારું નામ પણ એમના દોસ્તોમાં આવી ગયું.'' આટલું કહીને ફિરસ્તો અલોપ થઈ ગયો.

ઈબ્રાહીમે યાદીમાં જોયું તો અલ્લાના દોસ્તોમાં સૌથી પહેલું નામ 'હજરત ઈબ્રાહીમ બિન આદમ'નું હતું !

❖

કોશલ અને કાશી બેઉ અડખેપડખેનાં રાજ્ય. કોશલનરેશની કીર્તિ ચોમેર એટલી બધી ફેલાઈ ગઈ હતી કે કવિઓ અને ચારણો નાચી નાચીને એમનાં ગુણગાન ગાયા જ કરતા. કાશીનરેશની પ્રજાવત્સલતા, પરોપકારિતા અને ઉદાત્ત સ્વભાવ દુશ્મનને પણ મોહિત કરે તેવા હતા.

અને દુશ્મન તો નહીં, પણ પાડોશી આ કીર્તિગાન સાંભળી ઈર્ષ્યાથી સળગી ઊઠ્યો. જ્યાં જુઓ ત્યાં કોશલનરેશનું જ નામ ! કાશીનરેશ આ સાંખી ન શક્યો એટલે એણે અણધાર્યો ઘા કર્યો. કોશલનરેશ આવા અણધાર્યા આક્રમણ માટે સુસજ્જ નહોતા. એમની સેના ટકી ન શકી અને રાજાને જીવ બચાવવા જંગલમાં ભાગી જવું પડ્યું.

આ બાજુ વિજયના ઘેનમાં કાશીનરેશ કોશલની રાજધાનીમાં પધાર્યા, ત્યારે કોઈએ એમને અંતરથી આવકાર્યા નહીં, બલ્કે નગરજનો પોતાની આંખોનાં આંસુ છુપાવવા માંગતા છતાં છુપાવી નહોતા શકતા. તેમાં વળી, કાશીનરેશે ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ કોશલરાજને જીવતા પકડી લાવશે, એને પાંચસો સોનામહોર અને કોઈ મરેલા લઈ આવશે તો અઢીસો સોનામહોર પુરષ્કારરૂપે મળશે.

કોશલનરેશ દીનહીન હાલતમાં જંગલમાં જ્યાં ત્યાં ભટકતા હતા, ત્યાં એક દિવસ તેમને એક મુસાફર મળ્યો, જેણે કોશલ દેશનો રસ્તો પૂછ્યો. ત્યારે કોશલરાજે ત્યાં જવાનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો - મારી તમામ મૂડી ખર્ચીને ખરીદેલો માલ જે જહાજમાં હતો, તે જહાજ જ ડૂબી ગયું છે. હવે હું સાવ ભિખારી બની ગયો છું. મારાં ઘરબાર લૂંટાઈ ગયાં છે અને બૈરી છોકરાં રસ્તે રઝળતાં થઈ ગયાં છે. એટલે જ કોશલનરેશ પાસે જઈને ફરી વ્યાપાર કરી શકું તેવું માંગવા

જઉં છું. મને પાક્કો વિશ્વાસ છે કે તેઓ મને આ આફતમાંથી નિ:શંક ઉગારશે. આ સાંભળીને કોશલરાજ થોડા ઊંડા વિચારમાં પડી ગયા, પછી કહે : ''ચાલો, હું તમને એમની પાસે પહોંચાડી દઉં ! ઘણે દૂરથી કેટલી તકલીફ ઉઠાવીને આવ્યા છો !''

બે દિવસ પછી કાશીરાજની સભામાં એક જટાધારી ગરીબ કાશીનરેશ પાસે આવીને કહે : ''હું કોશલરાજ છું. મને જીવતો પકડી લાવવા માટે તમે જે પાંચસો સોનામહોરોનું ઇનામ આપવાની જાહેરાત કરી છે, તે રકમ મારા આ વેપારી સાથીને આપી દો અને મને બંદી બનાવો !'' આ સાંભળીને આખી સભામાં સન્નાટો ફેલાઈ ગયો. દરબારીઓ તો ઠીક, રાજસેવકોની આંખોમાં પણ આંસુ આવી ગયા. કાશીરાજનું પણ હૃદય ભરાઈ આવ્યું. સિંહાસન પરથી ઊભા થતાં બોલ્યા : ''ભાઈ કોશલરાજ, રણક્ષેત્રમાં હું જરૂર વિજયી થયો છું, પણ કર્તવ્યક્ષેત્રમાં તો હું ક્યારનોય હારી ગયો છું. અત્યાર સુધી તમારી પ્રશંસા સાંભળી મારા અંતરમાં કાંટા ભોકાતા હતા, પણ આજે મારા હૃદયમાં પ્રસન્નતા અનુભવું છું. તમારા જેવા પરોપકારી અને ઉદાર વ્યક્તિ જ આ રાજ-સિંહાસનને શોભાવી શકે'' - કહીને કોશલરાજનો એક હાથ પકડી ઝટ સિંહાસન પર બેસાડી દીધા અને પોતાના માથા પરનો મુગટ જટાધારી મસ્તક પર મૂકી દીધો. આખી સભામાંથી ધન્ય ! ધન્ય ! ઉદ્‌ગાર પડઘાયા અને સર્વત્ર જયજયકાર પોકારાયો.

પછી તો કવિઓ - ચારણોનાં યશોગાન બેવડાઈ ગયાં. બંને રાજ્યોની પ્રજા પણ સક્રિય બની અને એમના સુખસમૃદ્ધિ પણ વધી ગયા. હવે કોશલ - કાશી બે રાજ્ય, સાચા અર્થમાં પાડોશી બન્યાં હતાં.

❖

જમાનો ગમે તે હોય તેમાં કોઈ ને કોઈ શાસનકર્તા અને કોઈ ને કોઈ પ્રજાવર્ગ તો રહેવાના જ. યુગોથી રાજ્ય ચલાવવાના પ્રયોગો ચાલ્યા કરે છે અને રાજ્યકર્તા તથા પ્રજા વચ્ચેના સંબંધરૂપી ચાદર પર ક્યારેક લોહીનાં ધાબાં પડેલાં દેખાય છે, તો ક્યારેક સુંદર રંગોળી !

દુકાળ અને સુકાળ એ તો ઋતુચક્રના જેવું જ એક અનિવાર્ય દ્વંદ્વ. ચાલુક્ય રાજા ભીમદેવના શાસનકાળ દરમ્યાન પણ એક ચોમાસું સાવ કોરુંધબ વીત્યું અને ગુજરાત રાજ્યની ધરતી પર જ નહીં, પણ એકેએક ગુર્જરવાસીના હૈયા પર ઊંડી તિરાડો પડી. ઘરમાં કોઠીઓ ખાલી થઈ ગઈ અને આ બાજુ રાજાને કર આપવાની મુદત નજીક આવતી ગઈ. રાજાના સેવકો ગામેગામ ફરતા અને જેમની પાસે કાંઈ માલમિલકત હતી તેવા લોકોને પાટણમાં રાજાધિરાજ સમક્ષ લઈ આવતા. દરબારમાં ચર્ચાનો વિષય આ જ રહેતો - ઘરમાં ધાન ન હોય ત્યાં કર કેમ ભરવા અને કર ન મળે તો રાજ્ય કેમ ચલાવવું ?

રાજદરબારમાં રાજાનો જુવાનજોધ કુંવર મૂળરાજ પણ બેસતો. ચર્ચાઓ સાંભળી એ ઊંડા વિચારોમાં ખોવાઈ જતો. કોઈ માર્ગ સૂઝતો નહોતો. એક સાંજે આનંદપ્રમોદના વાતાવરણ વચ્ચે રાજકુંવરે રાજદરબારીઓ સમક્ષ ઘોડેસવારીના જાતજાતના દાવ ખેલી બતાવ્યા. ઘોડા ઉપરનો એનો કાબૂ જોઈ સૌ મોંમાં આંગળાં નાખી ગયા. આટલી નાની ઉંમરમાં આવી કુશળતા એ ભારે અચંબો પમાડનારી ચીજ હતી. રાજા ભીમદેવ પણ પોતાના પુત્રની ચપળતા, કૌશલ્ય તથા ઘોડા પરનો કાબૂ જોઈ ખુશ ખુશ થઈ એકદમ બોલી ઊઠ્યા : ''વાહ બેટા, વાહ ! આજ તો બોલ, માગ માગ, માગે તે આપી દઉં !''

ત્યારે મૂળરાજ દૃઢતાપૂર્વક બોલ્યો : ''પિતાજી, માગવું તો મારે

પણ છે. પરંતુ મારા મનમાં શંકા રહે છે કે તમે મારી માગેલી વસ્તુ આપી શકશો કે કેમ ? એટલે નકામા શબ્દો શું વેડફવા ?''

''અરે મૂળરાજ, તું આ શું બોલે છે ? તું માગે અને હું ના દઉં ? કહે બેટા, તારે શું જોઈએ છે ? સંકોચ ના રાખીશ. મનમાં જે ઇચ્છા હોય તે જરાય ખચકાયા વિના કહી દે.''

પ્રેક્ષકવર્ગમાં નીરવ શાંતિ ફેલાયેલી હતી. યુવરાજના શબ્દો સાંભળવા સૌના કાન આતુર બની ગયા : ''મહારાજ, તમે જો મારી આવડત પર સાચેસાચ જ ખુશ થઈ ગયા હો તો મને ઇનામમાં લોકો માટેની મહેસૂલમુક્તિ આપો.''

પ્રેક્ષકોમાં ખેડૂતો પણ હતા, સામાન્યવર્ગના પ્રજાજન પણ હતા. સૌનાં હૃદય આભારવશતાથી ભરાઈ આવ્યાં. ઘડીભર તો રાજાના ચહેરા પર પણ મૂંઝવણની લકીરો ઊઠી, પણ રાજાએ વચન આપ્યું હતું. કહ્યું : ''ભલે બેટા, તારી ઇચ્છા મુજબ આ વર્ષે કોઈની પાસેથી કર નહીં ઉઘરાવાય.''

શ્રોતાવર્ગ તો ખુશખુશાલ થઈ ગયો. તાળીઓના ગડગડાટથી ગગન ગાજી ઊઠ્યું. સૌ યુવરાજ પર વારી ગયા. ત્યાં રાજા ફરી બોલ્યા : ''યુવરાજ, આ ભેટ તો લોકો માટે થઈ. પણ હું તમનેય ઇનામ આપવા ઇચ્છું છું ! તમારે માટે બીજું કાંઈ માગી લો.''

''ના મહારાજ, મારે પોતાને કશું જોઈતું નથી. આપે લોકોની ભીડ ભાંગી, મારું કામ થઈ ગયું.'' આમ કહી મૂળરાજ પોતાના આસને બેસી ગયો.

પ્રજાની આફત તે પોતાની આફત છે એવી સંવેદનશીલતા ધરાવનાર ભાવિ રાજવી પ્રત્યે કોનું હૈયું ન ખેંચાય ? સમગ્ર રાજ્યમાંથી રાજકુંવર માટે પ્રશંસાનાં ફૂલ વેરાણાં. અનેક દિવસો સુધી લોકજીભે

એક જ વાત રમતી રહી : ''ધન્ય છે કુંવર મૂળરાજને !''

પણ કુદરતની કરામત અકળ છે. થોડા જ મહિનાઓમાં રાજકુમારનું આકસ્મિક મરણ થયું. પ્રજા અને રાજા સૌ કોઈ ઊંડા શોકના દરિયામાં ડૂબી ગયાં. સૌનું જાણે ચેતન જ હરાઈ ગયું. કેમે કર્યે લોકજીવનને કળ ના વળે. સૌને થયું કે કુંવરને આપણા સૌની મીઠી નજર લાગી ગઈ. કેમે કર્યા લોકનાં આંસુ સુકાય નહીં. આખરે સંત જ્ઞાની પુરુષોનાં આશ્વાસન વચનો દ્વારા ધીરે ધીરે સૌ આઘાતમાંથી બહાર આવવા લાગ્યાં.

ચક્ર પૂરું થવા આવ્યું અને ચોમાસું ફરી કુદરતનાં દ્વાર ખખડાવવા લાગ્યું. લોકો દ્વિધામાં હતા, વળી પાછી કોણ જાણે કેવી આફત ઊતરી આવશે ! પણ એ વર્ષે તો વરસાદ મન મૂકીને વરસ્યો. તરસી ધરતીએ મન ભરી ભરીને પાણી પીધાં અને પીધાં તેથી અદકેરાં કાંઠે કાંઠે વહાવ્યાં. લોકહૃદય પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાથી છલકાઈ ઊઠ્યું. કુદરતે પણ લોકોના કોઠારો છલકાવી દીધા. રાજા તરફથી કોઈ કહેણ આવે તે પહેલાં જ ખેડૂતો રાજા પાસે પહોંચી ગયા અને સ્વેચ્છાએ બમણો કર આપવા કહેવા લાગ્યા, પણ રાજા એ કર લેવા ના પાડે. 'પોતે ઘસારો વેઠી લેશે પણ કર નથી જોઈતો.' - ખબર નહીં, રાજાને કદાચ મૃત યુવરાજનું વચન યાદ આવતું હશે. ખૂબ ખેંચાતાણી ચાલી. લોક કહે : ''અમે કર આપ્યા સિવાય પાછા ન જઈએ''. રાજા કહે : ''મારે કર ના જોઈએ.''

છેવટે ઘરડા વિના કોનાં ગાડાં હાલે ? વૃદ્ધસભા પાસે આ પ્રેમકલહ પહોંચ્યો અને એમને નિર્ણય સોંપાયો. વૃદ્ધોએ બેઉ વર્ષનો કર રાજાને ભરવાનો ફેંસલો સંભળાવ્યો. રાજા હવે ના પાડી શકે તેમ નહોતા. તેમણે કર તો સ્વીકાર્યો, પરંતુ એ ધન અલાયદું રાખીને આગળ ઉપર એમાંથી મૂળરાજની સ્મૃતિમાં એક દેવાલય બાંધ્યું અને એનું નામ

આપ્યું - 'ત્રિપુરુષપ્રાસાદ !'

આ ત્રિ-પુરુષ તે કોણ ? રાજા, પ્રજા અને રાજા - પ્રજા વચ્ચેના સેતુરૂપ કોઈ મધ્યસ્થ કડી. એને સમાજસેવક કહો, લોકસેવક કહો, સજ્જનશક્તિ કહો કે આચાર્યકુળ કહો ! જે નામ આપવું હોય તે આપો, પણ સેતુ વગર બે છેડા મળી શકતા નથી. રાજ્યશક્તિ અને જનશક્તિને સાંકળનારી સજ્જનશક્તિનો જ્યાં ત્રિવેણી - સંગમ થાય છે, ત્યાં રચાય છે પ્રભુમંદિર, માંગલ્યધામ !

વર્ષો પહેલાં થઈ ગયેલો મૂળરાજ વર્તમાન પરિસ્થિતિની અકળામણના તોડરૂપે જે સંકેત સૂચવી રહ્યો છે તે સંકેતને મર્મીઓ પામી શકે તો જ આજે ચાલી રહેલા ગજગ્રાહનું યુદ્ધ વિરમી શકે.

❖

**જો હું એક માણસને નિરાશામાંથી બચાવી શકું તો મારું જીવન વ્યર્થ નહિ ગણાય; જો હું એક જ માણસના દુઃખને દૂર કરું અથવા પીડાને શાંત કરું અથવા એકાદ તરફડતા પક્ષીને તેના માળામાં મૂકી શકું તો મારું જીવન એળે ગયું નથી.**

**- એમીલી ડીકીન્સન**

# ૩૩ પરપીડાને અનુભવતાં શીખીએ

''આપણા આ રાજગૃહ નગરમાં એવી સસ્તામાં સસ્તી ચીજ કઈ મળે છે, જેનાથી સાધારણ માણસ પણ પોતાની ભૂખ સમાવી શકે ?'' - રાજસભામાં એક વાર મગધનરેશ શ્રેણિકે સામે બેઠેલા સામંતોને પ્રશ્ન પૂછ્યો.

સૌ વિચારમાં ડૂબી ગયા. થોડી વારે અંદરોઅંદર ચર્ચા શરૂ થઈ. ''અન્નને આપણે સાવ સસ્તું કહી નાખીએ, પણ તેય ગરમી - ઠંડી - વરસાદમાં સખત મહેનત કર્યા સિવાય ક્યાં મળે છે ? બિચારો ખેડૂત રાતદહાડો એક કરે છે, ત્યારે એનું ખળું અનાજ ભેળું થાય છે; વળી તેમાં દુકાળ, તીડો આવી ચઢે, રોગ લાગુ પડી જાય ! વળી એ અનાજ ખરીદવા બીજાને પૈસા પણ જોઈએ.'' .... આમ જુદી જુદી ચીજોની ચર્ચા કરી સૌ એક મુદ્દા ઉપર સંમત થવા લાગ્યા કે ''હા, ભાઈ, માંસ એક એવી વસ્તુ છે જે સાવ ઓછી મહેનતે મળી જાય. એક જ બાણ અને બે - પાંચ સસલાં - હરણાં તો ઘડીકમાં ઢળી પડે ! શિકારનો આનંદ પણ મળે અને ઢગલો માંસ પણ ! ન કુદરતની ગુલામી ન મહેનતની લાચારી !''

અને બધાએ એકીમતે મહારાજાને જવાબ આપ્યો : ''રાજન ! કોઈ પણ સાધારણ મનુષ્ય ગમે ત્યારે મેળવી શકે તેવી સૌથી સસ્તી ચીજ તો છે - માંસ !''.

રાજાધિરાજે મહામાત્ય અભય તરફ જોયું. અભયકુમાર ક્યારના મૌન ગંભીર થઈને બેઠા હતા. એમણે એ જ ગંભીરતાપૂર્વક કહ્યું : ''મહારાજ, આ પ્રશ્ન એટલો સરળ નથી કે તરત એનો જવાબ જડી જાય. બનશે તો કાલે સવારે આ મહાનુભાવોના અભિપ્રાય અંગે કાંઈ કહી શકીશ.''

સભા વિખેરાઈ. સૌ સામંતો તો હળવાફૂલ થઈને પોતપોતાના નિવાસે પહોંચી ગયા. પણ અભયકુમારનું હૃદય તો જાણે આજે દરિયો બની ગયું હતું. વિચારોનાં ઉત્તુંગ મોજાં અફળાતાં હતાં. અડધી રાત આમ ને આમ વીતી ગઈ અને અચાનક અભયકુમાર બહાર નીકળ્યા.

સામંતનો મહાલય ! મધરાતનો સમય. બારણે ટકોરા પડ્યા. દરવાને આવીને કહ્યું કે 'અભયકુમાર આપને મળવા માંગે છે !' જોયું તો અભયકુમાર હાંફતાં હાંફતાં જાણે દોડ્યા આવ્યા છે, કપાળે પરસેવો છે, આંખોમાં ચિંતા છે, ચહેરા પર ભય ! .... સામંત કાંઈ કહે તે પહેલાં અભયકુમાર બોલી ઊઠે છે : ''સામંત, મગધપતિ અકસ્માત્ એક ભયંકર રોગના શિકાર થયા છે. કોઈ ઉપચાર કામ નથી આપતો. છેલ્લા બે કલાકથી રાજવૈદ્ય મથે છે. એમનું કહેવું છે કે કોઈ તંદુરસ્ત વ્યક્તિના હૃદયનું માંસ મળી શકે તો જ સમ્રાટના પ્રાણ બચાવી શકાય તેમ છે ! ફક્ત બે તોલા હૃદયનું માંસ જોઈએ ! એના બદલામાં ગમે તેટલી સુવર્ણમુદ્રા, અધિકાર, પદ જે જોઈએ તે માગી લો ! પણ મહારાજાનો પ્રાણ બચાવો.''

સામંત તો ઘડીભર અવાક જ થઈ ગયા. શબ્દોનો અર્થ પોતા સુધી પહોંચ્યો અને રડું રડું થઈ બોલી ઊઠ્યા : ''મહામંત્રી, મારો પ્રાણ બચાવો ! તમે કહો તો મારા તરફથી આ સવા લાખ સુવર્ણમુદ્રા આપું, એ કોઈ પણ ગરીબ માણસને આપી એની પાસેથી બે તોલા માંસ લઈ લેશો.... પણ મને માફ કરો, મંત્રી !''

અભયનું ધ્યાન તો સામંતના ચહેરા પર હતું. બપોરે કેટલી સહજતાપૂર્વક આ જ માણસ સૌનો અભિવક્તા બનીને બોલ્યો હતો... 'સૌથી સસ્તામાં સસ્તી ચીજ છે - માંસ !' અને અત્યારે એ ફફડી ઊઠ્યો છે, માંસના કણેકણની એ કરોડો રૂપિયા કિંમત ચૂકવવા તત્પર છે ! જીવન કેટલું પ્રિય છે ! ..... અને એક લાખ સોનામહોર પોતાને મહેલ

મોકલાવી અભયકુમાર બીજા સામંતને ત્યાં જવા ઊપડ્યા.

પણ બીજે ક્યાં આનાથી જુદો અનુભવ થવાનો હતો ? ઘટેઘટમાં એક જ લાગણી પ્રબળપણે વર્તાયેલી જોવા મળી - 'મારા પ્રાણને કશું ના થાય ! જોઈએ તો સોનામહોરો, પૈસા, મહેલ, વાડી - જે કાંઈ જોઈએ તે બધું લઈ જાઓ, પણ 'જીવ' નહીં !' જીવ બચાવવા ચહેરે ચહેરે ભયની, ચિંતાની, લાચારીની જે બેબાકળી રેખાઓ ઊપસેલી જોવા મળી, જિંદગીમાં અભયકુમારે કદીય આટલું જીવંત રેખાચિત્ર બીજું જોયું નહોતું.

બીજા દિવસની સવાર. સવારનો દરબાર ભરાયો છે. સૌ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા છે. દરેક સામંત મનમાં ને મનમાં મૂંઝાય છે - 'મહારાજા તો સલામત છે. માંસ કોણે આપ્યું ?' ત્યાં તો મહારાજાનો ઈશારો થાય છે અને અભયકુમાર ઊભા થઈ પોતાના સેવકોને સંકેત કરે છે. થોડી જ વારમાં મહારાજા સમક્ષ કરોડો ખણખણતી સોનામહોરોનો ઢગલો ખડો થઈ જાય છે. મગધપતિ તો આશ્ચર્યમાં ડૂબી ગયા. આ શું છે ? કેમ આટલી બધી સોનામહોર ! પણ એ અભયકુમારને ઓળખતા હતા. અભયનું કશું જ અહેતુક ના હોય !

મહારાજાને પ્રણામ કરી અભયકુમારે બોલવાનું શરૂ કર્યું : ''મહારાજ, મારે આપના ગઈ કાલના પ્રશ્નના અનુસંધાનમાં મારો અભિપ્રાય આપવાનો છે. ગઈ કાલે આ દરબારમાં બેઠેલા તમામ સામંતો તથા અધિકારી ગણે એકમતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે દુનિયામાં સૌથી સસ્તી ચીજ છે - માંસ ! પરંતુ પ્રભુ, ગઈ કાલે રાત્રે આ નગરના દરવાજે ભટકી આવ્યો, આટલી બધી સોનામહોરોના બદલામાં મને બે તોલા માંસ સુધ્ધાં ના મળ્યું ! તો પછી માંસ સૌથી સસ્તું કઈ રીતે ગણવું ?''

સભામાં તો જાણે સોપો પડી ગયો. મહારાજા પોતે આશ્ચર્યમાં

ડૂબી ગયા. અભયકુમારમાં જાણે પ્રાણીમાત્ર માટેની સંવેદના જાગી ઊઠી હોય તેમ એક એક શબ્દ જીવન બનીને નીકળ્યો : ''બે તોલા માંસ આપતાં આપણને આટલું કઠ્યું, તો જે પ્રાણીનું આખેઆખું શરીર આપણે હણી નાખીએ છીએ, બીજાના દેહના માંસને આપણે વહાલું કરીએ છીએ, એનાથી આપણી જીભના સ્વાદને સંતોષીએ છીએ, તો તે પ્રાણીના આત્માને કેટલું લાગતું હશે ! યાદ કરો ગઈ કાલ રાતની બે એક પળ અને પછી આ પ્રાણીની રિબામણી ! ....'

અભયકુમારનો પ્રશ્ન આજે પણ હવામાં ગુંજે છે : ''શું અધિકાર છે આપણને કોઈનો જીવ લેવાનો ? કોઈ પ્રાણીને કેમ સતાવી શકાય ? જે પીડા પંડને થાય છે તે જ પીડા હર કોઈ દેહધારીને થાય છે. આટલું સીધુંસાદું સત્ય સમજવા માટે કેટલા યુગો જોઈશે ? કેટલા મહાવીર, કેટલા બુદ્ધ અને કેટલા ગાંધી ?....''

❖

**હું એક એવી સ્ત્રીને ઓળખું છું કે જેના પર નિરાશા અને ઉદાસીનતાનો વારંવાર હુમલો થતો હતો; પરંતુ આ બાઈએ જ્યારે જ્યારે પોતાના પર તે હુમલો થતો લાગે ત્યારે ત્યારે ઉત્સાહજનક અને આનંદદાયક ગીતો ગાવાની તથા ઉલ્લાસજનક અને પ્રોત્સાહક રાગો વગાડવાની ટેવ પાડીને એ દુર્ગુણો જીતી લીધા હતા.**

**- ઓરીસન સ્વેટ માર્ડન**

બાદશાહ ઈબ્રાહીમ રાત્રે પોતાના આલેશાન મહેલમાં સૂતા હતા, ત્યાં અચાનક એમને છત પર કોઈ ચાલતું હોય તેવું લાગ્યું. એમણે મોટેથી કહ્યું : ‘‘કોણ છે ઉપર ?’’

તો અવાજ આવ્યો : ‘‘તારો ઓળખીતો છું !’’

‘‘પણ ત્યાં ઉપર શું કરો છો ?’’

જવાબ મળ્યો : ‘‘મારો ઊંટ ખોવાઈ ગયો છે, એને શોધું છું.’’

‘‘અરે ભાઈ, તમારો ઊંટ ત્યાં અગાસીમાં થોડો મળશે !’’ - ઈબ્રાહીમે હસતાં હસતાં કહ્યું.

‘‘તારી વાત તો સાચી છે, પણ તો પછી તું બાદશાહી જામો પહેરીને વૈભવી પલંગ પર સૂતો રહીશ, તો તને અહીં ખુદા મળશે ?’’ અવાજે કહ્યું.

જવાબે બાદશાહની ઊંઘ ઉડાડી દીધી. પણ હજુ વધારે ઊંડો વિચાર કરે ત્યાં તો આંધીની જેમ કોઈ અંદર ઘૂસ્યું.

પહેરેગીરો પણ એને રોકી ન શક્યા. પણ પેલો આગંતુક તો આમ તેમ ચોમેર ફાંફાં મારતો જોઈ રહ્યો. બાદશાહે પૂછ્યું : ‘‘તું શું શોધી રહ્યો છું !’’

‘‘આમ તો હું અહીં રહેવા માંગતો હતો, પણ આ તો એક ધર્મશાળા જણાય છે.’’

‘‘અરે ભાઈ, આ ધર્મશાળા નથી, આ તો મારો મહેલ છે.’’ બાદશાહે કહ્યું.

‘‘એમ ? તો શું તારા પહેલાં અહીં કોઈ નહોતું રહેતું ?’ પેલાએ પૂછ્યું.

‘‘એવું કેવી રીતે બને ? મારા પિતા અહીં જ રહેતા હતા.

'અને એમના પહેલાં ?

''મારા દાદા, તે અગાઉ વડદાદા....

''તો પછી જે મકાનમાં આટઆટલા લોકો આવી આવીને રહીને ચાલ્યા ગયા અને હવે તું પણ રહે છે. તું પણ એક દિવસ જતો રહીશ, પછી વળી બીજું કોઈ આવશે. તો પછી આ ધર્મશાળા નથી તો બીજું શું છે ?'' આગંતુકે કહ્યું અને ચાલતો થઈ ગયો.

પછી તો બાદશાહની બેચેની ખૂબ વધી ગઈ, જે કોઈ સામે મળે, દરેક જણ જાણે એક જ પ્રશ્ન પૂછતું હતું : ''શું તું તારી જાતને ભૂલી ગયો છું ?'' દિલની બેકરારી ખૂબ વધી ગઈ, એટલે સ્થળ ફેર કરવા એ જંગલમાં દૂર ચાલ્યા ગયા. રસ્તામાં એક ગોવાળિયો મળ્યો તો એને પોતાનો બાદશાહી પોષાક પહેરાવી, એનાં કપડાં પોતે પહેરી લીધાં. પછી મસ્તીથી આમ તેમ ઘૂમવા લાગ્યા. ક્યારેક પોતાનાં અપકૃત્યો યાદ કરી ખૂબ રડતા, તો ક્યારેક કોઈ ગુફા જેવું દેખાય તો અંદર ઘૂસી કલાકો સુધી બંદગી કરતા. આમ ને આમ, નવ વર્ષ વીતી ગયાં. ક્યારેક બરફ પડતો તો એનાથી જ નાહી લેતા. ક્યારેક ખૂબ ઠંડી લાગતી, ગરમ ગરમ હૂંફ મળે એવું કશુંક મળી ગયું, તો આરામથી સૂઈ ગયા. અચાનક સળવળાટ થયો, નીંદર તૂટી તો જોયું કે ''લાંબો અજગર ! એકદમ ભયભીત થઈ બોલી ઊઠ્યા : બાપ રે ! જેને આપણે આરામદાયી ચીજ માની બેઠા, એ જ આટલી ભયંકર !''

જેમ જેમ દિવસો-વર્ષો વીતતાં ગયાં, તેમ તેમ લોકો એમની ફકીરી જિંદગી જોઈ એમના તરફ ખેંચાવા લાગ્યા. આમ ને આમ, ચાળીસ વર્ષ વીતી ગયાં અને એક દિવસ મક્કા પહોંચી ગયા. ત્યાં કોઈકે પૂછ્યું : ''તમે હજરત ઈબ્રાહીમને જોયા છે ?'' તો ઈબ્રાહીમે કહ્યું : ''એ નાસ્તિકને મળીને તારે શું જોઈએ છે ?'' સાંભળ્યું તો સામાવાળાએ તરત જ એને તમાચો ચોડી દેતાં કહ્યું : ''નાસ્તિક અને કાફર તો તું છે,

જે આવા ફકીરને નાસ્તિક કહે છે !'' ત્યારે ઈબ્રાહીમ બોલ્યો : ''ભાઈ, તું જે કહે છે તે જ હું કહું છું કે હું નાસ્તિક છું !''

પોતે લાકડાં વેચીને ગુજરાન ચલાવતા. શહેરમાં પોકારતા : ''પાક માલના બદલામાં પાક માલ લેવા કોણ તૈયાર છે ?'' એક દિવસ જંગલમાં લાકડાં વીણી રહ્યાં હતાં, તો તો એમનો જ શાહજાદો અને એની મા પિતાને શોધતાં જંગલમાં પહોંચી ગયાં હતાં. કોઈ માણસે ખાવાનું આપી લાકડાં ખરીદી લીધાં. તો એ ખાવાનું બીજા ફકીરોને આપી, પોતે મુકામ પર ચાલ્યા ગયા. દીકરો આ બધું જોયા કરે. કાબાની પ્રદક્ષિણા ફરતાં એમનું ધ્યાન મા-દીકરા પર ગયું અને એમના હૈયાનું હેત ઊભરાયું અને સામે જઈને ઊભા રહ્યા.

વર્ષોના વિયોગ બાદનું આ પ્રેમમિલન જોવામાં લોકો તલ્લીન હતા, ત્યાં જોયું કે ઈબ્રાહીમ ગંભીર બનીને હાથ ઉઠાવીને કાંઈક દુઆ દઈ રહ્યા હતા અને જોતજોતામાં તો જુવાનજોધ દીકરો ભૂમિ પર પછડાયો અને ત્યાં તો એના પ્રાણપંખેરું ઊડી ગયાં. દુઃખ અને આશ્ચર્યપૂર્વક લોકોએ પૂછ્યું : ''સાંઈ, સાચું કહો, મામલો શો છે ?''

તો બોલ્યા : ''જૂઠું નહીં બોલું ! વર્ષો બાદ દીકરાને છાતીએ લગાડ્યો, તો હૈયું ઊભરાઈ ઊઠ્યું અને ખુદાએ શિકાયત કરી, લોકોને તું કહેતો ફરે છે કે દીકરા-બીબીના મોહમાં ન ફસાવો અને પોતે તો બેટાના પ્યારમાં મગન થઈ ગયો !'' એમની વાત સાચી હતી. મને શરમ આવી. તો મેં અલ્લા પાસે દુઆ માંગી : ''હે ખુદા ! તું અમારા બેમાંથી ગમે તે એકને ઉઠાવી લે, જેથી અનેકતા પેદા ન થાય ! અને મારી દુઆ દીકરાના હક્કમાં કબૂલ થઈ !''

એ લાંબાલસ્સ ઉપદેશ કે વ્યાખ્યાન ન આપતા. નાનાં નાનાં માર્મિક વાક્યોમાં જીવનનાં તથ્યો ખોલી દેતા. કોઈ પૂછતું કે ''તમે બીબી કેમ નથી કરતા ?'' તો કહેતા : ''મારી હાલત તો એવી છે કે

જો શક્ય બને તો હું મારી જાતને તલાક દઈ દઉં ! ઓરત કરું તો જાણે કોઈ કિશ્તીમાં બેસી ગયો અને તેમાંય જો ઓલાદ થઈ તો માનો કે હું ડૂબી જ ગયો.'' કોઈ એમને હજાર દીનાર આપવા લાગ્યું તો કહે : ''હું ગરીબો પાસેથી કશું લેતો નથી !''

પેલો દોલતમંદ આદમી બોલી ઊઠ્યો : ''વાહ ભાઈ ! હું કાંઈ ભિખારી નથી. હું તો અમીર આદમી છું !''

''એમ વાત છે ? તો સાચી વાત કહે, તારી પાસે જેટલી દોલત છે, એનાથી વધારે તું ઇચ્છે છે કે નહીં ?'' ઈબ્રાહીમે પૂછ્યું.

''એ તો ઇચ્છું છું !''

''તો તો તું ભિખારીઓનો સરદાર ઠર્યો. લઈ જા આ તારા દીનાર પાછા. ગરીબની ભૂખ તો મટી શકે પણ અમીરની ભૂખને તો કોઈ હદ જ ન મળે !''

તેઓ લોકોને સમજાવતા - મહોબત કરો તો કેવળ ખુદા સાથે કરો, બાકી નાની મોટી તમામ ચીજો માટે વૈરાગ્ય સેવો ! બીજું, ક્યારેય દુઃખી ન થાઓ કે ન ખુશ થાઓ ! કારણ કે ખુશ થવું એટલે કોઈક ઇચ્છા રાખવી અને દુઃખી થવું એટલે કશુંક ન મળ્યાનો વસવસો કરવો.

એક જમાનાની પોતાની બાદશાહતને એમણે કદી માફ ન કરી. પોતે નાસ્તિક છે તેમ કહી લોકોનો માર ખાધો. લાકડાં વેચી જે કાંઈ મળે તે પર ગુજારો ચલાવતા. તોય કોઈ મજલિસમાં કાંઈ કહેવા જતા તો લોકો મનાઈ ફરમાવીને કહેતા - તારામાં હજુ બાદશાહતની બૂ આવે છે !

પરંતુ આવાં કાંઈ અપમાનોને એ પી જતા. ક્યારેક કોઈ પૂછતું, ''બલખની સલ્તનત છોડીને તમને શું મળ્યું ?'' તો કહેતા : ''મને તરસ લાગી હતી પાણીની, પણ બાદશાહ હતો ત્યારે કૂવામાં ડોલ નાંખતો તો ક્યારેક સોનું નીકળતું, ક્યારેક ચાંદી, તો ક્યારેક હીરા-મોતી !

સલ્તનત છોડી પછી મારે જે જોઈતું હતું તે, તરસ છિપાવનારું પાણી મળી ગયું !

એક વાર ક્યાંક બાગના માળી તરીકે કામ કરતા હતા, તો એક દિવસ માળીએ કહ્યું : ''થોડાં મીઠાં દાડમ લઈ આવ !''

ઈબ્રાહીમ ઘણાં બધાં ઝાડનાં દાડમ તોડીને લઈ આવ્યો. માલિકે કહ્યું : ''આટલા દિવસથી વાડીની રખેવાળી કરે છે, પણ હજુ સુધી મીઠાં દાડમની ખબર નથી ?''

તો કહે : ''ખાધા વગર ખબર કેવી રીતે પડે ?''

''તો શું તેં હજુ સુધી એક પણ દાડમ ચાખ્યું નથી ?'' માલિકે પૂછ્યું.

''આપે મને રખેવાળી માટે રાખ્યો છે, દાડમ ચાખવા માટે નહીં !'' - એની ઈમાનદારીથી આભા બનીને માલિક બોલ્યા : ''લાગે છે કે તું ઈબ્રાહીમ છે.''

સ્પષ્ટ જ છે કે ત્યાર બાદ તેઓ ત્યાંથી ચાલ્યા ગયા, ચમત્કારો તો સિદ્ધિની સાથે આવે જ, એટલે જ તેઓ લોકોથી દૂર રહેવાનું જ પસંદ કરતા હતા. કહેવાય છે કે જ્યારે એમણે જીવનલીલા સંકેલી તો લોકોએ આસમાનમાંથી ગેબી વાણી સાંભળી - 'आज अमांने वफात पायी।' મતલબ કે શાંતિનો દૂત આજે ખુદાને પ્યારો થયો.

શાહી કઠિયારા રૂપે એમની ફકીરી ગામેગામ ઘૂમી. તખ્ત છોડીને ધરતીના પ્યારા દુલારા અને ખુદાના બંદા બન્યા. સૂફી સંતોમાં ઈબ્રાહીમ - બિન - અબ્રાહામનું બહુ ઊંચું સ્થાન છે. ખુદને મિટાવી ખુદાને હાંસલ કરનારા ખિદમત-ગારોમાં એમનું સ્થાન છે. ખુદાનો વિરહ એમના દિલમાં પેદા થયો અને જીવનની સફર શરૂ થઈ. કબીરે ગાયું છેને.

बिरहा बिरहा मत कहो बिरहा है सुलतान
जो घर बिरहा ना संचरे, सो घर जान मसान। ❖

## સંતનો મહિમા

ઇતિહાસ એટલે મોટા ભાગે માણસ માણસ વચ્ચે ઊભા થયેલા ખટરાગોનો સરવાળો. એ ખટરાગ ગરમાગરમ થઈને ઊકળવા માંડે એટલે લડાઈ થાય. આવી જ એક લડાઈની આ વાત છે.

ઈરાન અને તુર્કસ્તાન વચ્ચે જોરદાર લડાઈ ચાલી રહી હતી. દુશ્મનો માખીની જેમ ઝડપાતા હતા. કોઈક મોતના મોંમાં ધકેલાતું, તો કોઈક જેલના સળિયા પાછળ. તુર્કી સૈનિકોએ ઈરાનના એક સંત પુરુષને પકડી લીધા, ત્યારે આખું ઈરાન હચમચી ગયું. તુર્કી ન્યાયાધીશે તો એ જાણીતા સંત ફરીદુદ્દીન અન્સારીને ફાંસીની સજા ફરમાવી દીધી!

ઈરાનમાં સંતો માટે ખૂબ માન. સંત એટલે દેશની મૂડી; મહામોંઘી મૂડી. એને આમ ગુમાવી દેવી એ દેશને પોસાય તેમ નહોતું. એટલે ઈરાનના એક તવંગરે દુશ્મન સુલતાનને સંદેશો મોકલ્યો કે ‘‘મહેરબાની કરીને અમારા સંતને અમને સોંપી દો. એના બદલામાં હું એમને સોનાથી ભારોભાર તોળીને એ સોનું તમને આપી બદલો ચૂકવીશ.’’

તુર્કી સુલતાને તો આ સંદેશાને મજાક સમજી ના પાડી દીધી અને ફાંસીની સજા કાયમ જાહેર કરી. પણ તેથી ઈરાનની ધરતી મૂંગી કેમ બેસી શકે ? છેવટે, ઈરાનના બાદશાહે તુર્કી સુલતાનને સંદેશો મોકલાવ્યો કે ‘‘જોઈએ તો અમારું આખું રાજ્ય લઈ લો, પણ અમારા સંતને છોડી દો.’’

તુર્કસ્તાનનો બાદશાહ તો દંગ થઈ ગયો. એને પોતાની આંખ પર વિશ્વાસ જ નહોતો બેસતો કે આ હું શું વાંચું છું ! જે રાજ્ય માટે લાંબા સમયથી લડાઈ ચાલી રહી હતી, કેટકેટલું લોહી રેડાઈ રહ્યું હતું, કેટકેટલી યુવાન સ્ત્રીઓ વિધવા બની રહી હતી, દૂધપીતાં બાળકો

નબાપાં બની રહ્યાં હતાં, તોય કાંઈ નહીં, અને એક બાવા માણસ માટે આખું રાજ્ય છોડવા તૈયાર ? શી વાત છે ?

ખુલાસો માગવામાં આવ્યો. ઈરાનના બાદશાહે કહેવડાવ્યું : "રાજ્ય સાચવવું જરૂરી છે, પરંતુ રાજ્ય એવી વસ્તુ છે કે ગુમાવીને પણ તેને પાછું મેળવી શકાય છે. વળી રાજ્ય તો ગમે ત્યારે નાશ પામી શકે, જ્યારે સંત તો અવિનાશી હોય છે. એટલે અમને રાજ્ય ગુમાવવું પરવડે તેમ છે, સંતને ગુમાવવો પરવડે તેમ નથી. સંતને ગુમાવીને તો અમે અકિંચન અને કલંકિત બની જઈશું."

સુલતાન ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો. એના દિલમાં એકાએક ઝબકારો થયો કે જે દેશમાં સંતોની આટલીમોટી કદર છે, એ દેશને શું હું સૈનિકોથી હરાવી શકીશ ? આવો દેશ હથિયારોથી નથી લડતો. એનાં લડવાનાં સાધનો કંઈ ઓર જ હોય છે ! અને બાદશાહે અચાનક લડાઈ બંધ જાહેર કરી, સંત અન્સારીને માનપૂર્વક વિદાય આપી.

કહેવાયું છે કે "સંતો પૃથ્વીને તપથી ધારણ કરે છે. પૃથ્વી સંતોના કારણે ટકી રહી છે. દરેક માનવમાં છુપાયેલો સંત જાગે તો પૃથ્વી નંદનવન બની જાય."

❖

**'મને અભિમાન નથી' એના જેવું ભયાનક અભિમાન બીજું એકેય નથી. અભિમાનનો ત્યાગ જ સાચો ત્યાગ છે.**

**- વિનોબા ભાવે**

"મારા જીવનમાં મેં અનેક મંદિર, દેરાસર, અનાથાલય, દવાખાનાં, ધર્મશાળા, વિહાર વગેરે બંધાવ્યાં છે. શું એથી મારું કલ્યાણ સધાશે ?" - ચીનનો એક રાજવી પોતાને દેશ આવેલા આચાર્ય બોધિધર્મને પ્રશ્ન પૂછે છે.

"જી નહીં" .... અત્યંત શાંતિપૂર્વક આચાર્ય જવાબ વાળે છે. આ જવાબ સાંભળીને રાજા સ્તબ્ધ થઈ જાય છે. પોતે તો પોતાનો વાંસો ક્યારનોય થાબડવાનો શરૂ કરી દીધેલો ! ગુરુજી પોતાનો વાંસો હવે થાબડશે તેવી આશાઅપેક્ષા સાથે પ્રશ્ન પૂછેલો; પણ ગુરુદેવની મક્કમતાપૂર્વકની 'ના' સાંભળી એ થોડો ઝંખવાઈ ગયો.

થોડી વારે હિંમત એકઠી કરી વળી પાછું પૂછ્યું : "આર્યવર, ભગવાન તથાગતનો ધર્મસંદેશ ઘેરઘેર પહોંચાડવા મેં સેવકોને ઠેર ઠેર મોકલી આપ્યા છે. ભગવાન બુદ્ધની વાણી ચીની ભાષામાં ઉતારી હજારો લોકો પાસે પહોંચાડી છે. એથી તો મારું કલ્યાણ થશે જ ને !"

ક્ષણભર માટે આચાર્ય થોભી ગયા. રાજાને થયું કે હવે તો મારાં આ મહાન પુણ્યકાર્યો પર અવશ્ય ગુરુદેવની મહોર લાગશે. પરંતુ ત્યાં એ જ ગહનગંભીર સ્વર સંભળાયો : "ના".

હવે તો ધીરજ ખૂટી ગઈ. અંદર થોડો રોષ પણ જાગ્યો. 'આ તે કેવા આચાર્ય - જેમના હૈયે કોઈ પુણ્યકાર્ય વસતું જ નથી !' પરંતુ એવું કહેવાય શી રીતે ? એટલે પછી નમ્રતાપૂર્વક આટલું જ પૂછ્યું : "તો પછી આપ જ કૃપાપૂર્વક બતાવો કે શ્રેયનો માર્ગ, કલ્યાણનો પંથ કયો છે ?"

ત્યારે ધીરગંભીર અવાજે આચાર્યે કહ્યું : "મંદિર, વિહાર, ધર્મપ્રચાર, શાસ્ત્રલેખન - આ બધું છેવટે તો ચિત્તને ઉલ્લાસથી ભરી

દેવા માટેની પ્રવૃત્તિઓ છે, પરંતુ એટલાથી કલ્યાણ ના થઈ શકે. કલ્યાણ માટે તો શીલ, સમાધિ અને પ્રજ્ઞાની સાધના જ મદદગાર થઈ શકે. ચારિત્ર્ય-નિર્માણની સાથોસાથ પેલાં બધાં પરોપકારનાં કાર્યો કામ લાગી શકે, પરંતુ શીલનો અભાવ હોય તો, એટલા માત્રથી કલ્યાણ ના થાય.''

આજે સૌથી મોટું કોઈ સંકટ હોય તો તે છે ચારિત્ર્ય-હ્રાસનું. આજે ચારિત્ર્યનું મૂલ્ય માનવમનમાંથી હઠી રહ્યું છે. ''આવું તો ચાલે'' - આમ કહી ચલાવી લેવાની મનોવૃત્તિ વધતી જાય છે. વળી નાટક, સિનેમા, સાહિત્ય વગેરેમાં જે કાંઈ હીન પીરસાય છે, તેનાથી ચિત્ત ભ્રષ્ટ થતું રહે છે. જ્યાં સુધી ચિત્તને સારું પોષણ ના મળે ત્યાં સુધી ચારિત્ર્ય બાંધવામાં આગળ વધી જ ના શકાય. સમાજ દ્વારા આ બધું જ્યારે થાય ત્યારે થાય, પરંતુ વ્યક્તિઓએ તો સમજવું જ રહ્યું કે ''શીલ હશે, તો જ તેમનું કલ્યાણ થશે.'' વિનોબાએ તો કહ્યું હતું કે ''શીલ બચશે તો દેશ બચશે.'' તો જાત અને દેશ બંનેને બચાવવા શીલને ઘડીએ.

❖

**ખરેખર, માનસિક ક્રિયા દ્વારા જ વિજય પ્રાપ્ત થાય છે. જે માણસ ઉન્નતિશાળી થાય છે તે પ્રથમથી જ એમ માને છે કે હું ઉન્નત થતો જાઉં છું. તેને દ્રવ્ય પ્રાપ્ત કરવાની પોતાની શક્તિ ઉપર શ્રદ્ધા હોય છે. તે શંકા અને ભયને ઓળખતો નથી. તે રંકતા વિષે વાત પણ કરતો નથી અને વિચાર પણ કરતો નથી. જે વસ્તુને માટે તે પ્રયાસ કરે છે અને જે વસ્તુ પ્રાપ્ત કરવાનો ને નિશ્ચય કરે છે તે જ વસ્તુ તરફ તે પોતાનું મુખ રાખ્યા કરે છે. તેનું વિરોધી ચિત્ર તો એ પોતાના મનમાં દાખલ જ કરતો નથી.**

**- ઓરીસન સ્વેટ માર્ડન**

પહેલી શતાબ્દીનો કાળ ! ચીનના એક સમ્રાટે મધ્ય એશિયાના એક દેશ પર આક્રમણ કરી વિજય પ્રાપ્ત કર્યો. વિજયના નશામાં લશ્કરના સરસેનાપતિએ એ દેશની રાજધાનીમાં પ્રવેશ કર્યો તો એ દેશની રહેણી-કરણી, રીત-રિવાજ, સંસ્કાર-આચાર જોઈને એટલો બધો પ્રભાવિત થયો કે એણે તરત જ સમ્રાટને સમાચાર મોકલ્યા કે "આ દેશની સભ્યતા અને ધર્મ કાંઈક અસાધારણ છે. આપણે પણ એ શીખવા લાયક છે."

પછી સેનાપતિએ એ દેશના ગુરુજનોને પોતાને કાંઈક શીખવવા કહ્યું, ત્યારે એ દેશના વિદ્વાનો બોલ્યા : "અમારામાં કોઈના ગુરુ બનવાની યોગ્યતા નથી. અમારી પાસે જે કાંઈ છે તે ભારતની દેણ છે. તમે પણ ભારત પાસેથી આ જ્ઞાન મેળવી શકો."

ત્યાર પછી ચીનસમ્રાટે ભારતમાં પ્રતિનિધિમંડળ મોકલ્યું અને કહેવડાવ્યું કે "અમને દીક્ષા આપવા અમારે ત્યાં જ્ઞાનીઓને મોકલશો ?"

રાજકુળમાં પેદા થયેલા કુમારજીવની માતાનું એક જ સ્વપ્ન હતું કે પોતાનો એકનો એક દીકરો દુનિયાભરમાં બૌદ્ધ ધર્મ ફેલાવી શકે, તેવો સમર્થ બને ! કાશ્મીરમાં શિક્ષા-દીક્ષા પામીને આ રાજકુમાર ભિક્ષુ બનીને જ્યારે ધર્મપ્રચાર માટે ચીન પહોંચ્યા, ત્યારે માએ સાર્થકતા અનુભવી. કુમારજીવ પ્રકાંડ પંડિત હતા. સેંકડો બૌદ્ધ ધર્મગ્રંથોનો એમણે ચીની ભાષામાં અનુવાદ કર્યો. એના મૂળ ગ્રંથ અપ્રાપ્ય બની ગયા. ત્યારે પણ આ અનુદિત ગ્રંથો સુપ્રાપ્ય હતા. પછી ચીનની 'સાંસ્કૃતિક ક્રાંતિ'માં એની હોળી થઈ હોય, તો ઈશ્વર જાણે !

કુમારજીવની આવી ગૌરવશીલ પરંપરામાં હજારો બૌદ્ધ સાધુ લંકા, બ્રહ્મદેશ, ઈંડોનેશિયા, જાપાન, કોરિયા, ચીન, મેંગોલિયા, મધ્ય

એશિયા, અફઘાનિસ્તાન જેવા દેશોમાં જઈ જ્ઞાનગંગા વહેતી કરી. એમાં એક બોધિધર્મ નામના ભિક્ષુએ ચીનમાં ધ્યાનની એવી પદ્ધતિ શોધી, જે 'ઝેન' ના નામે જાપાનમાં પ્રસારિત થઈ.

થાઈલેન્ડની સરકારે બોધિગયામાં સત્તર લાખ રૂપિયા ખર્ચીને બૌદ્ધ મંદિર સ્તૂપ બંધાવ્યા. જાપાને લાખો રૂપિયા ખર્ચી રાજગૃહમાં બૌદ્ધ સ્તૂપ બનાવ્યા.... આવી વ્યાપક ભાવના કોણે ફેલાવી ? કઈ રીતે ફેલાઈ ? ઇતિહાસનાં આ પાનાં શું ફાટી ગયાં છે ?

૧૯૫૫માં વિનોબાની ભૂદાન-પદયાત્રામાં એક જાપાની ભિક્ષુ શ્રી ઈમાઈજી આવેલા. વિનોબાની સાથે તેઓ અમને અંતેવાસીઓને પણ જાપાની ભાષા શિખવાડતા. એક વાર બોર્ડ પર હિંદીમાં એક વાક્ય લખી કહ્યું કે આનો જાપાનીમાં અનુવાદ કરો. વાક્ય હતું - 'अंधेरेमें था, भारत से उसे रोशनी मिली।' બધાં હસ્યાં. એકે કહ્યું : "ગુરુજી, તમે અમને ખુશ કરવા માંગો છો !"

તો ગંભીર થઈ ઈમાઈજી બોલ્યા : "આ ખોટી વાત નથી, હકીકત છે. આ વાક્ય તો જાપાનીઓ માટે પ્રાથમિક પાઠ છે. જાપાનનો પ્રત્યેક બાળક આ વાક્ય રટે છે !"

સરદાર પાણિકકર ભારતના રાજદૂત તરીકે ચીનમાં હતા. એમણે *'In two chinas'* પુસ્તકમાં લખ્યું છે કે તેઓ જ્યારે પહેલી વાર માઓને મળવા ગયા ત્યારે માઓએ હસતાં હસતાં કહેલું કે "તમે જાણો છો કે અમારા ચીનીઓના મનમાં ભારત માટે શી ભાવના છે ? ચીની ભાષાની એક કહેવત છે કે - જે ચીની જીવનભર પુણ્ય કરશે, તેને મરણ પછી પુનર્જન્મ મળશે પુણ્યભૂમિ ભારતમાં."

આજે પણ ચીનનું પહેલું બૌદ્ધ-વિહાર 'શુભ્ર અશ્વ-વિહાર' ના નામે સુપ્રસિદ્ધ છે. શું રહસ્ય છે આ શુભ્ર અશ્વોનું ? ચીનના સમ્રાટના

વારંવાર વિનંતીભર્યાં કહેણનું માન રાખી મગધ સમ્રાટે બૌદ્ધ ભિક્ષુ કાશ્યપ માતંગને જ્યારે પહેલી વાર ધર્મદૂત રૂપે ચીન મોકલ્યા, ત્યારે તેમની સાથે બૌદ્ધ દર્શનના સેંકડો ગ્રંથો સફેદ અશ્વો પર લાદીને સાથે રવાના કર્યા હતા. આ અશ્વોનું યાદગાર સ્મારક તે આ - 'શુભ્ર અશ્વવિહાર !'

આ કશ્યપ માતંગ, બોધિધર્મ, કુમારજીવ, મહેન્દ્ર-સંઘમિત્રા જેવાં અગણિત નામો કાળાં વાદળ પાછળ ઢંકાઈ ગયાં છે. આ બધો ભારતનો વૈભવ-વારસો છે. જગતને બૌદ્ધ ધર્મ એટલે કે અહિંસામાં, એટલે કે કરુણામાં, એટલે કે સત્યમાં રસ છે, એની સાબિતીરૂપે ઝળહળી રહ્યો છે આ પૂર્વ ઇતિહાસ ! જે મૂલ્યો થકી ભારતનું ગૌરવ છે, જે તથ્યો ભારતનાં ભૂષણરૂપે સ્વીકારાયાં છે, તેમનું ચિંતન-મનન, અનુસરણ, સંશોધન, વિકસન ભારતસંતાન નહીં કરે તો બીજું કોણ કરશે ?

બૌદ્ધધર્મનું આ પણ એક મોટું પ્રદાન છે કે એણે સંન્યાસની દીક્ષા સૌને સમાનરૂપે આપી. બુદ્ધ પહેલાં, માત્ર બ્રાહ્મણો જ સંન્યાસના અધિકારી હતા. બુદ્ધ પોતે જ ક્ષત્રિય હતા. એમણે અસંખ્ય ક્ષત્રિયોને, શાક્યપુત્રોને સંન્યાસ દીક્ષા આપી. જાતિભેદથી બુદ્ધ ઉપર ઊઠેલા હતા. પરિવ્રજ્યા વખતે રસ્તે તરસ લાગી, કૂવા પરની પનિહારી પાસે પાણી માંગ્યું તો રિવાજ મુજબ પેલી સ્ત્રી કહે છે કે ભાઈ, હું તો અછૂત છું. તો બુદ્ધ કહે છે - 'मैंने तुम्हारी जाति तो नहीं पूछी थी, मैंने तो तुम से केवल पानी ही मांगा था !'

ધર્મ ફેલાય છે - સૌ સાથેની નિસ્બતમાંથી !

❖

અંગ્રેજોએ આપણા દેશ પર દોઢસો વર્ષ રાજ્ય કર્યું. ૧૮૩૧માં વાઈસરૉય તરીકે લૉર્ડ વિલિયમ બૅન્ટિક હતો. ત્યારે પંજાબમાં રાજા રણજિતસિંહ હતા. તેઓ ચુસ્ત શીખ હતા. તેમને ફક્ત એક જ આંખ હતી. પરંતુ એમને તો બીજી અંદરની આંખ ફૂટેલી હતી, જેના દ્વારા તેમણે ભારતની અપાર સેવા કરી. તેમના પ્રધાનમંડળમાં તમામ ધર્મોના પ્રતિનિધિ હતા. પોતાનું વિદેશખાતું ફકીર અજીમુદ્દીનને સોંપેલું.

એક વાર એક મુસ્લિમ બિરાદર પોતાના હાથે લખેલા કુરાનની હસ્તપ્રત લઈને આવ્યો. કહે : ''આને છપાવવું હોય તો દશ હજાર રૂપિયા થાય. પણ મને કોઈ એટલી રકમ આપતું નથી.'' કેટલાય મુસ્લિમ બાદશાહ પાસે જઈ આવ્યો. મહારાજા રણજિતસિંહે તો તરત એને ખરીદી લીધું. હસતાં હસતાં કહે : ''ભગવાને મને એક આંખ આ માટે જ આપી છે કે હું સૌ ધર્મોને સમાનભાવે એક નજરે જોઈ શકું !''

કબીર હિંદુ-મુસ્લિમને મગની બે ફાડ સમાન ગણતા, માણસની ડાબી-જમણી આંખ, જેવા આ બે. તેઓ કહેતા - ગાય લાલ હોય કે કાળી, દૂધ તો ધોળું જ આપે ! એની આવી વાતો સાંભળી હિંદુ અને મુસ્લિમ બંને ધર્મવાળાએ બાદશાહ પાસે ફરિયાદ કરી : ''કબીર અમારી ધર્મહાનિ કરે છે.''

બાદશાહનો હુકમ છૂટ્યો : ''હાજર કરો એ કબીરને.''

કબીરને પીંજરામાં ખડા કરાયા. સામે ફરિયાદીમાં હિંદુ-મુસલમાન સાથોસાથ ! કબીર તો ખડખડાટ હસવા લાગ્યા. પ્રધાન કહે : ''રાજદરબારની બેઅદબી કરે છે ?''

તો કબીર કહે : ''જી ના, મને તો હસવું એટલા માટે આવે છે કે મને જેમના માટે આ આરોપીના પીંજરામાં પૂરવામાં આવ્યો છે, તે હિંદુ - મુસ્લિમ આ નાની અમથી અદાલતમાં એક સાથે આવી શક્યા છે, પણ મસમોટી દુનિયામાં સાથે રહેવાની ના પાડે છે !'' ❖

## અંધારે મોર ન ભરાય

એક જૂની અરબી દંતકથા છે.

એક શાણો યુવાન નસીબજોગે બાદશાહ બની ગયો. ત્યારે ઈજિપ્ત, ગ્રીસ અને હિંદુસ્તાનનું તત્ત્વજ્ઞાન ખૂબ વખણાતું. એને થયું કે આ બધા મહાન જ્ઞાનનો લાભ લઈને તે પ્રમાણે રાજ ચલાવવું. એણે પંડિતોને ભેગા કરીને કહ્યું : ''મારા માટે, આખી દુનિયાનું જ્ઞાન એકઠું કરી આપો.''

પંડિતો તો મંડી પડ્યા. ત્રીસ ત્રીસ વર્ષો સુધી જંગી મહેનત કરી, પછી પચાસ ગાડાં ભરીને થોથાં-પોથાં ભેળાં કરી બાદશાહ સામે હાજર કર્યાં. હવે તો બાદશાહનો જુવાનીનો જુસ્સો કાંઈક નરમ પડી ગયેલો. વળી રાજકાજમાંથી પણ એને ફુરસદ ઓછી મળતી. એટલે એણે વળી બીજો હુકમ કર્યો : ''મારાથી આટલા બધા ચોપડા નહીં વંચાય. બધાના ટૂંકસાર કાઢી એક ગ્રંથ બનાવી લાવો.''

વળી પાછા પંડિતો મંડી પડ્યા. પાંચ વર્ષે એક દળદાર ગ્રંથ તૈયાર કરી દરબારમાં દાખલ થયા. પણ હવે તો બાદશાહ દુનિયાદારી કે તત્ત્વના ટૂંપણાંથી કંટાળેલો માણસ હતો. ટિકિટ કપાવીને બેઠેલા મુસાફર જેવી એની મનોદશા હતી. બસ, ક્યારે ગાડી આવે અને પોતે તેમાં બેસી જાય, એમ મૃત્યુની વાટ જોતો બેઠો હતો.

એક જ્ઞાનગ્રંથ પણ એને કામ ન લાગ્યો, અખાએ કહ્યું છે તેમ - આંધળીને પાથરતાં જ વહાણું વાઈ ગયું.

આવો જ એક કિસ્સો વિનોબા પાસે થયો. એક વૃદ્ધજન સત્સંગે આવેલા. વિનોબાને પૂછે : ''બાબાજી, જીવનનો ઉદ્દેશ શું છે ?'' ત્યારે વિનોબા એને બદલે, અમારા સામું જોઈ બોલ્યા : ''જુઓ, આ સજ્જન સિત્તેર વર્ષની ઉંમરે જીવનનો ઉદ્દેશ પૂછી રહ્યા છે, જ્યારે જીવન પૂરું

થવા આવ્યું છે !''

અનિલ જોશીનું એક ગીત છે -

હું તો અંધારે મોર બેઠી ભરવા,
કે મોરલો અધૂરો રહ્યો.
નથી નીકળતો સોયમાંથી દોરો,
કે મોરલો અધૂરો રહ્યો.

❖

જેના ઉપર ઉપકાર કરવામાં આવે છે, તેણે આખા જીવન સુધી તે યાદ રાખવો જોઈએ; પરંતુ ઉપકાર કરનાર જો નીચ અને અનુદાર બનવા માગતો ન હોય તો તેણે તો કરેલો ઉપકાર તરત જ ભૂલી જવો જોઈએ. કોઈ પર કરેલા ઉપકારનું તેને સ્મરણ કરાવવું અથવા તે વિષે આડકતરી રીતે બોલ બોલ કરવું એના જેવી નીચતા બીજી એકેય નથી.

- ડિમોસ્થનીસ

શુક્રવારનો નમાજ દિન. મસ્જિદમાં ઘણા લોકો જમા થઈ ગયા હતા. નમાજ પૂરી થઈ અને મૌલવી સાહેબની તકરીર શરૂ થઈ. આજે વ્યાખ્યાનમાં, મૌલવી સાહેબે કબીરના એક દુહાનો ઉપયોગ કર્યો. તરત જ સભામાં ગણગણાટ શરૂ થઈ ગયો. ''આપણી પાસે ઓછું સાહિત્ય છે કે કાફરના દુહાનો ઉપયોગ કરવો પડે છે ! આજે આમને થઈ ગયું છે શું ?'' મૌલવીએ જોયું કે સભામાં વંટોળિયો ઊઠી રહ્યો છે, એટલે ટૂંકમાં પ્રવચન સંકેલી, ઊભા થઈને જતા રહ્યા. ત્યારે કોઈ આદર-માન આપવા ઊભું ન થયું ત્યારે જ એમને ખ્યાલ આવી ગયો કે આજે એમનો મસ્જિદનો છેલ્લો દિવસ છે.

બીજા દિવસે સવારે, નમાજના સમય પહેલાં એક માણસે સંદેશો આપ્યો કે ''આજે મસ્જિદની નમાજ બીજા મૌલવી પઢશે. બપોરે પંચોની સભા છે, એમાં તમારે હાજર રહેવાનું છે.''

ત્યારે મૌલવીએ સલામ ભરતાં કહ્યું : ''શુક્રિયા ' તમે તમારા દરવાજા તો ખુલ્લા રાખ્યા છે ! આભાર !!!''

બપોરે બાર વાગ્યા. મસ્જિદ તો હકડેઠઠ હતી. પંચો ન્યાયાસન પર બિરાજમાન હતા. મૌલવી સાહેબના નામનો પોકાર થયો અને એમની સામે ફરિયાદ રજૂ થઈ કે ''તમારા પ્રવચનમાં તમે એક કાફરના શબ્દો અને તે પણ પાછા હિંદીમાં વાપર્યા. આવું કેમ કર્યું ? અલ્લા હિંદી જાણતા હોત તો કુરાનેશરીફ અરબીમાં શા માટે લખાત ?''

જવાબમાં મૌલવી સાહેબ દૃઢતાપૂર્વક ઊભા થયા. ઉન્નત મસ્તક રાખી બોલ્યા : ''હે અલ્લાના પ્યારા લોકો, જો તમારો અલ્લા ફક્ત અરબી જ જાણતો હોય તો તે આખી દુનિયાનો ખુદા ન બની શકે, - કમ સે કમ મારો તો ન જ બની શકે.'' બસ, આટલું બોલી સભાને ખુદા-

હાફિજ કહી બહાર નીકળી ગયા. લોકોને જ્યારે ભાન થયું ત્યારે તેઓ તો ક્યાંના ક્યાં નીકળી ગયા હતા !

આ મૌલવી સાહેબ ન કોઈ ફકીરનો લેબાસ પહેરે, ન કોઈ શિષ્યોની લંગાર ઊભી કરે. મુંબઈની એક નાનકડી ગલીમાં એમની ઉર્દૂ પુસ્તકોની દુકાન હતી. આ નાનકડી દુકાન જ લોકો માટે સત્સંગનું થાણું ! મૌલવીની સાદગી, શાંત - ડહાપણ ભરેલી શાણી વાતો, ઊંડી સમજણ - લોકો ખેંચાઈ ખેંચાઈને તેમની પાસે આવતા. ઘણા લોકો એમને કહેતા : ''તમારે આ દુકાનમાં ગોંધાઈ રહેવાની શી જરૂર છે ! આપને માટે અમે ગમે તે કરવા રાજી રાજી તૈયાર છીએ ! અમને તક આપો !'' તમને પણ થોડી ફુરસદ મળે તો અલ્લાની બંદગી થાય !''

''પણ મારા માટે તો આ કામ એ પણ એક પ્રકારની બંદગી જ છે. કામ એ જ બંદગી અને બંદગી એ જ કામ ! વળી આ વાતનું પણ સતત ધ્યાન રાખવું પડેને કે ગુલાબનું અત્તર હવામાં ન રખાય, એને તો રૂના પૂમડામાં સાચવી રખાય ! માણસનો મોટમાં મોટો દુશ્મન એનો છૂપો અહંકાર છે !''

''તો શું આપનાં તમામ દુઃખ-દર્દ અલ્લાને યાદ કરતા રહેવાથી દૂર થઈ જાય છે ?'' - પ્રશ્નકર્તાએ પૂછ્યું.

''અલ્લાના નામનું રટણ નહીં, એની યાદદિહાની, એનું સ્મરણ ! એનાથી અલગ રહીને નહીં, એની સાથે એકરૂપ થઈને !''

''મૌલવીજી, તમને સમજવા મુશ્કેલ છે !'' કોક કહેતું -

ત્યારે ક્ષણાર્ધ મૌન રહીને તેઓ કહેતા - જ્યારે પણ તમે દુઃખ-દર્દમાં ફસાઈ પડો ત્યારે નવલખ તારલા ભરેલા ખુલ્લા આકાશ નીચે બેસી જાઓ, અથવા તો સાગર કાંઠે યા કોઈ પહાડની ટોચ પર બેસી જાઓ, આ સમગ્ર સૃષ્ટિ તમારી હમદર્દ બની જશે !'' ❖

“આપ તો ભાઈ, ખુદાના ફિરસ્તા છો .... !”

“ના રે ભાઈ, હું તો એક ગરીબ માણસ છું. ખુદાનો સાવ નાચીજ બંદો ! - ફાટેલાં તૂટેલાં કપડાં, મેલું ઘેલું શરીર, વિખરાયેલા વાળ વાળો દૂબળો માણસ કહી રહ્યો હતો.

મશહૂર સોદાગર અકબર પોતાના કાફલા સાથે રેગિસ્તાનમાંથી પસાર થઈ રહ્યા હતા, પણ અચાનક એવો વંટોળિયો વાયો કે રસ્તો ચુકાઈ ગયો ! કહેવાય છે કે અરબી રણમાં રસ્તો ચુકાય તો ડગલે ને પગલે સામે મોત ફાડીને ઊભેલું જોવા મળે !

આ રઝળપાટમાં દિવસો વીતી ગયા અને સાથેનું પાણી ખલાસ થઈ ગયું, પછી તો કોણ માલિક અને કોણ નોકર ! જેને જે દિશા સૂઝી, તે દિશામાં સૌ ભાગી છૂટ્યા, ઊંટો પણ રણના ડુંગરોમાં ડટાઈ ગયા. અકબર જિલાત પણ ‘પાણી-પાણી’ કહેતો તરફડતો બેભાન બની ગયો હતો. ત્યાં આ હુસેન અચાનક પહોંચી ગયો હતો અને પોતાની મશકમાંથી પાણી પાઈ, પોતાની પીઠ પર ઊંચકી પોતાના ઘેર લઈ આવ્યો હતો.

‘તમે અહીં રહો છો ? આવા રેગિસ્તાનમાં .... ?” - ભાન આવતાં અકબરે પૂછ્યું.

ત્યારે હુસેને કહ્યું : “હું નાનો હતો, ત્યારે એક દિવસ ઘરમાં સૌ રડવા લાગ્યા. પછી મને ખબર પડી કે મારો મોટો ભાઈ એના કાફલા સાથે રણમાં ગયો હતો, તે રસ્તે અટવાઈને તરસનો માર્યો મરી ગયો. હું મોટો થયો તોય નાનપણની એ કસક શમી નહીં. બસ, પાણીની બે મશક લઈને અહીં આવી ગયો. બેઉ મશક પાણીથી ભરીને આખો દિવસ

રણમાં રખડું છું. અને ભૂલ્યાં-ભટક્યાંની તરસ છિપાવી, મારા મોટાભાઈને યાદ કરી લઉં છું.''

યાત્રિકો પાસેથી જે કાંઈ ખાવાનું મળે તેનાથી અડધું પડધું પેટ ભરી હુસેન ચલાવી લેતો. આ સાંભળીને અકબર સ્તબ્ધ થઈ ગયો, પણ સાથોસાથ એનો અંતરાત્મા પણ જાગી ગયો. પોતાને મુકામ પહોંચ્યા બાદ તરત જ એણે આખા રેગિસ્તાનનું સર્વેક્ષણ કરાવ્યું અને પછી રસ્તા બનાવી, વચ્ચે વચ્ચે પથરા પર લખાવ્યું કે - કેટલે દૂર કઈ દિશામાં પાણી મળી શકશે. તદુપરાંત અનેક સ્થળે પાણીની મશકો સાથે સેવકો પણ ગોઠવી દીધા.

આ બધું તો થયું, પરંતુ હુસેનની પીઠ પરની એક પણ મશક ઓછી ન થઈ, ન એણે એક દીનાર સુધ્ધાં સ્વીકારી.

હવે એ હુસેન બાબા તરીકે ઓળખાતા, જેમનો પાક્કો શિષ્ય ગણાતો - અકબર જિલાત. બંનેના નામ લોકો બેહિસાબ શ્રદ્ધાપૂર્વક લે છે અને અરબસ્તાનના લોકો આજે પણ કહે છે - હુસેનબાબાનું નામ લઈને રેગિસ્તાનની મુસાફરી કરનારા સામે ન કદી તોફાન આવે છે, ન કદી પાણીની મુશ્કેલી પડે છે, ન કદી પંથ ભુલાય છે !

ઈશ્વરના સાચા ભક્તો ભગવાન પાસે કદી પોતાના માટે કશું માંગતા નથી. એમને તો જગતના લોકોની પીડા શમે તે જ પ્રભુભક્તિ છે. ક્ષિતિબાબુ બંગાળના ભારે મોટા સાહિત્યકાર. એક વાર એક ધોબણ પાસે એક ગીત સાંભળ્યું, એકદમ ભાવભીની થઈને મસ્તીપૂર્વક એ ગાતી હતી. જેનો અર્થ હતો - પ્રભુ, તારું સ્વર્ગ મને ન જોઈએ. મારે મારા માટે કશું નથી જોઈતું પણ તને આટલું કહી રાખું છું કે તારે કોઈને પીડા આપવાની હોય અને કોઈ એ પીડા ન લેતું હોય, તો એ પીડા તું મને મોકલાવી આપજે ''લે, લખી લે મારું ઠેકાણું !''

છેને દિલદારી ?

# કદીયે ન સંતોષાનારી તૃષ્ણા

પ્રાચીન કાળમાં એક બાદશાહને ત્યાં દૂર દેશાવરનો એક ફકીર જઈ ચડ્યો. બાદશાહની નામના સર્વત્ર એ રીતે ફેલાયેલી હતી કે એ જ્ઞાન મેળવવા ખૂબ ઉત્સુક છે. ઠેરઠેરથી સંતો, વિદ્વાનો અને શાસ્ત્રીઓને નિમંત્રણ આપી આપીને તે પોતાને ત્યાં બોલાવે અને વર્ષો સુધી રાખે. પણ આ ફકીર તો સામે ચાલીને આવ્યો હતો.

પહેલે જ દિવસે દરબાર ભરાયો હતો અને બાદશાહે ફકીરને કાંઈ જ્ઞાનની વાતો કહેવા કહ્યું. ત્યારે ફકીરે કહ્યું : ''બાદશાહ ! જ્ઞાન તો મારી પાસે ખાસ નથી. પણ થોડી વાતો જરૂર કરીશ. પણ પહેલાં મારું ભિક્ષાપાત્ર તમારે ભરી આપવું પડશે, પછી જ બીજી વાત.''

બાદશાહ થોડો અચકાઈ ગયો. આ તે કેવો ફકીર ? એને જ્ઞાનમાં રસ છે એના કરતાં ધનમાં વધારે લાગે છે. પણ વાંધો નહીં. તરત જ એ બોલ્યો : ''ઓહો, એમાં શી મોટી વાત ? પછી તમને આપવાનો જ હતો, તે પહેલાં આપી દઉં ! અરે, ખજાનચી, ફકીર સાહેબના શકોરાને રૂપિયા પૈસાથી નહીં, પણ સોનામહોરોથી છલકાવી દો.''

ફકીર તો પોતાનું શકોરું સામે ધરીને બેઠો અને સિપાઈઓ સોનામહોરોની થેલી લઈ આવ્યા અને ખોબો ભરીને સોનામહોર પેલા શકોરામાં નાખી. ખજાનચીએ શકોરાનું માપ જોઈ ધારેલું કે ખોબો બે ખોબા સોનામહોર તો ઘણી થઈ પડશે. પણ સિપાઈઓએ એકને બદલે બે ખોબા ભરીને મહોરો નાંખી, તોપણ પેલું શકોરું આખું ભરાયું જ નહીં, પછી છલકાવાની તો ક્યાં વાત ? વળી એક ખોબો મહોરો નંખાવી પણ એની એ હાલત. શકોરું ભરાય જ નહીં ! થોડી મહોરો એમાં દેખાય પણ આખું ન ભરાય. રાજાએ ઇશારો કર્યો કે આખી થેલી એમાં ઠાલવી દો. એમ કર્યું છતાંય શકોરું તો અધૂરું ને અધૂરું ! રાજાએ બીજી

સોનામહોરો લઈ આવવા આજ્ઞા કરી અને ફકીર સામે પૃચ્છાભરી નજરે જોયું. શકોરું બીજી થેલી પણ ગળી ગયું ! રાજા સ્તબ્ધ, આખો દરબાર પણ સ્તબ્ધ. છેવટે ફકીરનાં ચરણોમાં પડી બાદશાહે પૂછ્યું : ''સાંઈજી, શું છે આ ભેદ ? તમારું આ શકોરું કઈ ધાતુનું બનેલું છે કે જેટલું તેમાં નાંખો એ ઓછું જ પડે છે ! હવે રહસ્ય ખોલો અને કૃપા કરો.''

''બાદશાહ, આ શકોરું માટીનું કે કોઈ ધાતુનું નથી. આ તો છે માણસ નામના પ્રાણીનું ખપ્પર. દુનિયાભરની કોઈ પણ ચીજ ભરવાથી ભરાઈ જાય પણ માણસની ખોપરી એક એવી છે જેને કોઈ ધરવ જ નથી. આપ્યો જ જાવ, આપ્યે જ જાવ અને છતાંયે એ ઊણી ને ઊણી જ ! માણસનાં લોભ, તૃષ્ણા અને ખાઉધરાવેળાને કોઈ છેડો નથી. સતત ભડકે બળતી એ આગમાં થોડું વધુ હોમી દઈને તમે કદી છુટકારો મેળવી નહીં શકો. જિંદગીના કોઈક તબક્કે તો તમારે પોતે જ વિરામ મૂકવું પડશે અને પાછા ફરવું પડશે કે 'હવે બસ ઘણું થયું.' છેલ્લા શ્વાસ સુધી ઇચ્છાઓને આધીન થતાં જવું એ જીવનધર્મ નથી; કોઈક તબક્કે ઇચ્છાઓના તંતુને છેદી જીવનના ગર્ભાગારમાં વહેતાં વહેણને કાંઠે જઈ પહોંચવું એ છે જીવનધર્મ.

રાજા સુજ્ઞ હતો. તેજીને ટકોરો બસ હતો. ફકીરને સાંઈપદે સ્થાપી થોડા જ વખતમાં ફકીરની સાથે જંગલની વાટ પકડવા તેણે પોતાની જાતને તૈયાર કરી દીધી.

❖

ઈરાનનો બાદશાહ ફારુન અલ રશીદ ભારે ઘમંડી. પોતાની ધનસંપત્તિ અને જાગીર-જમીનનો ભારે મોટો અહંકાર. સ્વભાવે તોછડો અને મિજાજી !

અબુ શકીક નામના એક મુસ્લિમ સંત એમના રાજ્યમાં આવી ચઢ્યા. બાદશાહ સાથે ઔપચારિક મુલાકાત ગોઠવાઈ. બાદશાહ તો એટલો બધો સત્તાંધ અને મોહાંધ હતો કે એને એટલો પણ વિવેક ન રહ્યો કે સાધુ મૌલવી પાસે ધનસંપત્તિના દેખાડા ન હોય ! પણ એણે તો પ્રદર્શન શરૂ કર્યું : ''તમને ખબર છે મારી પાસે કેટલી બેસુમાર દોલત છે તે ?''

ત્યારે પેલા મૌલવી કહે છે : ''તમે મને એક પ્રશ્નનો જવાબ આપશો ? ધારો કે તમે સહરાના રણમાં ભૂલા પડ્યા છો અને તરસના માર્યા તમારા પ્રાણ તરફડી રહ્યા છે અને ત્યારે તમારી સામે કોઈ પાણીનો એક પ્યાલો ધરે તો તમે એને બદલામાં શું આપો ?''

ત્યારે પોતે જાણે દરિયાવદિલ હોય એમ બાદશાહ અભિમાનપૂર્વક કહે : ''અરે, એને તો હું મારું અડધું રાજ્ય આપી દઉં !''

''ધારો કે તમને ગંભીર માંદગી લાગુ પડે છે. અનેક ઉપાયો અજમાવ્યા છતાં કાંઈ ફરક પડતો નથી. પણ અંતે સાધુની એક પડીકીથી તમારો રોગ દૂર થઈ જાય છે તો તમે એ ફકીરને શું આપો ?'' સંત પૂછે છે.

''અરે, એને પણ અડધું રાજ્ય આપી દઉં !''.... ઘમંડપૂર્વક રાજા કહે છે.

તો ફકીર એને શાંતિથી સમજાવે છે : ''ત્યારે જુઓ બાદશાહ ! તમારી તમામ દોલત અને રાજ્ય બરાબર એક પ્યાલો પાણી અને

દવાની એક પડીકી થઈ. એટલા માટે તમે આટલો બધો ઘમંડ રાખો છો !''

આપણે ત્યાં ઇચ્છાને ડાકણ કહી છે. ડાકણ એક વાર વળગે તે છૂટવાનું નામ ન લે !

એક વેપારી હતો. સારો એવો પૈસો ભેગો કર્યો હતો એટલે દાનધરમ કર્યા કરતો. એને ત્યાં એક વાર એક સાધુ મહાત્મા પધાર્યા. શેઠની સેવાથી ખુશ થઈ ગયા. કહે : ''તારા પર હું પ્રસન્ન છું. ચાલ, તને વૈકુંઠનાં દર્શન કરાવું !''

ત્યારે શેઠ બે હાથ જોડીને કહે : ''મહારાજ, મને સાત વર્ષની મહેતલ આપો. આ છોકરાને પરણાવી કરી ઠેકાણે પાડી દઉં. પછી તમારી હારે હાલી નીકળું !''

સાત વર્ષ પછી મહાત્મા ફરી પાછા એ વેપારીને ત્યાં ગયા તો શેઠ તો ગુજરી ગયા હતા. સાધુમહારાજે જોયું તો શેઠ દીકરાને ત્યાં જ બળદ બનીને હળ ખેંચી રહ્યા હતા. બળદ પાસે જઈને બોલ્યા : ''ચાલ, તને હજુય મારી સાથે લઈ જઉં.'' તો બળદ કહે : ''બીજાં સાત વર્ષ પછી.''

ફરી સાત વર્ષે સાધુ પાછા ગયા તો બળદ કૂતરા રૂપે દીકરાની મિલકતનું રખોપું કરતો હતો. ફરી સાત વર્ષની મહેતલ બાદ ફરી એક વધુ મુલાકાત તો જોયું કે શેઠ સાપ બનીને ધનનું રક્ષણ કરતા હતા.

આ વખતે સાધુ પૂછવા ન રહ્યા. લાકડી વડે સાપને મારી નાંખ્યો અને બધું ધન દીકરાને સુપરત કર્યું.

આનું નામ વળગણ, મોહ ! ઇચ્છાની ગાંઠ કદી છૂટે નહીં, એને કાપવી પડે. સત્ત્વગુણી માણસ કદીય કશાની ગાંઠ ન વાળે. ગાંઠ મારે તોપણ સરકણી ગાંઠ મારે, ઇચ્છે ત્યારે એને છોડી શકાય. જ્યારે રજોગુણીની ગાંઠ કાપ્યે જ છૂટકો !

❖

ઝેન ગુરુ સ્યોકાન પોતાની નાનકડી ઝૂંપડીમાં અત્યંત સાદું જીવન ગાળતા હતા. રસોઈ માટે માટીનાં બે ઠામ, પાણીનું માટલું, સૂવા માટે સાદડી અને પહેરેલાં કપડાં. આ હતી એમની ઘરવખરી ! એક રાતે એક ચોર એમની ઝૂંપડીમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસ્યો, પણ બિચારાને લઈ જવા જેવું કશું ન દેખાયું. ખાલી હાથે એ બહાર નીકળી રહ્યો હતો, ત્યાં સ્યોકાને એને જોઈ લીધો. એમણે કહ્યું : ''ભાઈ, તું ઘણે દૂરથી આપદાનો માર્યો અહીં આવ્યો લાગે છે. તું આમ ખાલી હાથે જાય એ મને ન ગમે. લે, તું મારાં આ પહેરેલાં કપડાં તો લેતો જા.''

એમ કહીને એમણે લેંઘો - પહેરણ ઉતારી આપ્યાં, ચોર તો એ લઈને ચાલતો થયો. સ્યોકાન બહાર ખુલ્લામાં આવ્યા તો આકાશમાં સુંદર ચાંદ ખીલેલો જોયો. થોડી વાર પેલો ચોર યાદ આવતાં બોલી ઊઠ્યાં :''બાપડો! હું એ ચોરને આ સુંદર ચાંદ આપી શકત તો કેવું સારું!

સંત ફ્રાન્સીસના જીવનનો એક કિસ્સો છે. એક વાર રોમના એથન્સના દેવળમાં મધરાતે જોર જોરથી ઘંટ ધણધણી ઊઠ્યાં. નગર આખું ઝબકીને જાગી ઊઠ્યું ! ''નક્કી, કાંઈ અકસ્માત થયો લાગે છે !'' કહીને સૌ સફાળા ઘંટના અવાજ તરફ દોડી ગયા. દેવળે પહોંચીને જુએ તો સંત ફ્રાન્સીસ પોતે ઘંટ વગાડી રહ્યા છે. સૌએ પૂછ્યું,''અરે સંત ! શું થયું !''

તો ફ્રાન્સીસે શાંતિથી કહ્યું : ''બીજું કશું થયું નથી. જુઓને, આકાશમાંથી કેવી શીતળ-સુંદર ચાંદની વરસી રહી છે. મને થયું કે રાત આવી સુંદર ચાંદની ઝારતી હોય ત્યારે મારા નગરબંધુઓ બંધ બારણે સૂઈ રહે, તો ઘણું બધું ગુમાવે ! બસ, એટલે તમને સૌને ચાંદની જોવા - અનુભવવા મળે તે માટે મેં મધરાતે ઘંટ વગાડ્યો !''

સૃષ્ટિ જીવનનાં અગમ દ્વાર ખોલી આપે છે ! સૃષ્ટિમાં પ્રભુતાનું પ્રતિબિંબ પ્રગટ થાય છે, માટે જ સૃષ્ટિનું શોષણ નહીં, ઉપાસના થવી ઘટે.

❖

## ૪૫ સ્ત્રી સન્માન માટે વાસનામુક્ત દૃષ્ટિ

ફ્રાંસના સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ એક સાહસિક, નિર્ભયી અને વિક્રમી સરસેનાપતિ તરીકે જગમશહૂર છે.

આ નેપોલિયને પોતાના ટુઈલેરિસ નામના રાજમહેલમાં ભવ્ય સ્નાનાગાર તૈયાર કરવાનો આદેશ આપ્યો. વિશાળ રાજપ્રાસાદને શોભે તેવું સ્નાનાગાર બનાવવાની તડામાર તૈયારીઓ ચાલવા લાગી અને થોડા દિવસોમાં તો ભવ્ય સ્નાનાગાર તૈયાર પણ થઈ ગયું. સ્નાનાગારના સૌંદર્યને ઓપ આપવા ચારે બાજુની દીવાલો પર શૃંગારસજ્જ રમણીઓનાં મનમોહક ચિત્રો પણ દોરાવ્યાં હતાં. પોતાને ભારે મોટી શાબાશી અને મોટું ઇનામ મળશે એ આશાએ અધિકારીઓનાં હૈયામાં આશા - ઉમંગ ઊછળતાં હતાં, બધું કામ પૂરું થયું ત્યારે તેમણે નામદાર સાહેબને સ્નાન કરી મંગળ ઉદ્‌ઘાટન કરવા નિમંત્રણ આપ્યું.

નેપોલિયને પોતાના સ્નાનાગારમાં પહેલું પગલું મૂક્યું, ત્યાં એની નજર ચારે કોરની દીવાલો પર પડી. દીવાલ પરની ચિત્રલીલા પર પહેલી નજર પડતાં જ એણે પોતાનો પગ પાછો વાળી લીધો. અધિકારીઓને તત્કાળ એ ચિત્રો ભૂંસાડવાનો હુકમ આપતા કહે : ''સ્ત્રીઓનાં વિલાસપૂર્ણ ચિત્રો એ એમનું અપમાન છે. સ્ત્રીઓનું તો સન્માન થવું ઘટે, જે દેશમાં સ્ત્રીઓને વિલાસનું સાધન માનવામાં આવે છે તે દેશ વિનાશને પંથે છે, તેમ સમજવું.''

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓ તરફ જોવાની સન્માન દૃષ્ટિ છે, તે 'મહિલા' શબ્દ પરથી સમજાય છે. ભારતમાં સ્ત્રીના કન્યારૂપ અને માતૃરૂપને વંદનીય ગણ્યું છે. એટલે ભારતની ટોચ પર, ઉત્તર દિશામાં કાશ્મીરમાં વૈષ્ણોદેવીનું મંદિર છે, જે 'માતૃરૂપા' છે. ભારત માતાનાં ચરણો પખાળતી દક્ષિણ દિશામાં 'કન્યાકુમારી' બિરાજમાન છે. આમ માતારૂપે અને કન્યારૂપે નારીતત્ત્વ ભારતનાં શિખર અને ચરણને શોભાવે છે. મધ્યકાલીન અને વર્તમાન કાળમાં વિશ્વભરમાં સ્ત્રીઓની જે દુર્દશા કરવામાં આવી છે, તે સુધારી લેવાય તો જ સાચું સ્ત્રી-સન્માન સિદ્ધ થઈ શકે.

❖

ગોરખપુરથી લગભગ પંદર માઈલ દૂર વસેલું મગહર ગામ, જ્યાં સંત કબીરનું સમાધિસ્થળ છે. આગગાડીમાં બેઠાં બેઠાંય સમાધિની ઇમારતની સફેદ દીવાલો સાદ કરે.

કબીર હિંદુ કે મુસલમાન ? ઝઘડો કરનાર ન હિંદુ છે, ન મુસલમાન, કે નથી ભક્ત. પણ આ પૃથ્વી પર એવું ઘણું બધું ચાલે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે ગુરુને એના શિષ્યો જ પહોંચે. કહેવાય છે કે કબીર જ્યારે ગુજરી ગયા ત્યારે એમના અંતિમ સંસ્કાર માટે હિંદુ-મુસલમાન વચ્ચે ઝઘડો થયો. મૃતદેહને દાટવો કે બાળવો ? ઝઘડો ખાસ્સો ચાલ્યો. છેવટે મૃતદેહ પરથી ચાદર ખસેડાઈ ત્યારે ભોંય પર હતાં માત્ર બે ફૂલ ! એક ફૂલ લીધું હિંદુઓએ અને બીજું ફૂલ લીધું મુસ્લિમોએ, અને બંનેએ પોતપોતાની વિધિ મુજબ બે સમાધિ બનાવી દીધી. આજે પણ મગહરમાં મંદિર અને મસ્જિદરૂપે આ બંને સમાધિ ઊભી છે અને બંને સ્થાનોમાં ભજન-કીર્તન ચાલે છે.

પરંતુ હિંદુ મંદિરની સમાધિનાં દર્શન કરી મસ્જિદની સમાધિએ પહોંચવું હોય તો કોઈ સીધો રસ્તો નથી. કબીરનું અર્ધાંગ એક બાજુ, શેષાંગ બીજી બાજુ અને વચ્ચે ચણાઈ ગઈ છે મોટી દીવાલ ! એમાં કોઈ બારી કે બારણું નથી. મસ્જિદમાં જવું હોય તો ફરીને જ જઈ શકાય.

સમાધિ બની ત્યારે જ આ ભીંત ચણાઈ ? ના, વચમાં આડી ભીંત ન હોય અને એક જ ગુરુની સમાંતર ઉપાસના ચાલ્યા કરે તેવા પ્રયત્નો થયા, પણ ઝાઝા ચાલ્યા નહીં. છેવટે વચ્ચે આડશ ઊભી થઈ ત્યારે જ ઝઘડા શાંત થયા. અને આ દીવાલ પણ કોણે ઊભી કરી ? ૮૦ વર્ષ પહેલાંના ત્યાંના એક અંગ્રેજ અમલદારે ઝઘડાનો કાયમી ઉકેલ લાવવા આ તોડ કાઢ્યો.

દીવાલો શું સાચે જ ઝઘડાનો કાયમી ઉકેલ લાવે છે ? કોઈક અંગ્રેજ અમલદારે મગહરના હિંદુ-મુસલમાન વચ્ચે દીવાલ ઊભી કરી

અને તોડ કાઢવા ઉપાય અજમાવ્યો, તો કોઈક અંગ્રેજ વાઇસરૉયે ભારત-પાકિસ્તાનની દીવાલ ચણી તોડ કાઢવાનો ઉપાય શોધ્યો.

હવે માનવજાતે નક્કી કરવાનું કે શું આ દીવાલો તે સાચો ઉપાય છે ? પરસ્પર હુંસાતુંસી, અદેખાઈ, વેરઝેરનાં વિષ કાલવ્યાં કરવાં તે જ ઉકેલ છે કે બીજો કોઈ વિકલ્પ છે ? વાસ્તવમાં આ દીવાલ પહેલાં ચણાઈ ગઈ હોય છે મનમાં. પથ્થરની ઈંટો તો અંદરની ભીંતોની ઈંટોના પડછાયા જ છે. ભાંગવી હોય તો આ ભીતરની ભીંતો ભાંગવી પડશે.

મારા-તારાની વૃત્તિ તો પતિ-પત્ની, ભાઈ-બહેન, પિતા-પુત્ર વચ્ચે પણ દીવાલોના ઢગ ઊભા કરશે. મારું-મારું કહ્યાં કરીશું તો તે મારશે. મારામાંથી આપણા સુધી પહોંચવાની કેડી માનવે હવે શોધવી જ પડશે. 'હું' અને 'તું' વચ્ચેનું અંતર ભલેને લાખો ગાઉ હોય તોપણ તે અંતર મિટાવવાની દિશા શોધવી પડશે. વર્ષના ૩૬૫ દહાડા, ક્યારેક તો કોઈ મસ્જિદમાં જઈએ ! વર્ષમાં પાર વગરનાં પર્વ ઊજવીએ, ક્યારેક તો એકાદી ઈદ કે એકાદી રામનવમી ઊજવીએ ! રોજા કાયમ કરીએ, કદીક તો એકાદશી રહીએ. દીવાલની ઈંટો ખેસવવાના હજાર રસ્તા છે. વાત સાવ નાની, પણ દિશા બદલાશે. હવે ચીલાચાલુ સંમેલનો, મેળા, તહેવારોની ઉજવણીને બદલે સમાજને સુદૃઢ કરનારાં નવાં આયોજનો વિચારાવાં જોઈએ. જ્યાં જ્યાં ભેદની તિરાડ નજરે પડે ત્યાં એને સાંધી લેનારા કુશળ કડિયાની સમાજને જરૂર છે. પ્રવચન, વ્યાખ્યાનમાળા કે ઉદ્‌ઘાટન નહીં, પણ એવા સહિયારા લોકોત્સવ, જેમાં આખો સમાજ ભળે. એવા મંચ ઊભા થાય જેમાં સૌને એકસાથે આવવાની તકો વારંવાર ઊભી થાય.

કબીરે ગાયું છે કે -

हिंदू पूजै देहरा, मुसलमान मसीद ।
नामा सोई सेवियां जहे देहरा न मसीत ॥

મંદિરેય નથી અને મસ્જિદેય નથી, તેવું દેવસ્થાન કબીર સેવે છે. આપણે આપણા દેવને ક્યાં શોધીશું ? ક્યાં સેવીશું ? ❖

સદીઓ પહેલાંની વાત છે. પૃથ્વી પર યુદ્ધો તો દરેક યુગમાં ખેલાતાં જ રહ્યાં છે. અમેરિકામાં પણ વચ્ચે વચ્ચે યુદ્ધના જ્વાળામુખી ફાટ્યા જ કરતા. મધ્યયુગની આ વાત છે. આવા જ એક યુદ્ધમાં લેસ્ટર શહેર તારાજ થયેલું. તેમાં એક રાજા એટલો બધો સત્તાંધ અને આપખુદ હતો કે આખી પ્રજા એનાથી ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠેલી, પણ કોઈ સહેજ પણ ચૂં કે ચા કરે તો તરત જ એના પર દમનનો કોરડો વીંઝાતો.

એક વખતે આ રાજાએ પ્રજા પર એટલા આકરા કરવેરા ઝીંક્યા કે ખુદ રાણી પણ એ હુકમ સાંભળી થથરી ઊઠી. એનું નામ ગોડીવા. હિંમત કરીને એણે પતિ પાસે મમરો મૂક્યો : ''આટલા બધા કરવેરા ચૂકવવાની લોકોની ત્રેવડ ન હોય ! દયા કરીને એને થોડા હળવા કરો.'' ત્યારે એ નફ્ફટ દુષ્ટ રાજા કહે છે : ''ઓહો ! લોકોની આટલી બધી ચિંતા સેવે છે ? તો જા, એક શરતે હું આ કરવેરા ઘટાડી દઈશ. હવે નિર્ણય તારા હાથમાં છે.''

''શી શરત છે ?'' રાણીએ પૂછ્યું.

''બસ, નાનકડી શરત છે. તારે આખા નગરમાં ઘોડા પર ફરી આવવાનું. પણ શરત આ કે તારે શરીર પર એક પણ વસ્ત્ર ધારણ નહીં કરવાનું.''

રાણી તો હેબત ખાઈ ગઈ. આવડી ભારે કિંમત ! પોતાની આબરૂ જ કાંટે ચઢાવવાની ? આખી રાત હૈયામાં ઘમસાણ યુદ્ધ ચાલ્યું. એક બાજુ પોતાની ઇજ્જત, તો બીજી બાજુ જનહિત. અંતે, લાખો લોકોનાં હૈયાને ઠારવા પોતાની આબરૂને અગ્નિપરીક્ષામાંથી પસાર કરવાનો સંકલ્પ કર્યો, ત્યારે જ અજંપો શમ્યો.

દુષ્ટ રાજાએ તો બીજા દિવસે નગર આખામાં ઢંઢેરો પિટાવ્યો કે

- આજે તમાશો થવાનો છે ! ખુદ રાણીસાહેબા નિર્વસ્ત્ર હાલતમાં આખા નગરમાં ઘોડેસવારી દ્વારા ફરશે. એના બદલામાં લોકો પર લદાયેલા કરવેરા થોડાક હળવા કરવાની શરત મંજૂર કરાઈ છે !''

અને કહેવાય છે કે તે દિવસે વસ્ત્રહીન રાણીમાની ઘોડેસવારી નગર આખામાં ફરી, પણ નગરના એક પણ ઘરનાં એક પણ બારી-બારણાં ન ખૂલ્યાં. નગરજનોની આ સ્વૈચ્છિક કેદ હતી. નિરંકુશ રાજા સત્તાના મદમાં નીતિમર્યાદાની માઝા મૂકી દે ત્યારે પ્રજા પોતાના પર પોતે જ વિવેકનો અંકુશ મૂકીને ધર્મનું રક્ષણ કરે છે.

આજે પણ એ નગરમાં એ મૂઠી ઊંચેરા નાગરિકોની વિવેકબુદ્ધિને બિરદાવતી ભૂરા આરસની એક ઘોડેસવાર મૂર્તિ ચોકમાં મુકાઈ છે, જેના વિશે કવિ ટેનિસને લખ્યું છે - *'And she wore the cloths of chastity and modesty'* અશ્વારૂઢ એ રાણીએ શીલ અને સદાચારનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. !

❖

**વિજયી મનુષ્ય કરતાં જે ધૈર્યથી પરાજય સહન કરે છે તે ખરો ફિલસૂફ છે. કારણ કે જગતને વશ કરવામાં જેટલું કૌશલ જોઈએ છે તેટલું જ કૌશલ જગતને નભાવવામાં પણ જોઈએ છે. મુશ્કેલીઓ આપણને એવી ઉચ્ચ કક્ષામાં લઈ જાય છે કે જેથી, પ્રથમ દુર્ભાગ્ય સહન કરવાની અને અંતે તેની ઉપર વિજય મેળવવાની શક્તિ આપણામાં આવે છે. આ પ્રમાણે કસોટીમાં શિક્ષા અને શુદ્ધિ બંને તત્ત્વો સમાયેલાં છે.**

**- અરધે**

ભારતભૂમિ પર સંતોની વર્ષા તો વરસતી જ રહી છે; પરંતુ અહીં જે વેપારીઓ, રાજાઓ અને યોદ્ધાઓ થઈ ગયા તેમાં પણ કેટલાક સંતકુળના જ હોય તેવા નીવડ્યા છે.

ધારાનગરીના રાજા ભોજ મહા દાનેશ્વરી. ધન તો વહેતું ભલું એ તથ્યને તેઓ પોતાના જીવનમાં પ્રત્યક્ષ આચરીને બતાવતા હતા. એમના રાજભંડારેથી સતત દાનની ધારા વહેતી. ગરીબોને માટે અન્નભંડારો ખૂલી જતા અને વિદ્વાનોની કદરરૂપે સુવર્ણમુદ્રાઓની કોથળીઓના બંધ છૂટી જતા. ગરીબોની દીનતા, અકિંચનતા દાન મેળવવા કારણરૂપ બની જતી, તો જ્ઞાનીઓની જ્ઞાનસંપદા પુરસ્કાર મેળવવા કારણરૂપ બની જતી. આમ સૌ કોઈને આપીને ભોજરાજા ઊંડી શાંતિનું મહાસુખ અનુભવતો.

મહારાજાના ઐશ્વર્યની આ નિત્ય ધારાને જોઈ એમના રોહલ નામના મંત્રીને થયું કે જો આમ જ દાનપ્રવાહ અતૂટ વહેતો રહેશે તો એક દિવસ આખો ખજાનો તળિયાઝાટક થઈ જશે. આનું કાંઈક કરવું જ જોઈએ.

મહારાજાને સીધેસીધું કહેવાની હિંમત તો એ ક્યાંથી લાવે ? ઘણા ઉપાયો વિચારી જોયા, પણ એકે કારગત ન લાગ્યો. છેવટે રાજાનું ધ્યાન ખેંચાય એ રીતે સભામંડપની સામેની જ ભીંત ઉપર મોટા અક્ષરે લખાવ્યું - 'आपदार्थे धनं रक्षेत् ।' - એટલે કે આપત્તિ આવી પડે એ વખતે કામ લાગે માટે ધનને બચાવી રાખવું જોઈએ.

બીજે દિવસે ભોજરાજા રાજદરબારમાં આવ્યા ત્યારે તેમનું આ સૂત્ર પર ધ્યાન ગયું. આ લખાણનો સંકેત એ શાનમાં સમજી ગયા. પોતે જ પેલા સૂત્રની સાથે બીજું એક સૂત્ર જોડી દીધું - 'भाग्यभोजः

क्वचापदः ?' એટલે કે જેઓ ભાગ્યશાળી છે તેમના પર આફત કેવી ?

બીજે દિવસે મંત્રીએ વળી એ સૂત્રને આગળ વધાર્યું - 'दैव हि कुप्यते क्वापि।' - મતલબ ક્યારેક ભાગ્ય જ રૂઠી જતું હોય છે.

વળતે દિવસે રાજાએ જોયું કે વાત આગળ વધી છે. પોતાના અંતરની નિષ્ઠાની દૃઢતાની ગાંઠ મારતા હોય તેમ તેમણે છેલ્લું ચરણ લખ્યું : 'संचितोपि विनश्यति।' ભાગ્ય જ રૂઠવાનું હશે તો સંઘરો પણ નાશ પામશે. વિધાતાએ રાતોરાત ઘણા રાજાને રંક અને રંકને રાજા કર્યા છે !

હવે મંત્રીનું ડહાપણ કેટલે ચાલે ? પોતાના રાજાધિરાજના હૃદયની મહાનતા સામે એમનું શિર ઝૂકી ગયું અને સમજી લીધું કે આ માનવી છે જ કાંઈ નોખી માટીનો !

આપણી ભાષામાં શાસનકર્તાને 'રાજા' કહ્યો છે અને તે જે વહીવટ ચલાવે છે તેને 'રાજ્ય' કહ્યું છે. સંસ્કૃત ભાષાની ખૂબી જ આ છે કે એ શબ્દો દ્વારા આપણી સાથે વાત કરે છે. એના શબ્દો જ ભારે સાંકેતિક હોય છે. 'રાજા' કોણ ? તો એનો મૂળ ધાતુ છે 'राज्' એટલે કે ચમકવું. ઝળહળવું. કોણ ઝળહળી શકે ? લોઢું ઘસાય છે તો ચમકે છે, દીવાની વાટ સળગે છે તો ઝળહળે છે ! ત્યાગ અને દાન દ્વારા જેનું જીવન ઝળહળે છે તે છે રાજા. તેનું ઝળહળવું એ જ તેનું રાજ્ય. એ જ તેની આણ, એ જ તેની સત્તા. સત્તા સત્યની છે, તેજની છે, ત્યાગની છે, પરદુઃખભંજકતાની છે.

સત્તાના આકાંક્ષીઓ, રાજ્ય ચલાવવાની હોંશ ધરાવનારા માનવો આટલા સત્યને ગ્રહણ કરી શકશે ? કોઈ રાજ ચલાવે તે રાજાના મુગટને કે તાજને 'કાંટાળો તાજ' કહ્યો છે ! આ રાજમુગટ ત્યાં સુધી જ ઝળહળતો રહે છે, જ્યાં સુધી રાજા પ્રત્યે પ્રજાના પ્રેમ અને વિશ્વાસ

ટકી રહે છે. આ વિશ્વાસ ટકાવવા રાજાએ ન્યાયપ્રિય બનવું પડે છે, પરદુઃખભંજક બનવું પડે છે. પ્રજાનો પોતાના રાજા પ્રત્યેનો અખૂટ વિશ્વાસ એ રાજ-તિજોરીનું મોટામાં મોટું ધન છે, જેના થકી રાજાનું રાજત્વ ઝળહળે છે.

ચીનની એક જૂની અને જાણીતી વાત છે. વડાપ્રધાનની ચીનની મુલાકાત બાદ સમાચારપત્રોમાં ચીન ચમકતું રહ્યું છે, તેથી ચીનની આ વાત યાદ આવી ગઈ. ચીનમાં કન્ફ્યુશ્યસ નામના ફિલસૂફ થઈ ગયા. એના શિષ્યએ પ્રશ્ન કર્યો : ''રાજ્યના શાસનની સ્થિરતા માટે કઈ બાબતો આવશ્યક ગણાય ?'' કન્ફ્યુશ્યસે જવાબ આપ્યો : ''શક્તિશાળી સેના, ભરપૂર અન્નભંડારો અને પ્રજાનો શાસકમાં વિશ્વાસ.'' થોડી ક્ષણો પછી શિષ્યે ફરી પ્રશ્ન કર્યો : ''આ ત્રણેય બાબતો પૂર્ણ ન થાય તે સંજોગોમાં કઈ બે બાબતો મહત્ત્વપૂર્ણ ગણાય ?'' તેને ઉત્તર મળ્યો : ''જો ત્રણેય શરત પૂર્ણ ન થાય તો કમજોર સેનાથી નભી જશે. અન્નભંડારો ભરેલાં હશે તો પ્રજાનો વિશ્વાસ ટકી રહેશે. જો બાહ્ય આક્રમણ થશે ત્યારે પ્રજા સ્વયં હથિયારો હાથમાં લેશે અને રાજ્યને બચાવશે.'' શિષ્યે છેલ્લો પ્રશ્ન પૂછી નાખ્યો : ''જો આ બેમાંથી પણ એક જ વાત અમલમાં મૂકી શકાય એમ હોય તો કઈ અનિવાર્ય ગણવી ?'' કન્ફ્યુશ્યસે શાંતિથી જવાબ વાળ્યો : ''એ સંજોગોમાં પ્રજાનો વિશ્વાસ અનિવાર્ય ગણાય. જો શાસકમાં પ્રજાનો વિશ્વાસ હશે તો અડધા ભૂખ્યા રહીનેય લોકો રાજ્યની રક્ષા કરતા રહેશે.''

આમ, પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કરવો એ સફળ શાસનની ગુરુચાવી છે. સુજ્ઞ રાજા આ વિશ્વાસના વાવેતર કરતો જ રહે છે.

❖

સંત મહાત્મા એટલે અખૂટ ધીરજના ભંડાર. મહારાષ્ટ્રના એકનાથ મહારાજ પણ આવા જ સહનશીલ અને ક્ષમાળુ હતા. કસોટીઓની એરણે ચઢી ચઢી એમનું મન મેરુ પર્વત જેવું અડગ થઈ ગયું હતું. પણ અદેખા લોકોનાં મન આવી ધીરજ સામે વલોવાઈ જતાં હતાં. આવા જ એક અદેખા માણસ પાસે એક ગરીબ માણસે બસો રૂપિયા માગ્યા, તો પેલાએ કહ્યું : ''અરે, તું તો જુવાન માણસ દેખાય છે; તો કંઈક બુદ્ધિ લડાવીને પૈસા કમાઈ લેતો હો તો ?''

પેલો ગરીબ માણસ કહે : ''ભાઈસા'બ, તમે જે કરવા કહો તે બધું કરવા તૈયાર છું. તમે જ કંઈ યુક્તિ દેખાડો તે અજમાવું.''

ત્યારે પેલા અદેખા માણસે ધીમે સાદે કહ્યું : ''જો આપણા ગામમાં એકનાથ કરીને એક માણસ છે. એને કેમે કર્યો ગુસ્સો નથી આવતો. તું એને ઘેર જઈ એની પત્ની સાથે એવી રીતે વરત કે એકનાથનું લોહી તપી જાય. જો એમ તું કરી શકીશ તો જા, તને મારા તરફથી બસો રૂપિયા ઇનામ !''

ગરજવાનને અક્કલ કયે દા'ડે હોય ? પેલો જુવાનિયો તો રાજી રાજી થતો ઊપડ્યો એકનાથ મહારાજને ઘેર. જઈને જોયું તો મહારાજ પૂજા કરતા હતા અને એમનાં પત્ની ગિરજાબાઈ નજીક બેસીને પૂજાની તૈયારી કરી રહ્યાં હતાં. પેલો તો આડેધડ વાતો કરવા માંડ્યો. ન બોલવાનું ઠેકાણું, ન મળે બીજી કોઈ રીતભાત !

મહારાજે એમનાં પત્નીને કહ્યું : ''ગિરજા ! આજે આપણી સાથે આ મહેમાન પણ જમશે હોં કે ! જમવાનું તૈયાર રાખજે.''

હજી ગિરજાબાઈ ઊઠવાની તૈયારી કરે ત્યાં તો પેલો યુવાન

એમના ખોળામાં જઈને બેસી ગયો. મહારાજે એ જોઈ ખૂબ શાંતિથી કહ્યું : ''ગિરજા, તારો આ દીકરો તો સાવ અલ્લડ દેખાય છે ! એનું બરાબર ધ્યાન રાખજે, પડી ન જાય.''

ગિરજામા બોલ્યાં : ''સાચી વાત છે. આ મારો દેવનો દીધેલ દીકરો છે. હું એનું બરાબર ધ્યાન રાખીશ.''

પતિ-પત્ની વચ્ચેના આ સંવાદે તથા એમણે જાળવી રાખેલી અપાર શાંતિએ પેલા જુવાનના હૃદયને હચમચાવી નાખ્યું. તરત જ બંનેના પગે પડી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. એકનાથ મહારાજે એની પીઠ થાબડતાં કહ્યું : ''બેટા, તારે શું જોઈએ છે ? રડે છે શું કરવા ?''

પેલા જુવાને આખો કિસ્સો સંભળાવી કહ્યું : ''તમને ગુસ્સો આવ્યો હોત તો મને પૈસા મળત ....''

મહારાજ હસી પડ્યા અને બોલ્યા : ''અરે, તેં મને પહેલેથી કહ્યું હોત તો હું જરૂરથી ગુસ્સો કરત, જેથી તને બસો રૂપિયા તો મળત !''

વધારે શરમાઈ જઈ પેલો જુવાન બોલ્યો : ''ના ! ના ! એ શું બોલ્યા તમે ? મરી જઉં એ વાત સાચી, પણ આવું પાપ જિંદગીમાં ફરી વાર નહીં કરું. તમારા બંનેની હું હૃદયપૂર્વક માફી યાચું છું.''

ગિરજામા એને વહાલથી રસોડા તરફ લઈ ગયાં.

❖

**જો તમારામાંથી અહંકાર ચાલ્યો ગયો હોય તો કોઈ પણ ધર્મ-પુસ્તકની એક લીટી પણ વાંચ્યા વિના કે કોઈ પણ દેવાલયમાં પગ મૂક્યા વિના તમે જ્યાં બેઠા છો ત્યાં જ મોક્ષ પ્રાપ્ત થઈ જશે.**

**- સ્વામી વિવેકાનંદ**

ડૉક્ટર, વકીલ, એન્જિનિયર વગેરે લોકો કહેવાય તો છે સમાજના સેવક, પરંતુ આજના સમાજનો આ બધો વર્ગ ભદ્ર વર્ગ થઈ ગયો છે અને એ સેવા કરનારા વર્ગમાંથી મોટા ભાગનો સેવા લેનારા વર્ગમાં પલટાઈ ગયો છે. આ બધો વર્ગ લોકોની સેવા નથી કરતો તેમ નથી, પરંતુ પોતાની સેવાના બદલામાં સામેના માણસ પાસે એ એટલી હદે દવાની ભારે ફી લે છે કે, તેમની સેવા એ સેવા ન રહે.

પરંતુ આ વાત છે એક સાચા સેવકની. પોતાની બધી શક્તિ નિચોવી સમાજને વધુમાં વધુ આપી, ઓછામાં ઓછું લઈ સેવા કરવાની વૃત્તિ ધરાવનાર ધીર પુરુષની. એમનું નામ અજમલખાં. ધંધે હકીમ. હકીમ સાહેબ રાત-દિવસ પોતાના હકીમી કાર્યમાં ડૂબેલા રહે. લોકોની સેવા કરવાનું એક અનોખું સાધન એમને મળી ગયું હતું. ઘડીનીય ફુરસદ ના રહે. બહાર દવા માટે દરદીઓની લંગાર ખડી જ હોય. પણ એમાં નાના-મોટાનો ભેદ નહીં. વારા મુજબ સૌને દવા આપે. એક વખત ઝાકિરહુસેન સાહેબને દરદી બનીને હકીમ સાહેબ પાસે આવવાનું થયું. ત્યારે તો તેઓ ભારતના રાષ્ટ્રપતિ ન હતા. પરંતુ રાષ્ટ્રપતિ હોત તોપણ હકીમ સાહેબને ત્યાં તો રાષ્ટ્રસેવકના જ પાઠ ભણવા પડે તેમ હતા. ઘણું થોભ્યા પછી મુલાકાત મળી. પળભરમાં તો નાડી તપાસાઈ ગઈ અને દવા પણ અપાઈ ગઈ.

વર્ષો વીતતાં ચાલ્યાં. જામિયામિલિયા નામની સંસ્થાના જવાબદારીભર્યા સ્થાને ઝાકિરહુસેન સાહેબ તથા હકીમ સાહેબ બંને હતા. આ બંને મહાનુભાવોને ગાંધીજી સાથે ગાઢ સંબંધ હતો. એક દિવસે બંને જણ વાતો કરતાં કરતાં દિલ્હીની શેરીઓમાંથી પસાર થઈ રહ્યા હતા. એટલામાં ગલીના નાકે એક જૂનું ખખળી ગયેલું મકાન

આવ્યું. મકાન પાસે થોભી જઈ હકીમ સાહેબ બોલ્યા : ''થોડી વાર રોકાશો ? અહીં મારો એક દરદી છે. એને જોઈને ઘડીકમાં આવ્યો.''

પણ હકીમ સાહેબ તો ગયા તે ગયા ! અડધો કલાક વીતી ગયો. ઝાકિર સાહેબ તો નીચે ઊંચાનીચા થાય. થયું કે બૂમ પાડીને બોલાવું ! ત્યાં હકીમ સાહેબ બારણામાં દેખાયા. એમના પર નજર પડી તો ચહેરો લાલચોળ અને આંખ-નાકમાંથી પાણી દડ્યાં જાય !

''બહુ વાર લાગી કંઈ ! શું કોઈ ખાસ તકલીફ ઊભી થઈ હતી ?'' ઝાકિર સાહેબે પૂછ્યું. હકીમ સાહેબ નાક લૂછતાં લૂછતાં બોલ્યા : ''ના ના, પણ બિચારી ડોશીમા છે, અને છે સાવ એકલી. પોતે તો ઊઠી-બેસી શકે તેવી હાલત જ નથી. એટલે એને માટે ઉકાળો બનાવવાનો હતો. ચૂલો સળગાવવો વગેરે બધું મારે જ કરવાનું હતું. વળી, પાણી પણ ઉકાળેલું આપવું જરૂરી હતું. એટલે એ બધું કરવા રોકાયો એમાં સમય લાગી ગયો. પણ બીજો કોઈ ઉપાય જ નહોતો. બધા રોગીઓ કંઈ અમીર થોડા હોય ? એટલે પછી જેનું કોઈ નહીં, તેના આપણે, કેમ ખરુંને ?''

ઝાકિર સાહેબ મનોમન આ સેવામૂર્તિને વંદી રહ્યા.

❖

**જેણે અભિમાન કર્યું તેનું પતન નિશ્ચિત માનવું.**

**- મહર્ષિ દયાનંદ**

# રૂપને અરૂપમાં ડુબાડો

ઘણા ગુરુઓને ઢગલાબંધ ચેલા ભેગા કરવાનું ગમે, પણ ગંભીરનાથ એવા સાધુ હતા, જેમણે અનેકોને સાચા પંથે ચઢાવ્યા, પણ પોતાની ગુરુદીક્ષા જૂજ શિષ્યોને આપેલી. કેટલાય જિજ્ઞાસુ સાધક દીક્ષા લેવા આતુર રહેતા, પણ આ સાધુને એમાં રસ જ ન પડે. તેઓ ટૂંકો જવાબ આપતા - ‘‘पलटन जमा कर क्या करेंगे ?’’

આજે તો બધે ચેલાઓની ભીડ જામી છે. લોકો જાણે કોઈ એક નામ, એક મંત્ર, એક શ્રવણકથા માટે ટટળતા ફરે છે ! થોડોક પ્રભાવી માણસ સરસ વક્તૃત્વકળા ધરાવતો હોય અને લોકોનાં ટોળાં એને ઘેરી વળે ! એમની કથા સાંભળવા મસમોટા મંડપો ભરાઈ જાય. લોકોને જાણે કોઈને બાબાજી-માતાજી કે સંત-મહાત્મા બનાવ્યા વગર ચેન જ નથી પડતું. બંગાળમાં મોટી ઉંમરના પુરુષોને પણ મા ! મા ! પોકારીને રડી પડતા જોઈ રવીન્દ્રનાથે એક વાર અકળાઈને કહેલું : ‘‘આ દેશના લોકો કદી સગીર વયમાંથી બહાર જ નહીં આવે ?’’ એમને કાયમ માટે કોઈ આંગળી પકડીને ચલાવનાર જોઈએ.

એટલે જ ગોરખનાથે ગાયું કે -

એકાએકી સિધ નાંઉ, દોંઈ રમતિ તે સાધવા,
ચારિ પંચ કુટુંબ નાંઉ, દસ બીસ તે લસકરા.

એકાકી રહે તે સિદ્ધ, બે સાથે ફરે તે સાધુ, ચાર-પાંચ જણ સાથે રહે તેનું નામ કુટુંબ અને દશ-વીસનો જમેલો થાય તે લશ્કર !

ભારત સંતોની ભૂમિ છે અને ભારતની ભારતીયતાનો ઉછેર આ સંતો દ્વારા જ થયો છે. ઈશુની અઢારમી સદીમાં થઈ ગયેલા આ સંત ગંભીરનાથને ઓછા લોકો જાણે છે. તેઓ છ છ સાધનામાંથી પસાર થઈ ચૂક્યા હતા. એક વાક્ય તેઓ વારંવાર કહેતા -‘‘रूप बहुत है, स्वरूप एक ही है। सब परमात्म-स्वरूप है।’’

રવીન્દ્રનાથે ગાયું છેને કે રૂપને અરૂપમાં ડુબાડી દો ! રૂપ અરૂપમાં વિલોપાય, ત્યાર પછી જ આપણું સાચું રૂપ, સ્વરૂપ, નિજરૂપ પ્રગટ થાય.

❖

શહેર વચ્ચોવચ મન્સૂરને ફાંસી આપવામાં આવી, કારણ કે તે શરિયતને માનતા નહોતા. જલ્લાદે તેમના પગ કાપી નાખ્યા, ત્યારે તેઓ હાથ વડે પગમાંથી વહેતાં લોહીને ગાલ ઉપર ચોપડવા લાગ્યા. કોઈએ પૂછ્યું : ''મન્સૂર, તમે આ શું પાગલપણું આદર્યું છે ? કે પછી મૃત્યુ વખતે લાગતા ભયના આ ચાળા છે ?''

ત્યારે હસતાં હસતાં મન્સૂર બોલ્યા : ''દોસ્ત ! મૃત્યુ થતું જ નથી. પછી ડર શાનો ? આ શરીર અને મનની સીમાને કારણે ખુદાથી હું જુદો હતો. સરળ હૃદય થવાથી મન તો ક્યારનુંય મરી ગયું છે. હવે બાદશાહ મારા શરીરને મિટાવી દેશે, તેથી હવે હું ખુદા સાથે એક બની જઈશ. મારાથી એનો વિયોગ સહ્યો નહોતો જતો. તેથી હું જલ્લાદનો આભાર માનું છું. બાદશાહનો પણ હું અહેસાનમંદ છું. પણ લોહી જવાથી મારા ગાલ ફિક્કા પડી જાય એને કારણે તમે એમ ન માની બેસો કે મૃત્યુથી હું ડરી ગયો છું, એટલે ગાલ રાતા દેખાડવા આ લોહીને હું ગાલે લગાડી રહ્યો છું. બાકી, ભાઈ મારા ! મારા માટે આ મૃત્યુ નથી, મહોત્સવ છે.''

શરીર શરીરની ફરજ બજાવે, પણ એ શરીરનું જોર માનવીના મન પર ચાલી શકતું નથી. મનના મક્કમ માનવીઓ માટે મૃત્યુ એ તદ્દન સહજ બાબત બની જઈ શકે છે. મૃત્યુનું શાસ્ત્ર સમજાઈ જાય, પછી મૃત્યુ ડરનો કે શુભાશુભનો વિષય રહેતો નથી. જે મરે છે તે સ્થૂળ, ક્ષણજીવી ક્ષર તત્ત્વ મરે છે. જે સનાતન, અજર-અમર, અવિનાશી તત્ત્વ છે તે તો શાશ્વત સાથે જડાયેલું જ છે, આવી શ્રદ્ધા જેમના હૈયે બેસી ગઈ છે તેમના માટે મૃત્યુ મહોત્સવ જ છે - પ્રભુ પાસે પહોંચવાનો મહોત્સવ !

❖

રાજસ્થાનના સંત કવિ બાલનાથના જીવનની પૂર્વકહાણી છે.

અંતરમાં અખૂટ અરમાનોના સમંદર સાથે, ઝાઝેરી જાન જોડીને, પ્યારા દુલ્હારાજા બનીને દુલ્હનને લઈ આવવા ગામડે ગામ ગયો હતો. રંગેચંગે લગ્નવિધિ સંપન્ન થઈ ગઈ. વરવધૂ સૌ વડીલોને પગે પડી હવે વિદાય લઈ રહ્યાં છે. કન્યાવિદાયની વરસેલી કરુણ હેલી સૌનાં ચિત્તને ભીંજવી રહી છે. શણગારેલાં ગાડાંમાં બેસી જાન નવવધૂને લઈને પોતાને ગામ પાછી ફરી રહી છે.

વચ્ચે એક ગામ આવે છે. ગામમાં કોઈ ભારે મોટો પ્રસંગ ઉજવાતો હોય, તેવું મહોત્સવનું વાતાવરણ છે. લોકોની ભીડ જામી છે, ખબર પડે છે કે સંત કુંભનાથ જીવતી સમાધિ લઈ રહ્યા છે એટલે લોક મહેરામણ એમનાં અંતિમ દર્શને આવ્યું છે. જાનૈયાઓને થાય છે કે સામે ચાલીને ગંગા ઘર આંગણે આવી છે તો આપણે પણ સંતનાં દર્શન કરતાં જઈએ. વરવધૂ સમેત સૌ કોઈ સમાધિસ્થાને પહોંચે છે. એક દુર્લભ દૃશ્ય નજરે પડે છે. જમીનમાં ઊંડો ખાડો ખોદાઈ ગયો છે. ઓલિયા સાધુના હાથમાં થાળી છે અને સૌને સ્વહસ્તે પ્રસાદ વહેંચે છે. એકેક કરતાં સહુ કોઈ પ્રસાદ લઈ જાય છે. વચ્ચે વચ્ચે સાધુ પોકારતા જાય છે : "હવે છે કોઈ બાકી ? તો પ્રસાદ લઈ જાવ. ? કોઈ બાકી નથી. એમ જોઈ સાધુ ખાડામાં ઊતરવા જાય છે, હાથમાં ખાલી થાળી છે, તોય ફરી મોટેથી પોકારીને કહે છે : "है कोई और लेनेहारा ?" બધાને નવાઈ લાગે છે કે હવે કોઈ આવી ચઢશે તો પ્રસાદ ક્યાંથી આપશે ? ધીરે ધીરે સંત નીચે ઊતરે છે. ફરી પોકાર કરે છે : "છે કોઈ પ્રસાદનો લેનારો ?" "છે ?" "છે ?" - ચોમેર પડઘા ફેલાય છે, ત્યાં સૌ જુએ છે કે સાધુની સામે એક મીઢળબંધ હાથ પ્રસાદ લેવા લંબાયો છે. સાધુ અને આ નવપરિણીત

જુવાનની આંખો સામ સામે મળે છે. પળભર બેઉ એકીટસે એકમેકને જોઈ રહે છે, કશીક આપ-લે થાય છે અને મીંઢળબંધો પાછો ફરે છે ત્યારે કોઈ કોડીલી કન્યાનો નવવિવાહિત પતિરૂપે નહીં, પણ પરમહંસ બનીને પાછો ફરે છે ! આ પ્રસાદ તે હંસે ચરેલો મોતીચારો હતો !

❖

પોતાના મનથી પોતાને ભલા માણસ સિદ્ધ કરવા માટે ભલા થવાની કંઈ જરૂર પડતી નથી. અહંકાર કંઈ હાથી-ઘોડા જેવી ચીજ નથી. હાથી-ઘોડા પાછળ ખર્ચ કરવું પડે છે. તે ખાવાનું માગે છે. પણ અહંકારને તો બિલકુલ ઓછા ખર્ચે ને વગર ખોરાકે ખૂબ પુષ્ટ બનાવી શકાય છે.

- રવીન્દ્રનાથ ટાગોર

બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. બહાર બૉમ્બમારો ચાલી રહ્યો હતો ત્યારે એક વિદ્વાન પુસ્તકાલયમાં બેસીને પુસ્તકોમાંથી કાંઈક નોંધો ટપકાવી રહ્યા હતા. એ જ વખતે, થોડા જ સમયમાં મોરચે લડવા જનારા કેટલાક જુવાનો આવી પહોંચ્યા. સર્વત્ર યુદ્ધની જ ગરમાગરમ વાતો ચાલી રહી હતી ત્યારે પુસ્તકોમાં ઊંધું માથું નાખીને ખોવાઈ ગયેલા વૃદ્ધને જોઈ મજાક ઉડાડતા પૂછ્યું, ‘‘ભાઈસાહેબ, તમે કોણ છો ? બહારના જગતમાં શું ચાલી રહ્યું છે, તેનું તમને ભાન છે ?’’

ત્યારે સહેજ મીઠું હસી લઈને એ મહાનુભાવે કહ્યું : ‘‘હા, દોસ્તો ! હું જાણું છું કે આજે દુનિયાનાં વિવિધ રાષ્ટ્રો વચ્ચે ભયાનક જંગ ખેલાઈ રહ્યો છે અને તમે સૌ એ જંગમાં પોતાના રાષ્ટ્રની સંસ્કૃતિને બચાવી લેવા માથું મૂકીને લડવા જઈ રહ્યા છો તે પણ હું જાણું છું ! તમે મને પૂછ્યું કે હું કોણ છું ? તો મિત્રો, જે સંસ્કૃતિને બચાવવા તમારા જેવા નવ લોહિયા યુવાનોએ પોતાનું જીવન હોડમાં મૂક્યું છે, તે સંસ્કૃતિ સ્વયં હું છું !’’

જે મૂલ્યોના આધારે જિંદગી ધારણ થાય છે, તેનું નામ છે સંસ્કૃતિ. યુદ્ધોનો વિજય સૈનિકો દ્વારા થતો હોય છે, પણ રાષ્ટ્ર જીતે છે અને જીવે છે - સંસ્કૃતિથી ! આ સંસ્કૃતિ સચવાઈ જાય તો યુદ્ધ જીતાઈ જાય છે.

મધ્યયુગમાં ભારતમાં જુદાં જુદાં રાજ્યો હતાં, જેમની વચ્ચે સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય આદિ કળાઓની સ્પર્ધા ચાલતી અને સૌ રાજ્ય પોતપોતાની સરસાઈ સિદ્ધ કરવા સદા તત્પર રહેતાં. ઉજ્જન અને વિદર્ભ - આ બંને રાજ્ય વચ્ચે તો એવી કાતિલ હોડ ચાલતી કે આજે એક રાજ્યનો હાથ એક બાબતમાં ઊંચો, તો કાલે

બીજા રાજ્યનો. રાજ્યના પંડિતો, શ્રેષ્ઠીઓ, સોદાગરો, યુદ્ધના સરસેનાપતિ આદિ સૌને પોતપોતાનાં ક્ષેત્રમાં ચોવીસે કલાક સુસજ્જ રહેવું પડતું ! આમ છતાંય, લશ્કરી તાકાતમાં ઉજ્જન કરતાં વિદર્ભનો હાથ ઊંચો હતો, એટલે વિદર્ભનો મિજાજ હંમેશાં લડાયક રહેતો.

એવામાં બંને રાજ્યોની સીમાઓ વચ્ચે વિવાદ ઊભો થયો અને બેઉ સરહદો સળગવા માંડી. વિદર્ભે તો ઉજ્જન પર ચઢાઈ કરવાની પૂરી તૈયારી કરી લીધી. હવે તો બસ, યુદ્ધનાં નગારાં વાગે તેટલી જ વાર હતી.

સ્વાભાવિક છે કે ઉજ્જનનો રાજા આ નવા વળાંકને કારણે ચિંતાતુર બને. પોતાનો દરબાર ભર્યો અને જુદાં જુદાં ખાતાના પ્રધાનો સાથે લાંબી વાટાઘાટો ચલાવી. છેલ્લે રાજકવિ કાળિદાસને બોલાવ્યા. કાળિદાસ કવિ ઉપરાંત સંધિવિગ્રહમાં પણ નિષ્ણાત હતા. તેમના કારણે અનેક પરરાજ્યો સાથેના સંબંધો મધુર બન્યા હતા. રાજાએ તેમને બોલાવીને કહ્યું : ''કવિશ્રી, તમે તો જાણો છો કે વિદર્ભ સામે યુદ્ધમાં આપણે જીતી શકીએ તેમ નથી, એટલે આપણને જીતાડે તેવી રાજનીતિ ખેલવી પડશે અને તે તમે જ કરી શકશો. તમે કાલે જ વિષ્ટિકાર તરીકે વિદર્ભ જવા ઊપડો.''

આ બાજુ વિદર્ભને તો બરાબર યુદ્ધજ્વર ચઢ્યો હતો. લડાઈના મેદાનમાં દુશ્મનને પૂરી ખબર પાડી દેવા તેમના હાથમાં ચળ આવી રહી હતી. વિદર્ભ તરફથી વિષ્ટિકાર રૂપે કાળિદાસ આવી રહ્યા છે, તેવા સમાચાર મળતાં જ, સૌ રાજમંત્રીઓએ કાળિદાસનું ઘોર અપમાન કરવાનું આયોજન વિચાર્યું.

બીજા દિવસે તો કાળિદાસ વિદર્ભની રાજ્યસભામાં આવી પહોંચ્યા. મહારાજા સિંહાસન પર બિરાજમાન હતા અને બાકી સૌ

રાજસભાસદો પોતપોતાના આસન શોભાવી રહ્યા હતા. કવિશ્રીએ રાજદરબારમાં પ્રવેશ કર્યો, પણ ન કોઈ ઘોષણા થઈ, ન એમના સ્વાગતમાં કોઈ ઊભું થયું, ન કોઈએ આદર-સન્માનનાં બે વેણ કહ્યાં. એકે એકની આંખોમાં ઉપેક્ષા અને અવહેલનાના જ ભાવ પ્રતિબિંબિત થતા હતા.

કવિએ પળભરમાં તાગ મેળવી લીધો. પણ એમના ચહેરા પર એક પણ કરચલી ન પડવા દીધી. હસતાં હસતાં ધીમા પગલે આગળ વધ્યા અને મહારાજાના સિંહાસન પાસે નીચે જમીન પર બેસી ગયા. ઘડીભર સન્નાટો છવાઈ ગયો, પણ ત્યાં તો તેમના ગગનભેદી સ્વરમાં એક શ્લોક સંભળાયો, જેનો અર્થ આવો હતો.

"મહારાજ, જે આસન પર નગાધિરાજ હિમાલય બિરાજમાન છે, જે આસન પર પૃથ્વીની વનલક્ષ્મી બિરાજે છે, એ આસન હું સ્વયં ગ્રહણ કરું છું અને આપને નમસ્કાર કરું છું. આપનો જય હો ! રાજન !!

વિદર્ભના દરબારમાં પણ મર્મી લોકો હતા. કવિરાજના આ ત્વરિત, શીઘ્રસર્જનથી સૌનાં મસ્તક ડોલી ઊઠ્યાં. યુદ્ધ ઉન્માદ ઓગળી ગયો અને રાજમદ ઓસરી ગયો. મહારાજા સ્વયં સિંહાસન પરથી ઊતરીને કવિને સામે ચાલીને ભેટી પડ્યા અને પોતાના કંઠનો રત્નહાર કવિને પહેરાવી, હાથ પકડી લઈ જઈ પોતાના આસને બેસાડ્યા.

યુદ્ધની રણભેરીઓને બદલે સર્વત્ર આનંદમંગળની શરણાઈઓ ગુંજી ઊઠી ! કવિની વિદ્યાએ રાજાઓના વિવાદને જીતી લીધો !

❖

સંત દાદુ દયાળને બે કન્યાઓ હતી. નામ એમનાં નાનીબાઈ અને માતાબાઈ. બેઉ પરણવા જેવડી થઈ પણ બંને પરણવાની ના પાડે. બધાં ઘણું સમજાવે તો એક જ વાતનું રટણ કરે, ‘‘સાધનાધારા અને વંશધારા બંને એકી સાથે સાચવી ન શકાય.''

માએ એમને જુદી જુદી રીતે સમજાવી જોઈ. પણ જવાબ મળ્યો, ‘‘અમારું મન સાધનામાં છે. મન વિના કોઈની સાથે સંસાર માંડીએ તો એ વ્યભિચાર ગણાય.''

ભાઈ આવ્યો. એને હતું કે હું મારી રીતે સમજાવીશ તો એ જરૂર માની જશે. જઈને ઘણી બધી વાતો સમજાવી. માનવપ્રકૃતિની, કુદરતની લીલાની. અંતે કહે : ‘‘બહેની મારી ! આપણે ઘણું ઊંચે ચઢવા માંગીએ પણ આખરે તો માનવ સ્વભાવે અધોગામી છે. સ્વભાવ વિરુદ્ધ, પ્રકૃતિ વિરુદ્ધ તમે કેવી રીતે જશો ?''

ત્યારે નમ્રતાપૂર્વક બહેનો કહે છે : ‘‘ભાઈલા મારા, બાપુ પાસેથી આ વાત તો આપણે શીખ્યા. અધોગામીને ઊર્ધ્વગામી કેવી રીતે બનાવીશું ? ‘दीप लगाय तेल जस चडिहै' તેલની સ્વાભાવિક ગતિ અધોગામી છે, પણ જેવો વાટને મોઢે દીવો પેટાવીએ છીએ કે તરત જ તેલ ઉપરની દિશામાં ચઢવા લાગે છે.''

ભાઈ પણ હાર્યો. હવે છેલ્લો વારો હતો. સખીઓનો ! એમણે સમજાવી, ‘‘બહેન, સ્ત્રીઓએ તો ઘરસંસાર માંડવાનો હોય. દુનિયામાં કદી કોઈ સ્ત્રી સંન્યાસી બની છે ?'' ત્યારે કહે : ‘‘જગતે સ્ત્રી પાસે જેટલું માંગ્યું તેટલું તેને મળ્યું છે. દુનિયાએ એની પાસે સર્વોચ્ચ માંગી જાણ્યું નથી, એટલે હજુ સુધી સ્ત્રીનું સર્વોચ્ચ પ્રગટ થયું નથી.''

અંતે રાજા બળવંતદાસે પણ હથોડો મારી જોયો. ''દીકરીઓ, સ્ત્રીઓની તો કોમળ-કુમળી જાત ! તમારાથી કઠોર સાધના શી રીતે થશે ?'' ત્યારે બહેનો કહે : ''રાજન, કૂંપળ કોમળ જ છે પણ એના કામ તો જુઓ. 'पाखणेको माखण करे, गांठ गांठ लहराई' પથ્થર જેવી કઠણ ડાળીઓને ભેદી ગાંઠે ગાંઠને નવપલ્લવિત કરે. ધરતીના કઠણ પડને ભેદી બહાર આવનાર પણ એ જ કૂંપળ છે !

રાજા પણ હાર્યા. અંતે દાદુએ સૌને સમજાવ્યા, ''દીકરીઓને એમના સહજ માર્ગે જવા દો. એમના માટે સાધના બ્રહ્મચર્ય જ સહજ છે ! કોઈ કુહાડી વડે કૂંપળ ફૂટાડી ન શકાય, વસંતનો મલયસમીર વાય અને કૂંપળ ફૂટે એ સહજ-સ્વાભાવિક છે ! 'हारे लाख कुल्हारी, तेह जीते मलय समीर'

અને બેઉ બાલાજોગન એમના સહજપંથે સુંદર જીવન જીવી ગઈ !

❖

**નાખુશી વગર સત્ય બોલો. એમ કરવું અણગમતું હોય તો મૌન ધરો. પરંતુ પ્રિય લાગે તેવાં જૂઠાણાં ન બોલો.**

**- મનુ**

**અસત્યના માર્ગે આપણે ગમે તેટલા દૂર નીકળી ગયા હોઈએ તોપણ એના પર ચાલવાને બદલે પાછા વળવું બહેતર છે.**

**- ટોલ્સ્ટોય**

સંતોની વાતો ન્યારી હોય છે. સંત ક્યારે કેવી રીતે વર્તે એ ભાખવું મુશ્કેલ હોય છે. આવા જ એક સૂફી સંતની આ વાત છે. એકાંતમાં રહે. ધ્યાન-સાધના, તપસ્યા કરે. ધીરે ધીરે જીવનનું રહસ્ય ખૂલતું ગયું, અભેદ જ્ઞાન થયું એટલે એ તો જંગલમાંથી પાછા નગરમાં આવી ગયા અને એક વેપારી તરીકે વ્યાવસાયિક જીવન શરૂ કર્યું.

એક દિવસે, સાધક-જીવનમાં પરિચયમાં આવેલા એક ફકીર રસ્તામાં મળી ગયા. સાધુ મહારાજને ગૃહસ્થ વેશમાં જોઈ ઘૃણાપૂર્વક બોલ્યા : ''અરેરે ! આ શું કર્યું ? બધું તપ ધૂળમાં મેળવ્યું ! ધિક્કાર છે, તમને ?''

સંત તો સહેજ મલકાઈને પોતાના રસ્તે આગળ વધ્યા. પણ પેલા ફકીરના મનમાંથી ખટકો જાય નહીં. એ જ્યાં જાય ત્યાં, વાર્તાલાપો-વ્યાખ્યાન બધે જ આ સંતની પડતી વિશે કહે : ''માણસ કેવી દુર્ગતિને પામે છે ! સાધનાના શિખર પર ચઢીને ફરી પાછા છેક ખીણમાં પછડાવું ! તમે સૌ પણ ચેતતા રહેજો કે આ સાધુ જેવી અવગતિ ન થાય ! સાધના કરવી એ તો ખાંડાની ધાર છે ! નિત્ય જાગૃતિ જોઈએ.''

આમ ને આમ ઉપદેશ આપતા ફરે, દરમ્યાન ફિરસ્તા સમ ખિજરને મળવાનું થયું. ખિજરનું કામ જ આ કે તેઓ ભૂલ્યાં - ભટક્યાંને રસ્તે ચઢાવે. પેલા ફકીરે ખિજરને પોતાના પર કૃપા કરી ઉપદેશ જ્ઞાન માંગ્યું. પછી કહે : ''મહેરબાની કરીને મને કોઈ એવો રાહબર બતાવો કે મારું જીવન ઝળાંઝળાં થઈ જાય !

તો ખિજરે કહ્યું : ''સાચે જ જો તારે તારા જીવનને ઉજાળવું હોય તો તું નગરમાં જા. ત્યાં તને એક વેપારી મળશે. એ તને જ્ઞાન આપશે, પણ જો જે, એ ગમે તે કામ ચીંધશે, એને પાર પાડવામાં પાછી પાની ન કરીશ.''

એમ કહીને ખિજરે એ વેપારીનાં નામઠામ આપ્યાં. ફકીર તો નામ સાંભળીને સ્તબ્ધ જ રહી ગયા. આ તો પેલો જ વેપારી, જેને હડધૂત કરવામાં પોતે લગીરે કચાશ રાખી નહોતી. એના મુખમાંથી ફરી પાછા કડવાં વેણ સરી પડ્યા : ''અરે આ માણસ ! આપ કદાચ હવે એને ઓળખતા નથી. એનું તો ભારે પતન થયું છે ! ધ્યાન-ધારણા છોડી વળી પાછો સાંસારિક કામમાં ડૂબી ગયો છે ! ઘડો કાચો હતો તો, પાકો થવા દેવો જોઈતો હતોને ?''

ત્યારે ખિજરે કહ્યું : ''તમે ભૂલ કરી રહ્યા છો, દરવેશ ! એનો ઘડો કાચો હોત તો હજુ એને સાધનામાં ડૂબેલા રહેવું પડત. પરંતુ એને જીવનનું સ્વરૂપ અને સંસારની રીતિ-નીતિ સમજાઈ ગઈ છે. એ જાણે છે કે એક વાર જે વ્યક્તિ સંત-મહાત્મા તરીકે પંકાઈ જાય છે, પછી એની પાછળ લોકો ઘેલા બને છે. આ લોકો સાચા જિજ્ઞાસુ નથી હોતા, એમને તો સાંસારિક બાબતોની લોભ-લાલચ હોય છે. લોકોનાં ટોળાં ભેળાં થાય, એટલે પછી ભગવાધારી સાધુને પણ કીર્તિ - પ્રતિષ્ઠા અને વૈભવી જીવનનો લોભ જાગે છે. સરવાળે બેઉનું પતન થાય છે. પછી તો ધર્મના નામે ધતિંગ અને પ્રભુના ઓઠા હેઠળ બધો ઠઠારો જ ઊભો થાય છે. એટલે આ માણસ મૂળ મર્મને પામી ગયો અને સીધું સાદું સામાન્ય માણસનું જીવન સ્વીકારી લીધું. છતાંય સાચા જિજ્ઞાસુને એ જ્ઞાન આપવામાં પાછો નથી પડતો. બસ, જ્ઞાન આપવાની એની રીત જુદી છે. તમે નમ્રતાપૂર્વક એની પાસે જાઓ, બારણાં અવશ્ય ખૂલશે.''

અને ફકીરની આંખો ખૂલી ! પોતે જેને ધૂળ સમજવા લાગ્યા હતા. તેમાં તો રતન છુપાયેલું હતું ! બાહ્ય જીવન સંસારીનું હોય કે વનવાસીનું, મનમાં ભગવો લહેરાય છે કે વૈભવવિલાસના રંગ, તે મુખ્ય બાબત છે ! સાચે જ, આજે ફકીર સમક્ષ જીવનનું એક અદ્ભુત રહસ્ય ખૂલ્યું હતું ! સામાન્ય લાગતા સહજ જીવનમાં પણ અસાધારણતા છુપાયેલી હોય છે ! ❖

# આપઓળખ વગર બધું નકામું

ઇતિહાસનાં પાનાં પર કેટલાક અક્ષર એવા સુવર્ણરંગે લખાઈ ગયા છે કે કાળ-મહાકાળના સાત સાત સમંદરો પણ એ સુવર્ણાક્ષરોને ભૂંસી શકતા નથી. અકબરના દરબારનાં કેટલાંય માનવરત્નો આવો અમરપટો લઈને આવ્યાં છે. ઇતિહાસની અનેક જોડીઓની જેમ અકબર-બીરબલ, અકબર-તાનસેનની જોડી અનુપમ છે. અકબર બાદશાહ એક ગુણચુંબક બાદશાહ હતો. જ્યાં જ્યાં સર્વોત્તમ જુએ, એનો સંઘરો અને સાચવણ કરતાં એને આવડતું હતું. તેમ છતાંય, એ સમજતો હતો કે સર્વસત્તાધીશ હોવાને કારણે કાંઈ દુનિયાની તમામ ચીજો તાબા હેઠળ લાવી શકાતી નથી. સંતો-ફકીરોની મસ્તી, તેમની ખુમારી, તેમની લાપરવાહી પૈસા કે ડરથી કબજે કરી શકાતાં નથી.

તાનસેન ભારે મોટો ગવૈયો હતો. રાગરાગિણીનું એને ઊંડું જ્ઞાન હતું. સૂરોની સૂક્ષ્મતામાં એ જઈ શકતો હતો, છતાંય લાગતું હતું કે હજુ અંતિમ પર્વ ચઢવાનું બાકી છે. એક વાર અકબરે તાનસેનને પૂછ્યું પણ ખરું કે ''તાનસેન, તું ઘણું સરસ ગાઈ-વગાડી જાણે છે, પણ કોણ જાણે કેમ તારા ગુરુ હરિદાસનું સંગીત પૃથ્વી પરનાં તમામ પાશબંધો છેદી સુણનારને ક્યાંક ઉપર લઈ જઈ શકે છે, તેવું તારું સંગીત નથી કરી શકતું. તારા સંગીતમાં પૃથ્વીનો ઉઘાડ થાય છે, પણ આકાશ થોડું છેટું રહી જાય છે.''

તાનસેન પણ માત્ર ગવૈયો નહોતો. એણે પણ જીવનમાં સંગીતની સાધનાને ઉપાસનારૂપે અપનાવી હતી. એ પોતાની ખૂબી-ખામીઓ બંનેને જાણતો - સમજતો હતો. એણે બાદશાહને નમ્રતાપૂર્વક જવાબ આપ્યો : ''જહાંપનાહ, ફરક હોય જ, કારણ કે હું પૃથ્વીના સમ્રાટ માટે ગાઉં છું, જ્યારે મારા ગુરુ હરિદાસ સમ્રાટોનાય જે

મહાસમ્રાટ છે, તેમના માટે ગાય છે,''

તાનસેનના એક બીજા સંગીતગુરુ હતા. એમની પણ એક અદ્ભુત કહાણી છે. એક વાર તેઓ ફરતાં ફરતાં ફત્તેહપુર જઈ ચઢ્યા. ત્યારે બાદશાહનું કુટુંબ ત્યાં હતું. સંગીતકારે પોતાની વીણા પર ગાન શરૂ કર્યું. હિમાલય પર્વત પર ગૌરીની તપસ્યા ચાલતી હતી, તેનું વર્ણન ગીતમાં હતું. ગીત સાંભળીને અકબર બાદશાહની નાની કુંવરી દોડી આવી. મુગ્ધ બનીને એ સાંભળતી રહી. એટલામાં સંગીત સાંભળીને જંગલની એક હરણી પણ દોડી આવી અને એકચિત્તે સાંભળતી રહી. સંગીતના આવા સ્વર્ગીય પ્રભાવથી ગળગળી થઈ રાજકન્યાએ પોતાનો નવલખો હાર હરણીના ગળે પહેરાવી દીધો. ધીરે ધીરે ગીતના સૂર વિલાયા, વીણા પણ થંભી. રાજકન્યા તો ચાલી ગઈ, પણ હાર તો હરણી સાથે ગયો. સિપાહીઓ હાર માટે હરણીની શોધમાં નીકળ્યા. પણ ક્યાંય હરણીય ન મળી અને પેલા સંગીતકાર પણ ચાલી ગયા હતા.

ઘણી શોધાશોધ અને દોડંદોડા થઈ, પણ હરણી ન મળી ત્યારે અકબરે તાનસેનને કહ્યું : ''જો પેલા સંગીતકારના ગીતથી હરણી દોડી આવતી હોય તો, તું પણ તારું સંગીત અજમાવીને હરણીને બોલાવ ને ?'

તાનસેને ગાયું, પણ હરણી ન આવી, રાત્રે અચાનક ક્યાંકથી સંગીતના સૂર ઊઠ્યા. બાદશાહ સમેત સૌ ત્યાં દોડી ગયા તો જોયું કે એક કાણાવાળી કંથા ઓઢેલા સંગીતકાર વીણા વગાડી રહ્યા હતા અને હરણી પણ ત્યાં દોડી આવી હતી. બાદશાહે સંગીતકારને વિનંતી કરી કે ''કાલે દરબારમાં નગરજનો સમક્ષ વીણાવાદન કરો.''

બીજા દિવસે રાજદરબારમાં સંગીતકારે એક હિમશિલા મંગાવી. એ શિલા પર પોતાની વીણા ગોઠવી ગાન શરૂ કર્યું. જેમ જેમ સૂર ઊંચે

ઊઠવા લાગ્યા, તેમ તેમ બરફ ઓગળવા લાગ્યો અને વીણા નીચે જતી ગઈ. અચાનક સ્વરગાન બંધ પડ્યું અને ઓગળેલું જળ પાછું હિમ બનીને વીણા આસપાસ વીંટળાઈ વળ્યું અને એમાં વીણા જડબેસલાક જકડાઈ ગઈ. સંગીતકાર તો એ સ્તબ્ધ નીરવતામાં જ ધીમે પગલે ચાલ્યા ગયા.

અકબરે ફરી તાનસેનને નાણી જોયો, ''તાનસેન, તું આ હિમશિલાને ઓગાળ અને વીણાને બહાર કાઢ.''

તાનસેને ગાયું, પણ હિમ ન ઓગળ્યો. હવે સાચે જ, એના ગર્વનું ખંડન થયું હતું. મનોમન એ હતપ્રભ થઈ ગયો હતો. આ ઉદ્વેગ અને સંતાપ તો હવે તો જ શમે, જો પોતે નમ્રતાપૂર્વક પેલા સંગીતકારને ગુરુપદે સ્થાપી એમનું શિષ્યત્વ સ્વીકારે.

પણ ગુરુ ક્યાં મળે ? તાનસેન તો ખૂબ રખડ્યો. વન - ઉપવન, ગામ - પરગામ, નગર - નગર ફરી વળ્યો, પણ ગુરુ ન મળ્યા. આમ ને આમ ઘણો વખત વીતી ગયો. અંતે એક ગુફામાંથી ગુરુ જડ્યા, પણ હવે તો એ મરણપથારીએ હતા, એમને જોતા વેંત તાનસેન એમના પગે પડી રડી પડ્યો, ''ગુરુવર, મને માફ કરો. મારા અભિમાને મને ગેરમાર્ગે દોર્યો !''

ગુરુ તો માફ કરે જ ને ! પણ હવે શરીરે સાથ આપવાનો ઇન્કાર કર્યો. ગુરુએ તાનસેનને કહ્યું : ''તારે મને કાંઈ પૂછવાનું છે ?''

ત્યારે તાનસેને ગળગળા થઈ પૂછ્યું : ''મારે તો આ એક જ વાત જાણવી છે કે હું હરણીને કેમ ન બોલાવી શક્યો ? હું પથ્થરને કેમ ન પિગળાવી શક્યો ? મારું આ અભિમાન કેમ જતું નથી ?''

ત્યારે ગુરુએ મર્મભરી વાત કરી : ''તાનસેન, સાંભળ, હોડીનાં બધાં પાટિયાં એક સાથે જોડાયેલાં ભેગાં રહે તો તેમાં બેસીને નદી પાર

કરી શકાય. પણ જો હોડીનું એકાદું પાટિયું છૂટું પડી જાય, તો નદી પાર ન થઈ શકે. તું સંગીતનું જ્ઞાન-વિજ્ઞાન-શાસ્ત્ર ઘણું જાણે છે, પણ એનો જે આત્મા છે, ત્યાં સુધી તું પહોંચ્યો નથી. પણ હવે ઝાઝો વખત નથી. તું દક્ષિણ દેશમાં જા. ત્યાં દેવસેવા માટે બે પનિહારી પાણી ભરે છે, તેમની પાસે જઈને આ અંતર્વિદ્યા, આત્મવિદ્યા શીખી આવ.''

તાનસેન તો ઊપડ્યા. દેશદેશાવર શોધતાં શોધતાં અંતે બે પનિહારી પાસે પહોંચ્યા. એ તાનારીરી પાસે સંગીતનું હાર્દ ભણ્યા, અહંનું વિલોપન થયું. અત્યંત નમ્ર-વિનમ્ર બની પાછા રાજદરબારે પહોંચ્યા. અકબરે પૂછ્યું : ''અરે તાનસેન, આટલાં વર્ષો ક્યાં ખોવાઈ ગયેલા ?''

તો કહે : ''અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવા.''

જોયું તો દરબારમાં હજુ પેલી વીણા પથ્થરમાં જડાઈ ગયેલી અકબંધ હતી. ધીરે ધીરે સંગીતના સૂરો ઊઠ્યા અને પાષાણ પીગળતો ચાલ્યો અને વીણા મુક્ત થઈ, અકબરે ધીરે રહીને પૂછ્યું : ''પેલા મહાન સંગીતપુરુષ કોણ હતા ?''

''એ જ બન્યા મારા જીવનગુરુ ! બૈજુ બાવરા ! ! ઈશ્વરભક્તિમાં બાવરા બન્યા વગર, પાગલ બન્યા વગર સંગીતના પ્રાણ જાગતા નથી, એ શીખવનારા મહાગુરુ !

❖

મનુષ્ય જીવનમાં શ્રદ્ધા સંજીવનીનું કામ કરે છે. વિનોબા કહે છે કે ''વ્યક્તિગત જીવનમાં જે સ્થાન શ્વાસનું છે, તે જ સ્થાન સામાજિક જીવનમાં વિશ્વાસનું છે, માણસનો વિશ્વાસ કદી તૂટવો ન જોઈએ, શ્રદ્ધાનો દોર કદી તોડવો ન જોઈએ.''

રામાયણમાં મહાસાગર પાર કરવો છે તો હનુમાનજીના કહેવાથી આખી વાનરસેના ભગવાન રામના નામે દરિયામાં એક પથ્થર નાંખે છે, અને એ પથ્થર ડૂબતો નથી, પણ એનો સેતુ બંધાઈ જાય છે. રામજી જ્યારે સાગર કાંઠે પહોંચે છે, ત્યારે પથ્થરોને દરિયા પર તરતા જોઈ આશ્ચર્ય પામે છે. હનુમાનજી પાસે બધી વાત જાણે છે, એટલે ખાતરી કરવા પોતે પણ એક પથ્થર સાગરમાં ફેંકે છે. પરંતુ રામે ફેંકેલો એ પથ્થર ડૂબી જાય છે. એ હનુમાનજી સામે પ્રશ્નસૂચક નજરે જુએ છે, ત્યારે હનુમાનજી પ્રણામપૂર્વક કહે છે - પ્રભુ ! મને ક્ષમા કરો ! પાણીમાં પથ્થર ડૂબે એ કુદરતનો કાનૂન છે ! એમાં રામજીનું પણ કાંઈ ન ચાલે. પણ રામજીના નામે શ્રદ્ધાપૂર્વક પથ્થરને તારી લેવાની પ્રાર્થના થાય, તો એ પથ્થરને ન ડુબાડવો, એ અધ્યાત્મનો વિષય છે.

રામનામમાં ગહન શ્રદ્ધા હોય તો જ પથરા તરે, બાકી નહીં !

ગુર્જિએફ પાસે એક સ્ત્રી આવી. એને આ સંત પર અપાર શ્રદ્ધા હતી. એમના એક વચન પર એ પોતાનું માથું પણ ઉતારી આપવા તૈયાર થઈ જાય. ગુર્જિએફે એ સ્ત્રીને કહ્યું : ''તારાં શરીર પર જેટલાં ઘરેણાં છે, તે બધાં ઉતારીને તારા રૂમાલમાં બાંધી મને આપી દે !'' તો પેલી બહેને તત્ક્ષણ ઘરેણાં ઉતારીને ગુરુને સોંપી દીધાં. ગુર્જિએફે એ પોટલી છોડી તેમાં થોડાં બીજાં ઘરેણાં ઉમેરી પેલી બાઈને પાછાં સોંપી પોતે માત્ર રૂમાલ પોતાની પાસે રાખ્યો.

બીજા દિવસે આ ઘટનાની જાણકાર એક સ્ત્રી ઘરેણાંનો ઠઠારો કરી ગુર્જિએફ પાસે પહોંચી. મનોમન એ ખુશ હતી કે પોતાને વધુ ઘરેણાં મળશે. એણે તો ગુર્જિએફનાં ચરણોમાં ઘરેણાં ઉતારીને મૂકી દીધાં અને ગુર્જિએફે એ રાખી પણ લીધાં. પેલી સ્ત્રીની હાલત તો 'કાપો તો લોહી ન નીકળે' તેવી થઈ ગઈ. થોડી વાર કશુંક બને તેની રાહ જોઈ પણ ગુર્જિએફ તો બીજા લોકોને મળવામાં ગૂંથાઈ ગયા.

મોડેથી એક શિષ્યે ગુર્જિએફને પૂછ્યું : ''તમે બંને બહેનો સાથે આવો. ભેદભાવવાળો જુદો વ્યવહાર કેમ આચર્યો ?''

તો ગુર્જિએફે કહ્યું : ''બંને બહેનોનાં શરીર પર ઘરેણાં તો હતાં જ, પણ પહેલી સ્ત્રીના અંતરમાં જે શ્રદ્ધાભાવ હતો, તેનો બીજી સ્ત્રીમાં સદંતર અભાવ હતો !''

આપણા ધર્મગ્રંથોમાં શ્રદ્ધાસુક્ત આવે છે, જેમાં શ્રદ્ધાનો અપાર મહિમા ગાયો છે. ઋષિ કહે છે : ''અમે પ્રાતઃકાળે, મધ્યાહ્નને, સૂર્યાસ્તે શ્રદ્ધાનું આવાહન કરીએ છીએ કે હે શ્રદ્ધા  અમારામાં શ્રદ્ધા પ્રગટે એવી કૃપા કરો.''

શિક્ષણની આખી પ્રક્રિયા શ્રદ્ધા પર ચાલે છે. જ્ઞાન ગ્રહણ કરવા ઇચ્છનારને જો ગુરુ પર શ્રદ્ધા ન હોય તો એ જ્ઞાન મેળવી જ ન શકે. નાનકડું બાળક આકાશનો ચંદ્ર જોઈ માને પૂછે કે આ શું છે ? અને માના જવાબ પર એ વિશ્વાસ ન રાખે તો એને આ માહિતી ક્યાંથી મળશે કે આ આકાશી પદાર્થ 'ચંદ્ર' કહેવાય છે ! માણસે ક્યાંક તો શ્રદ્ધા રાખવી જ પડે છે ! જ્ઞાનપ્રાપ્તિ માટે સંશય, શંકા, સંદેહ, તર્ક-વિતર્ક વગેરેને સ્થાન છે, પરંતુ એવો એક મુકામ આવે છે, જ્યારે 'શ્રદ્ધા' નામનું તત્ત્વ ન હોય તો ગાડી અટકી જાય છે !

જ્ઞાન મેળવવા માટે બધું જાતે જ જોવું - જાણવું અનિવાર્ય નથી.

આપણે અમેરિકા ન ગયા હોઈએ, તોપણ માની લઈએ છીએ કે જોનારાઓએ એ દેશને જોયો છે એટલે તે છે ! જેવું કોઈ દેશ વિશે, તેવું જગતની કેટલીક અકળ - અગમ બાબતો વિશે ! આપણી નરી આંખે દેખાય એટલું જ જગત નથી ! અનેક અણદીઠાં જગત પણ છે ! જેમણે એ ખેડ્યાં છે, તેમના પર શ્રદ્ધા રાખીએ ! એટલે જ વેદો કહે છે - 'શ્રદ્ધસ્વ' સૌમ્ય !' સૌમ્ય બનીને શ્રદ્ધા રાખ !

ગુરુ શિષ્યને શ્રદ્ધા રાખવા કહે છે, પણ સંબોધનમાં 'સૌમ્ય' શબ્દ વાપરે છે ! શ્રદ્ધાને ગ્રહણ કરવા આક્રમક ઉગ્ર કે પ્રખર ન બનાય. જેવી રીતે ફૂલને અડવું હોય તો હળવા સ્પર્શે અડાય, એ રીતે શ્રદ્ધાને ગ્રહણ કરવા 'સૌમ્ય' બનવું પડે ! માનવનું સૌમ્યરૂપ સર્વોત્તમરૂપ છે !

સ્વામી વિવેકાનંદ ભારતભરમાં જનજાગૃતિ માટે ફરતા હતા. આ પરિવ્રજ્યા દરમ્યાન તેઓ અલવર શહેરમાં આવ્યા. અલવરના રાજાએ એમનું શાહી સ્વાગત કર્યું. સ્વામીજીનાં પ્રવચનોમાં ભારતના વૈદિક ધર્મની વિશેષતાઓનું વિવેચન થતું. તે દિવસના વ્યાખ્યાનમાં 'મૂર્તિપૂજા! વિશે ઉલ્લેખ હતો, તેના અનુસંધાનમાં આધુનિક શિક્ષણ પામેલા રાજાએ પોતાનો પૂર્વગ્રહ વ્યક્ત કરતાં કહ્યું : ''પથ્થર તે કાંઈ ભગવાન નથી, છતાંય હિંદુઓ આ પથ્થરોને દેવલા - દેવલી કરી શા માટે પૂજતા રહેતા હશે !''

એના જવાબમાં સ્વામીજીએ સામેની ભીંત પરથી એ જ રાજાસાહેબની છબી ઊતરાવી ત્યાં ઊભેલા સેવકોને કહ્યું : ''આ છબી પર થૂંકો !''

સેવકો તો આ આજ્ઞા સાંભળી અવાક બની ગયા. શું કરવું તેની અસમંજસમાં પડી ગયા. સ્વામીજીએ ફરી કહ્યું : 'કેમ તમે થૂંકતા નથી ? આ કાંઈ મહારાજા નથી. મહારાજા તો આ સામે ઊભા. આ તો માત્ર

કાચ છે અને એની અંદર કાગળનો એક ટુકડો છે !''

''પણ અમને તો એમાં અમારા મહારાજાનાં સાક્ષાત્ દર્શન થાય છે !'' - સેવકોએ મક્કમતાપૂર્વક કહ્યું.

ત્યારે રાજા ભણી વળી સ્વામીજી બોલ્યા : ''જોયું ? શ્રદ્ધાની આંખો કેવી હોય છે તે ? પથ્થરની મૂર્તિમાં ભક્તોને ઇષ્ટ દેવ-દેવીઓનાં દર્શન આવી જ ભાવનાપૂર્વક થતાં હોય છે. એમના પ્રભુ પ્રત્યેના ભાવ-ભક્તિ પથ્થરને પૂજવા યોગ્ય બનાવે છે. પછી, જે પૂજાય છે તે પથ્થર નથી રહેતો, એ સાક્ષાત્ પરમેશ્વર બની જાય છે !''

ડૉ. હાઈમ જિ. ગિનોટ નામના એક શિક્ષણકારે લખ્યું છે. -

બાળક,

લાવ તારો હાથ

જેથી મારામાં રહેલી તારી શ્રદ્ધાના ટેકે ટેકે હું આવી શકું ! આ છે શ્રદ્ધાની તાકાત !

પ્રખ્યાત સંત નામદેવના જીવનનો આ પ્રસંગ છે. તેઓ એક સમર્થ યોગી સાથે જાત્રાએ નીકળ્યા હતા. રસ્તે ચાલતાં બંનેને ખૂબ તરસ લાગી, તેટલામાં એક કૂવો જોયો. જોયું તો કૂવામાં પાણી ખૂબ ઊંડું હતું અને એમની પાસે ડોલ-દોરડું તો હતાં નહીં. પેલા યોગીમહારાજે તો પોતાની તંત્રવિદ્યાથી પોતાનું એક ચકલીમાં રૂપાંતર કરી નાંખ્યું અને પછી કૂવામાં પાણી સુધી ઊડી જઈ ધરાઈને તરસ શમાવી. પછી પાછા પોતાના મૂળસ્વરૂપમાં આવી ગયા.

પણ નામદેવ શું કરે ? એમની પાસે તો આવી કોઈ શક્તિ-સિદ્ધિ નહોતાં. તેમનામાં તો માત્ર પ્રભુ પ્રત્યેની અખૂટ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાના પ્રકાશમાં તેમણે પોતાના વિઠોબાને યાદ કર્યા - ''હે વિઠ્ઠલા ! ખૂબ તરસ લાગી છે. પાણી પીવું છે. શું કરું ?''

કહે છે કે તે જ ક્ષણે ચમત્કાર થયો. કૂવાનું પાણી ઊભરાવા લાગ્યું. નામદેવે માત્ર પાણી પીધું જ નહીં, એ કૂવામાં સ્નાન પણ કર્યું ! તેમને ચકલી થવાની જરૂર ન પડી ! સિદ્ધિ એક બાબત છે, શ્રદ્ધા બીજી બાબત છે. સિદ્ધિ મેળવવા ભારે કઠણ સાધના કરવી પડે, જ્યારે શ્રદ્ધા તો સામાન્ય માનવી પણ રાખી શકે.

જીવનમાં કેટલીક બાબતો દર્શનને પેલે પાર, શ્રવણને પેલે પાર હોય છે. મહાસત્યને પામવા માનવની પાંચ ઇંદ્રિયો ઓછી પડે છે ! એક સાધુને પ્રશ્ન પુછાયો કે - મહાન સિદ્ધોના જીવનવૃત્તાંત કેમ નથી મળતાં ? તો એમના જવાબમાં શ્રદ્ધાનું પગેરું મળે છે ! સંતે કહ્યું : ''હોડી કાદવમાં ચાલે ત્યાં સુધી એનાં નિશાન જડી આવે. પરંતુ જ્યારે એ ઊંડા પાણીમાં ચાલી જાય, પછી એનાં નિશાન ન જડે !'' એમ કેટલીક બાબતોનું 'અનુસંધાન' નરી આંખે ન પણ જડે, છતાંય શ્રદ્ધા રાખવી પડે કે કશુંક અદીઠ - અરૂપ, અશ્રૂત, અલૌકિક પરમતત્ત્વ છે, છે અને છે જ !

❖

**જે માણસો સવારમાં સત્કાર્યો કરે છે એમને દિવસનો દરેક કલાક મજા આપે છે અને તેમની આસપાસની દરેક વસ્તુમાંથી તેમને માટે શાંતિ અને ઉલ્લાસ જન્મે છે.**

**- ગેસનર**

એક અજ્ઞાત કવિનું અત્યંત સુંદર અંગ્રેજી કાવ્ય છે, જેનો મર્મ એકે એક માનવ પાસે પહોંચી જાય તો કદીય કોઈ માણસ ગમે તેવા વિપરીત કાળમાં પણ એકલતા ન અનુભવે.

કવિતા સારરૂપે જ જોઈશું. કાવ્યનું શીર્ષક છે - *'Footprints'* ! પગલાં ! પાદચિહ્‌ન !

એક રાતે એક માણસને સપનું આવ્યું કે એ પોતે સાક્ષાત્ પ્રભુની સાથે સાગરકાંઠે રેત પર ચાલી રહ્યો છે. ત્યાં અચાનક સામેના આકાશપટમાં એ એવું દૃશ્ય જુએ છે, જે એના પોતાના જીવનની જ ઘટના હતી. એ દૃશ્યની સાથોસાથ સાગરની રેતી પર ચાર પગલાંનાં નિશાન અંકાયેલાં જોવાં મળ્યાં. જેમાં બે નિશાન એના પગનાં હતાં, અને બીજાં બે નિશાન પ્રભુના પગનાં હતાં.

ધીમે ધીમે આકાશપટ પર એના જીવનની મુખ્ય મુખ્ય તમામ ઘટનાઓનાં દૃશ્ય ઊપસ્યાં અને દરેક વખતે રેતી પર ચાર પગલાંની બે જોડ જોવા મળી. આમ ધીરે ધીરે કાંઠાના સમસ્ત વિશાળ પટ પર આ પગલાંની બે જોડ છવાઈ ગઈ.

પરંતુ એનું ધ્યાન ગયું કે એ વિશાળ પટ પર વચ્ચે વચ્ચે એવાં સ્થાન આવતાં હતાં, જ્યાં માત્ર બે જ પગલાંનાં નિશાન દેખાતાં હતાં. ત્યાં એણે ઉપર આકાશ પર મીટ માંડી અને જોયું તો એ દૃશ્યો તો એના જીવનના ભારે આફત અને દુઃખભરી ઘટનાઓનાં હતાં. એને પ્રશ્ન થયો કે, આમ કેમ ? જીવનના પ્રત્યેક તબક્કામાં પ્રભુ મારી સાથે ને સાથે હતા, પરંતુ જીવનના જે ગાળામાં ભગવાનની સહાયની મારે સૌથી વધારે જરૂર હતી, ત્યારે જ પ્રભુએ મને છોડી દીધો ! માત્ર મારાં જ પગલાં ! હે નાથ ! તમે તો પરમકૃપાળુ, દયાનિધાન ! અને આવો

અન્યાય !''

ત્યાં ભગવાન સહેજ મલકીને કહે છે, ''મારા વહાલુડાં સંતાન ! તું જરા ધ્યાનથી જો કે એ બે નિશાન કોનાં પગલાંનાં છે ! એ તારા પગનાં કે મારા પગનાં ? વાત એમ છે કે તારા જીવનની એ દારુણ યાતનાપ્રસંગે તું તારા હોશકોશ ગુમાવી બેઠો હતો. તારી એવી બેભાન હાલતમાં મારે તને મારા ખભે ઊંચકી લેવો પડ્યો હતો ! એટલે પછી તારા પગનાં નિશાન ક્યાંથી હોય !''

સંકટમોચન કૃપાસાગર પ્રભુની આવી છે અપરંપાર કરુણા !

❖

આપણે કેવા હોવા જોઈએ તેનું આપણને અરધું પણ ભાન નથી. આપણી શારીરિક અને માનસિક શક્તિનો આપણે જૂજ ઉપયોગ કરીએ છીએ. સ્પષ્ટ શબ્દમાં કહીએ તો ઈન્સાન પોતાની શક્તિનો ઘણો ઓછો લાભ લે છે. તેનામાં રહેલી વિધવિધ જાતની શક્તિઓનો ઉપયોગ કરવામાં તે હંમેશાં નિષ્ફળ જાય છે.

- વિલીયમ જેમ્સ (હારવર્ડ)

બૌદ્ધ ધર્મમાં બુદ્ધ ભગવાનના અનેક જન્મોની વાતો આવે છે. બોધિસત્ત્વ દર જન્મે જુદા જુદા યુગકાર્ય માટે પેદા થતા રહે છે. એક વખતે બોધિસત્ત્વ વૃક્ષદેવતા બનીને પેદા થયા. ગીચ જંગલની વચ્ચોવચ આ વૃક્ષ ગગનને ચુંબતું ઊભું હતું. અડખેપડખે અનેક વૃક્ષો ઝૂલતાં હતાં. ઘનઘોર જંગલ હતું, એટલે તેમાં વાઘ-સિંહ તો હોય જ. જંગલમાં કોઈ પગ મૂકવાની હામ ભીડતું નહોતું. એક દિવસે પડખેના એક ઝાડે બોધિસત્ત્વને કહ્યું : ''આ વાઘ-સિંહ વગેરે જાનવરોથી તો ભાઈસાહેબ, તોબા તોબા ! એ બીજાં પશુઓને મારી ખાય છે, પરિણામે આખું વાતાવરણ માંસ-લોહીની દુર્ગંધથી છવાઈ જાય છે. આ જાનવરોને ડરાવીને ભગાવી દેવાં જોઈએ. બરાબર છેને ?''

ત્યારે બોધિસત્ત્વે કહ્યું : ''ભાઈ, આ વાઘ-સિંહને લીધે આપણે સચવાયાં છે તે ખબર છે ? એવું ન માની બેસીએ કે ફક્ત આપણે કારણે તેઓ સુરક્ષિત છે ! જંગલમાં વાઘ-સિંહ છે એટલે તો મનુષ્ય આવવાની હિંમત નથી કરતો.'' પરંતુ પેલા મૂરખ ઝાડે માન્યું નહીં. અને તેણે વાઘ-સિંહને ભગાવી દીધાં. થોડા જ દિવસોમાં કુહાડા લઈને માણસો ત્યાં પહોંચી ગયા, ત્યારે પેલા મૂરખ ઝાડની આંખો ખૂલી. એ તો રોવા કકળવા લાગ્યો. ત્યારે બોધિસત્ત્વે પ્રાર્થના કરી : ''અરે વાઘ-સિંહ ! તમે આ મહાવનમાં પાછા ફરો, જેથી પશુરહિત વનને લોકો ન કાપે અને ઝાડોની ગીચતાને લઈને તમારું પણ રક્ષણ થાય.''

બોધિસત્ત્વે વૃક્ષોનું અને જાનવરોનું હિત પરસ્પર રક્ષણમાં રહેલું છે તે કહ્યું, પણ આ ઉપદેશમાં માનવનું રક્ષણ પણ છુપાયેલું છે તે મોઘમ રાખ્યું. વૃક્ષો હશે તો માણસ ટકશે, કારણ કે વરસાદનો આધાર જંગલ પર છે. ઊંચા ઊંચા પહાડ અને ઘટાદાર વૃક્ષો વાદળાંને ખેંચી લાવે છે,

આટલું નાનકડું તથ્ય તો આદિમાનવને પણ હતું, તો પછી આજના વિજ્ઞાનયુગનો માનવ ભીંત ભૂલે તે કેમ ચાલે ?

આપણા રાષ્ટ્રગીતમાં 'शस्य श्यामला, सुजला, सुफला,' માતૃભૂમિની વાત કરી છે, તે કેવળ કાવ્યપ્રાસ નથી. ચોમેર ફેલાયેલા પાકની લીલપ, ઘનઘોર જંગલો, ઉપવનો, બાગબગીચાઓ અને વહેતી નદીઓનાં ઘૂઘવતાં પાણી, એ આપણા દેશની અસ્મિતા છે.

વૃક્ષને આપણા ધર્મમાં, શ્લોકોમાં સ્થાન મળ્યું છે. આપણે માટે તો વૃક્ષ એ ઋષિઓનો પણ ઋષિ છે. ગીતામાં ભગવાને 'अश्वत्थः सर्व वृक्षाणाम्' કહી વૃક્ષને વિભૂતિપદ આપ્યું. એ જ ગીતામાં 'पत्रं, पुष्पं, फलं, तोयं' યાદ કરીને સમસ્ત વૃક્ષપરિવારને પ્રેમાંજલિ આપી.

આપણા કેટલા ગ્રંથોનાં પ્રકરણોએ વૃક્ષનું શરણ લીધું ? રામાયણમાં 'કાંડ', મહાભારતમાં 'પર્વ', શ્રીમદ્ ભાગવતમાં 'સ્કંધ' - ત્રણે વૃક્ષનાં જ અંગ. કાંડ એટલે થડ, પર્વ એટલે મૂળ પણ થાય અને એક પ્રકારનું ઘાસ પણ છે. સ્કંધ એટલે મુખ્ય ડાળી, થડ. આ જ રીતે કઠોપનિષદમાં પ્રકરણોને 'વલ્લરી' એટલે કે 'વેલ' કહ્યાં છે.

આપણા દેશની પ્રાતઃસ્મરણીયા સીતા, પાર્વતીનો વૃક્ષપ્રેમ આપણે જાણીએ છીએ. રાવણ હણાઈ ગયો છે, વનવાસનાં ચૌદ વર્ષ પૂરાં થયાં છે. એક ઘડીનોય વિલંબ થાય તો ભરત અગ્નિસ્નાન કરવાનો છે તે જાણવા છતાંય સીતાજી પ્રભુને કહે છે કે, પંચવટીમાં વાવેલા છોડ કેટલા મોટા થયા તે મારે જોવું છે. અને પુષ્પક વિમાન ત્યાં થઈને પસાર થાય છે. ભગવતી પાર્વતીને પોતાના હાથે વાવેલા દેવદાર પ્રત્યે કેટલો પ્રેમ છે, તે કવિ કાલિદાસ વર્ણવે છે. કોઈક જંગલી હાથી પોતાનો કાન એ ઝાડ પર ઘસે છે અને થોડી છાલ નીકળી જાય છે તો માનું હૃદય એવું દ્રવી ઊઠ્યું, જાણે કોઈ રાક્ષસે પોતાના કાર્તિકેયને બાણ ન માર્યું હોય !

આપણી સંસ્કૃતિએ તો વૃક્ષોને સંતો સાથે બેસાડ્યાં છે.

તુલસીદાસજી કહે છે :

‘तुलसी संत सुअम्ब तरु, फूल फरै पर हेत।

इतते ये पाहन हनै, उतते वे फल देत॥’

આમ આપણી સંસ્કૃતિ સાથે અભિન્ન બની ચૂકેલા વૃક્ષદેવતાનો જીર્ણોદ્ધાર કરીશું.

આ જીર્ણોદ્ધાર તો ત્યારે જ થાય, જયારે વૃક્ષો સાથે આપણી આત્મીયતા સિદ્ધ થાય. એક સંવેદનશીલ કવિએ ખૂબ સુંદર ગીત રચના કરી છે, જે એકેએક બાળક પાસે પહોંચાડી દેવી જોઈએ. કોઈ હૃદયહીન જીવે ઝાડની એક ડાળી તોડી છે અને કવિહૃદય રડી ઊઠે છે. મૂકેશ જોશીનું ગીત છે -

**કાલે કોઈ ડાળ તૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા......**

**એક કુહાડી ક્યાંક ઊઠી છે, ચાલ ઝાડની ખબર કાઢવા ....**

**પાનખરે જે પંખીઓ એ, ઝાડને હિંમત આપી’તી**

**એ પંખીઓની હામ ખૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા....**

**ડાળ તૂટી કાંઈ કેટલાંય ઘર, પંખીઓનાં તૂટી ગયાં**

**કોકે શી મિરાત લૂંટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા....**

**ઝાડ કુહાડી લાયક હોય તો, માણસ શેને લાયક ?**

**તરણાઓમાં વાત ફૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા....**

❖

આચાર્ય હેમચંદ્રસુરીજી હાથમાં દંડ અને શરીરે કામળી ઓઢીને રાજસભામાં આવતા. એક વાર રાજસભામાં પ્રવેશ કરતા હતા ત્યારે એક પંડિતે એમની હાંસી ઉડાડતાં કહ્યું : 'आगतो हेमगोपालो दण्डकम्बलदहन्' (દંડ અને કંબલ ધારણ કરીને હેમ નામનો આ ગોવાળિયો આવી રહ્યો છે.)

આચાર્યશ્રી સમજી ગયા કે આ ટકોરમાં તેજોવધ કરવાનો પ્રયાસ છે ! પણ સૂરજ સામે કોઈ ધૂળ નાંખે તો શું થાય ? તેઓની પ્રતિભા વ્યૂત્પન્નમતિ હતી. શીઘ્રબુદ્ધિ ધરાવનાર વિનોદી મનુષ્ય હતા. હસતાં હસતાં તેમણે જવાબ વાળ્યો.

'षड्द्वादर्शनपशु प्रायाश्चारधन् जैनवाहिके।
आगतो हेमगोपालो दण्डकम्बलमुद्वहन्॥'

એટલે કે છ છ દર્શન (સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા) રૂપી પશુઓને જૈનધર્મરૂપી ઉદ્યાનમાં ચરાવતો આ હેમ નામનો ગોવાળિયો લાકડી અને ધાબળી ધારણ કરીને આવી પહોંચ્યો છે.

જ્ઞાનને અને ઠાઠઠઠારાને કશો સંબંધ નથી. સંસ્કૃતમાં એક શ્લોક છે કે જ્ઞાની માણસો ન તો પાટનગરમાં વસે છે, ન કોઈ જનપદમાં. એ તો વસે છે દૂર દૂરનાં જંગલોમાં, નદી કાંઠે બાંધેલી નાનકડી ઝૂંપડીમાં ! સ્વરૂપનું જ્ઞાન ત્યારે થાય છે, જ્યારે બહારના વાંધા ઓછા થાય છે. પેલા 'સુખી માણસનું પહેરણ' ની વાર્તા આ જ વાત સૂચવે છેને ? રાજા માંદો પડે છે. ગુરુ કહે છે કે કોઈ સુખી માણસનું પહેરણ પહેરે તો સાજો થાય. સેવકો સુખી માણસની શોધમાં નીકળી પડે છે, પણ જુએ છે કે દરેક માણસને કાંઈક ને કાંઈક દુઃખ વળગ્યું જ છે ! અંતે દૂર જંગલમાં નદી કાંઠે પ્રભુ ભજનમાં લીન એક મસ્ત માણસના ચહેરા પર પરમાનંદની લહેરો છલકાય છે, પણ સેવકો જુએ છે કે એના અંગ પર કોઈ અંગરખું જ નથી ! પ્રભુનું નામ એ જ એનું અંગરખું અને એ જ અંગરક્ષક - જે કાંઈ કહો, તે સર્વસ્વ કેવળ પ્રભુ છે ! ❖

એક વખત પંજાબકેસરી મહારાજા રણજિતસિંહ ક્યાંક જઈ રહ્યા હતા. એટલામાં અચાનક એક ઢેખાળો આવીને એમના માથામાં વાગ્યો. એમની સાથે આવેલા સાથીઓ દોડ્યા અને એક ડોસીને પકડી લાવ્યા. એને મહારાજાની સામે હાજર કરતાં કહ્યું : ''મહારાજ ! આ ડોસીએ આપને ઢેખાળો માર્યો છે.''

ડોસી તો બિચારી ડરને લીધે કાંપતી હતી. તે હાથ જોડીને બોલી :

''સરકાર, મારું બાળક ત્રણ દિવસથી ભૂખ્યું હતું. ખાવા માટે કોઈ પણ જગ્યાએથી કંઈ જ ના મળ્યું ! એટલે ફરતી ફરતી અહીં આવી ચડી અને મારી નજર આ વૃક્ષ પર આવેલા પાકા ફળ પર પડી. જો પથ્થર ફળને વાગ્યો હોત તો તે નીચે પડી જાત અને એનાથી મારા બાળકની ભૂખ ભાંગત. પરંતુ કમનસીબે તે ફળને બદલે આપને વાગી ગયો. હું નિર્દોષ છું સરકાર ! ઢેખાળો મેં આપને મારવા માટે નહોતો ફેંક્યો. ક્ષમા કરો અન્નદાતા !''

ડોસીની વાત સાંભળીને મહારાજ રણજિતસિંહે પોતાના અંગરક્ષકને કહ્યું : ''ખજાનામાંથી આ ડોસીને એક હજાર રૂપિયા રોકડા આપો, અને તાજી બનાવેલી ગરમ રસોઈનાં બે ભાણાં પીરસીને ડોસી અને તેના ભૂખ્યા દીકરાને પેટ ભરીને જમાડો, ત્યાર પછી એમને ઘેર પહોંચતાં કરો.''

અંગરક્ષકોને આથી ભારે આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું : ''મહારાજ ! આ શું ? ડોસીને દંડને બદલે બક્ષિસ કેમ ?''

મહારાજા રણજિતસિંહે ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો :

''ભાઈઓ ! જ્યારે એક જડ ગણાતું વૃક્ષ પણ, પોતાને પથ્થર

મારનારને જો સામેથી પાકું ફળ ભેટ ધરી શકતું હોય - અપકારનો બદલો ઉપકારથી વાળી શકતું હોય - તો હું ચૈતન્ય અને બુદ્ધિનું વરદાન પામેલો માણસ થઈને, શું પથ્થર મારનારને દંડ આપું ? શું હું વૃક્ષ કરતાં પણ ઊતરતી કોટિનો છું ?''

સૌ અનુચરો મહારાજા રણજિતસિંહની આ ભલાઈથી દંગ થઈ ગયા !

❖

જે ધનનો ઢગલો એકઠો કરવાનું ભૂલી જાય છે તે જ જીવતાં શીખે છે. જ્યારે તમે દિલગીરીમાં ગરકાવ થયા હો ત્યારે આનંદી થવાનો સારામાં સારો રસ્તો બહાર જઈ બીજા કોઈનું કલ્યાણ કરવાનો છે.

- જે. કેબલ

''પ્રફુલ્લતા''એ પરોપકારાર્થે વાપરવાના એક મહત્ત્વના પદાર્થ સમાન છે અને જેમ જેમ આપણે તેને વાપરીએ છીએ તેમ તેમ આપણે વધારે દ્રવ્યવાન થઈએ છીએ.

- વિકટર હ્યુગો

નાના મોટા સૌ કોઈના ધ્યાનમાં 'રેડ ક્રૉસ' એટલે કે 'રાતો ક્રૉસ' (+) આવ્યો હશે. દવાખાનાંની ઍમ્બુલન્સ ગાડી પરનો આ 'રેડ ક્રૉસ' સૌનું ધ્યાન ખેંચે છે, જે માંદા-ઘાયલ-ઈજાગ્રસ્ત લોકોની સેવામાં સદા તત્પર રહે છે. આ 'રેડ ક્રૉસ' પાછળ એક મરજીવા માનવના જીવનનું સોનેરી પ્રકરણ છે, જે જાણવા જેવું છે.

ઘણી જૂની વાત, દોઢેક સૈકા પહેલાંની પૃથ્વી પર યુદ્ધો તો ચાલ્યા જ કરતાં અને માનવના લોહીથી ખરડાયેલી ધરતીનાં હીબકાં પણ બંધ ન થતાં. ૧૮૫૯નું એ વર્ષ સ્વિટ્ઝર્લૅન્ડમાં હેનરી ડૂના નામના એક સજ્જન બૅંકમાં નાણાં અંગેનું કામ કરે. ત્રીસ વર્ષનો થનગનતો જુવાન ! એને સરકાર તરફથી ફ્રાંસ સાથે લડાઈ અંગેની આર્થિક વાટાઘાટ કરવા જવાનો હુકમ મળ્યો. પણ પેરિસ પહોંચ્યો ત્યાં જાણ્યું કે નેપોલિયન (ત્રીજો) તો ઓસ્ટ્રિયા સામે યુદ્ધ ખેલવા સોલ્ફેરિનોના મેદાનમાં પહોંચી ગયો છે. એટલે હેનરી તો યુદ્ધના મેદાન સુધી પહોંચી ગયો. મેદાન પાસે પહોંચવાની ટેકરી પરથી પસાર થતો હતો ત્યાં જ એને બ્યૂગલો અને તોપના ગોળા છૂટવાના અવાજો સંભળાયા. એટલામાં મેદાનમાંથી ધૂળની ડમરીઓ ઊડતી દેખાણી અને વળતી ક્ષણે મરતા સૈનિકોના દર્દ ભર્યા ચિત્કાર સંભળાયા અને થોડી વારમાં તો ધરતી પર ઢળી પડતી લાશો દેખાઈ.

એ દિવસ હતો - ૨૪ જૂન, ૧૮૫૯નો. યુદ્ધ પૂરું થયા બાદ હેનરી એ નાનકડા ગામમાં પહોંચ્યો તો ઠેર ઠેર ઘાયલ લોકો જ્યાં ત્યાં પડ્યા હતા. કોઈના પગ કપાઈ ગયેલા, તો કોઈના હાથ ! કપાયેલાં અંગો અને મરેલાં શરીર જ્યાં ત્યાં રઝળતાં પડેલાં. આર્થિક વાટાઘાટ કરવા આવેલો હેનરી તો ત્રણ દિવસ સુધી એ જ ગામમાં રોકાઈ યુદ્ધગ્રસ્તોની સારવારમાં લાગી પડ્યો. એની નજર સામેથી યુદ્ધની તારાજી હટવાનું

નામ જ લેતી નહોતી.

એ તો કશી વાટાઘાટો કર્યા વગર સ્વિટ્ઝર્લૅન્ડ પાછો આવ્યો. નજર સામેથી હજુય માણસ જાતિની ભયંકર પાશવી લીલા હટતી નહોતી. છેવટે એણે એનો ધંધો છોડી દીધો અને આખા યુરોપમાં શાંતિનો સંદેશો લઈને ફરવા લાગ્યો. ધ્યાન ન અપાવાને કારણે એનો ધંધો પડી ભાંગ્યો, પણ એણે જરીકે દરકાર ન કરી અને યુદ્ધ માત્રની સામે એક આદમીની લડાઈ શરૂ કરી. ધીરે ધીરે એની પ્રવૃત્તિમાં એટલા પ્રાણ પુરાયા કે બધા દેશો સાથે વાટાઘાટો કરીને એણે યુદ્ધ સામે પ્રથમ આંતરાષ્ટ્રીય કાયદો પસાર કરાવ્યો, જેમાંથી આગળ જતાં 'લીગ ઑફ નેશન્સ' અને 'યુનો'નો જન્મ થયો.

૧૯૦૧માં યુદ્ધ નહીં, પણ શાંતિ માટેની એની જેહાદ માટે એને શાંતિનું પ્રથમ પારિતોષિક મળ્યું. ત્યારે તો એની હાલત દેવાદાર બની ચૂકી હતી અને એક સામાન્ય ઘરમાં રહી જેમ તેમ ગુજરાન ચલાવતો હતો. પોતાના પારિતોષિકની રકમ એણે યુદ્ધ સામે જેહાદ જગાવતી વિશ્વવ્યાપી સંસ્થાને સોંપી દીધી. ૧૯૧૦માં ડૂનાનું મૃત્યુ થયું. એની સ્મૃતિમાં બીજું કોઈ સ્મારક ઊભું કરવાની જરૂર નહોતી, કારણ કે પોતાના જીવન દરમ્યાન જ જે રેડ ક્રૉસ સંસ્થા એણે સ્થાપેલી, તે સ્વયં એનું ચિરંજીવ સ્મારક બની ગયું !

આ ક્રૉસ એ ભગવાન ઈશુનો વધસ્થંભ ! અગાઉ ગુનેગારોને ફાંસીએ ચઢાવવા બે લાકડાને ઊભા અને આડા, આવા (+) ચોકડીના આકારમાં જડી લેતા, જેના પર માણસના શરીરને ગોઠવી, બેઉ હાથે, બેઉ પગે અને છાતીમાં ખીલા ઠોકી અપરાધીનો જાન લેવાતો. ઈશુ ભગવાનને પણ આવા ક્રૉસ પર ચઢાવેલા એટલે એમની શહાદતને ચિર સ્મરણીય બનાવવા એમના અનુયાયીઓએ 'ક્રૉસ'ને ક્રાઈસ્ટ'નું પ્રતીક બનાવ્યું. આ 'રેડ ક્રૉસ'માં વહેતાં રક્તનો લાલ રંગ 'સ્મારક' રૂપે લીધો હશે ?

❖

ભક્તિમાર્ગના આદ્ય સંસ્થાપક સમા નારદમુનિ સદાસર્વદા પ્રભુના ગુણગાનમાં, ધ્યાનધારણામાં તલ્લીન રહેતા હતા. પરંતુ માનવમન એટલું બધું જટિલ છે કે ભાતભાતના અંચળા હેઠળ ભાતભાતની વસ્તુ છુપાઈ પડી હોય છે. એક વખતે નારદજીના ચિદાકાશમાં પણ એક વાદળી ઊપસી આવી, જેના પર લખ્યું હતું કે ભગવાનનો સૌથી શ્રેષ્ઠ ભક્ત તો હું જ છું. વાદળી તો આવી તેવી વહી ગઈ, પણ ભગવાનને થયું કે નારદના અભિમાનને થોડોક પાઠ શીખવવો પડશે.

હંમેશના ક્રમ મુજબ નારદજી તો નાચતાગાતા, વીણા વગાડતા ભગવાન પાસે પહોંચ્યા. પણ જઈને જુએ તો ભગવાન પછડાટો ખાય છે ! પથારીમાં સૂવા કરે છે પણ પેટમાં એવી પીડા ઊપડી છે કે લગીરે જંપ વળતો નથી. નારદને કહે : ''નારદ, મારા પેટમાં શૂળ ઊપડ્યું છે. કેમે કરી કળ વળતી નથી.''

''પ્રભુ, શું કરું મને જલદી કહો. પીડા મટાડવા માટે જે કાંઈ કરવું પડશે તે હું કરીશ.''

''આ પીડાનો તો મને એક જ ઉપાય લાગે છે. મારા કોઈ ભક્તની ચરણરજ લાવીને મારા શરીરે લગાડવામાં આવે અને થોડીક મોંમાં પણ નાખવામાં આવે, ત્યારે મારી પીડા મટે તો મટે.''

હવે નારદજી આ વાત જાણતા હતા કે ચરણરજ તો ભગવાનની માથા પર ચડાવાય, આપણી ચરણરજ એમને લગાડીએ તો તો રૌરવ નરકમાં જ જવું પડે. એટલે પોતે કાંઈ બોલ્યા નહીં. ત્યાં ભગવાન ફરી પેટે હાથ ભીડતા બોલ્યા : ''જાને ભાઈ નારદ, તું તો કાયમ ત્રણેય લોકમાં ફરતો રહે છે, જોને ક્યાંય મારો ભક્ત દેખાય તો લઈ આવને

એના ચરણની ધૂળ !''

નારદજી તો ચાલ્યા. સૌ પહેલાં માનવલોકમાં આવ્યા. ધરતી પર ઊતર્યા તો ખેતરમાં સામે જ એક અભણ ખેડૂત ભટકાયો. બિચારો આખો દિવસ ખેતરમાં કાંઈ ને કાંઈ કામ કર્યા કરે અને મુખેથી રામનામ લીધા કરે. દૂરથી એણે નારદજીને આવતા જોયા. પણ આમ કેમ ? આજે નારદજીની વીણાના તાર કેમ ચૂપ છે ? મુનિ નજીક આવ્યા તો ચહેરો પણ સાવ પડી ગયેલો દેખાયો.

''બોલો મુનિદેવ, શી વાત છે ? કેમ કોઈ ચિંતામાં પડી ગયા હો તેવું લાગે છે ?''

''હા, ભાઈ, ભારે મોટી આફત ઊભી થઈ ગઈ છે. ભગવાનને પેટમાં શૂળ ઊપડ્યું છે.''

''હું કાંઈ મદદ કરી શકું તેમ છું ?'' ખેડૂતે પૂછ્યું.

નારદજીએ ભગવાને કહેલી વાત કહી સંભળાવી. ખેડૂતે તો ભગવાનની વાત સાંભળતાં જ દોટ મૂકી. હમણાં જ એણે ખેતરમાં હળ ચલાવ્યું હતું. માટીથી ખરડાયેલા પગે દોડતો દોડતો પાછો આવ્યો અને કહેવા લાગ્યો : ''લો, આ મારા પગની ધૂળ. હમણાં જ હળ હાંકીને ચાલ્યો આવું છું. લઈ જાઓ એને ભગવાન પાસે અને એમની પીડા શમાવો.''

નારદજી તો સ્તબ્ધ થઈ ગયા. શબ્દો ગળી જતા હોય તેમ બોલ્યા : ''અરે, તું આ શું કરે છે તેનું તને ભાન છે ? શું તને ખબર નથી કે આપણા પગની ધૂળ ભગવાનને લાગે તો રૌરવ નરકમાં જવું પડે ?''

''એ જ્યાં જવું પડે ત્યાં પહોંચી જઈશ. પણ તમે હવે જલદી કરો ! આનાથી ભગવાનની પીડા તો મટશે ખરીને ?''

નારદજી તો ખેડૂતની ચરણરજ લઈને ભગવાન પાસે પહોંચ્યા.

ભગવાને એ રજ લઈને આખા શરીરે લગાડી અને થોડી વારમાં જ પીડા શમી ગઈ.

ભગવાને પૂછ્યું : ''કેમ નારદ, તને કાંઈ સમજણ પડી ?''

નારદજી શું બોલે ? શરમથી એમનું માથું નીચે ઝૂકી ગયું. પોતે પોતાના સ્વર્ગ-નરકની ચિંતા કરી હતી જ્યારે ખેડૂતને તો એક જ ચિંતા હતી - ભગવાનની પીડા કેમે ટળે ? એટલા માટે તો કહેવાયું છે કે ભગવાન ભણી લઈ જતો પંથ નિરાળો છે !

❖

**હાસ્યની કંઈ કિંમત પડતી નથી પણ તે ઘણું પેદા કરે છે.**

**આપનારને ગરીબ બનાવ્યા વિના લેનારને તે શ્રીમંત બનાવે છે.**

**એક પલકારામાં તે બની જાય છે પણ કોઈ વાર તેની યાદ હંમેશાં જળવાઈ રહે છે.**

**જે હાસ્ય વિના જીવી શકે છે તે શ્રીમંત નથી અને જે હાસ્યનો લાભ લે છે તે ગરીબ નથી.**

**હાસ્ય ઘરસંસાર સુખી બનાવે છે, વેપારધંધામાં શુભેચ્છા વધારે છે અને મિત્રોની મિત્રતામાં વૃદ્ધિ કરે છે.**

**હાસ્ય થાકેલાનો આરામ છે, નિરાશામાં આશા છે, અંધકારમાં પ્રકાશ છે અને દુઃખી માણસ માટે કુદરતની અમૂલ્ય દવા છે.**

**- ફ્રેન્ક ઈરવીંગ ફલેઅર**

નારદમુનિ તો સતત વિહાર કરે. એમનું કામ જ પરસ્પર-સંપર્ક કરાવી આપવાનું. અહીંનો સંદેશો ત્યાં પહોંચાડે અને ત્યાંની વાત અહીં. આમ જ એક વખતે ફરતાં ફરતાં વનમાં જઈ ચઢ્યા. એક ઝાડની બખોલમાં જોયું તો ઊધઈના રાફડામાં એક તપસ્વી સાધુ બેઠાં બેઠાં તપ કરે. એમણે મુનિને જોયા તો કહ્યું કે નારદજી, તમે વૈકુંઠમાં પ્રભુ પાસે જતાં હો તો એટલું પૂછતાં આવજોને કે મને એ ક્યારે મળશે ? 'ઠીક' કહીને નારદ આગળ ચાલ્યા, થોડી વારે બીજો એક ભજનિક મળ્યો. ઝાડ નીચે બેઠો બેઠો પ્રભુભજન કરતો હતો. એણે પણ ભગવાનને એ જ પ્રશ્ન પુછાવ્યો.

નારદ તો ભગવાન પાસે પહોંચ્યા અને અસંખ્ય લોકોના પ્રશ્નોનો ઢગલો ત્યાં ઠાલવ્યો. ભગવાને દરેકના જવાબો આપ્યા. નારદ પાછા ફર્યા. પેલા રાફડાવાળા સાધુ પાસે આવીને કહ્યું કે ભગવાને કહેવડાવ્યું છે કે એ તને ચાર જન્મ પછી મળશે. એ સાંભળીને તો સાધુ પોકે પોકે રડવા લાગ્યો. બાપ રે, મારા એટલા જન્મારા આમ તપ કરી કરીને કેમ વીતશે ?

નારદ તો આગળ ચાલ્યા, પેલો ઝાડ નીચે બેઠેલો ભક્તરાજ તો પોતાની મસ્તીમાં ભજન ગાવામાં લીન હતો. નારદમુનિએ એને પણ પ્રભુનો સંદેશો પાઠવ્યો કે "ભગવાને કહેવડાવ્યું છે કે સામે આ આમલીનું ઝાડ છે એનાં પાંદડાં જેટલાં તારા જન્મો બાદ પ્રભુ તને મળશે !"

સાંભળીને પેલો ભક્ત તો નાચવા લાગ્યો. કહે, સાચ્ચે, ભગવાને પોતે કહ્યું કે તેઓ મને મળશે ? વાહ, ભાઈ વાહ, હું કેવો સદ્‌ભાગી કે પ્રભુ મને મળશે !" - અને એ તો પાછો ભજનમાં તલ્લીન થઈ ગયો.

ત્યાં આકાશવાણી થઈ કે ''વત્સ, તને આ ક્ષણે જ ઈશ્વર - સાક્ષાત્કાર થશે, કારણ કે તું જે સાધના કરી રહ્યો છે તેમાં તારી નિષ્ઠા છે અને તેનો તને અપાર આનંદ આવે છે ! એટલે હું જ તને મળવા આતુર છું અને એટલે જ આ ક્ષણે જ તારી સમક્ષ હાજર થાઉં છું !''

સાધનામાં નિષ્ઠા હોવી કેટલી બધી આવશ્યક છે, એનો એક પ્રસંગ આને કહેવાય ભક્તિ અને નિષ્ઠાની ઉત્કટતા !

❖

કેળવાયેલો માણસ નવું જાણવાની વૃત્તિ ખીલવે છે. નવા વિચારોને કદી હસી કાઢતો નથી. બીજા લોક સાથે નભાવી લેવાની કળા જાણે છે. સફળ થવાની ટેવ કેળવે છે. 'જેવા વિચાર કરીએ તેવા થઈએ' એ સૂત્ર સમજે છે. લૌકિક વિચારો હંમેશાં ખોટા હોય છે એનું ભાન રાખે છે. નિષ્ણાતોના અભિપ્રાયોને ધ્યાન દઈને સાંભળે છે. મહાન કાર્યોમાં સાથ આપે છે. પોતાની શક્તિ પ્રમાણે આકાંક્ષાઓની સૃષ્ટિ રચે છે. પોતાની ઉચ્ચત્તમ કુદરતી શક્તિ પ્રમાણે કાર્યમગ્ન રહે છે. જ્ઞાન મેળવવા માટે કદી મોડું થતું નથી એ જાણે છે. પોતે સેવેલાં સ્વપ્નાં વિશે કદી શ્રદ્ધા ગુમાવતો નથી. તે એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે જે વડે તે જગતપુરુષ બને છે અને ઉચ્ચ ધાર્મિક જીવન જીવે છે.

- વિલીયમ એચ. ડેન્ફર્થ

આરબ દેશની આ એક રમત છે. ત્યાં વીંછી ખૂબ નીકળતા હશે એટલે આવી રમત સૂઝી હશે. છોકરાઓ વીંછીને પકડે અને એના પગ સાથે એક લાંબી દોરી બાંધી દે, પછી એને એક મોટા ચકરડામાં ગોળ ગોળ ફેરવે, એટલી બધી ઝડપથી ફેરવે કે વીંછીને એમ થાય કે મારી આગળ કશુંક દોડે છે, એટલે એને ડંખ મારવા એ તત્પર થાય. પછી ધીરે ધીરે હાથમાં દોરી વીંટાળતા જઈ છોકરો ચકરડું નાનું કરતો જાય અને વીંછીને ગોળ ગોળ ફેરવતો રહે. આમ કરતાં કરતાં ધીરે ધીરે પેલું ચકરડું એટલું બધું નાનકડું બની જાય કે વીંછી કરડવાનું કરે અને એનો પાછલો ભાગ જ એના ડંખમાં આવી જાય. આમ વારંવાર પોતાને જ કરડી એ અધમૂઓ થઈ જાય અને છોકરાઓને એમાં મઝા પડે !

આ રમત દ્વારા માનવમન પણ સમજાય છે. માણસ સ્વાર્થ પાછળ આંધળો બનીને દોડે છે. જેમ જેમ એ સ્વાર્થો સાધતો જાય છે, તેમ તેમ એનું વર્તુળ સાંકડું થતું જાય છે. પહેલાં દૂરના લોકોમાં સ્વાર્થ શોધે, પછી તો પોતીકાં કહેવાય તેવાં સ્વજનો પણ સ્વાર્થના સગપણે જ સાચવે. એમ કરતાં કરતાં એના મનની સંકુચિતતાનું ચકરડું એટલું નાનું થઈ જાય કે આંધળા સ્વાર્થને કારણે પોતે જ પોતાનું નુકસાન કરી રહ્યો છે, એનું એને ભાન સુધ્ધાં ન રહે ! વાસ્તવમાં પરમાર્થથી મોટો કોઈ સ્વાર્થ નથી, પણ અંધાપાને કારણે આ મોટો સ્વાર્થ દેખાતો નથી અને નાના નાના સ્વાર્થો સાધવામાં માણસની જિંદગી પૂરી થઈ જાય છે, એટલું જ નહીં, સંકુચિત સ્વાર્થ સાધવામાં એ એટલો બધો વિવેક ગુમાવી બેસે છે કે પોતે જ પોતાને ભારે મોટું નુકસાન પહોંચાડે છે.

❖

એ સંતનું નામ હતું પ્રેમદાસ, પોતાની નાનકડી મઢૂલીમાં રહે અને રોજ સવારે નજીક વહેતી જમનાને કાંઠે ફરવા જાય. કિશોરોની ભણવાની નિશાળ એ બાજુ જ ક્યાંક હતી. કિશોરો રોજ ત્યાં ભણવા જાય. એમનો જવા - આવવાનો આ જ રસ્તો. એક દિવસે એક વિદ્યાર્થી કાંઠા પરથી લપસ્યો અને ડૂબવા લાગ્યો. પરંતુ તત્ક્ષણ સાથેના વિદ્યાર્થીએ પાણીમાં કૂદકો મારી એને બચાવી લીધો. સ્વામીજી એનું આ સાહસ જોઈ ખુશ થતાં કહે : ‘‘શાબાશ બેટા, સરસ કામ કર્યું તેં ! બેટા, કાંઈક માગ !’’

‘‘ના સ્વામીજી ! મારા પિતાજીએ કહ્યું છે કે – આ દુનિયામાં કોઈ કાંઈ આપી શકતું નથી.’’ પેલા છોકરાએ કહ્યું.

‘‘પણ બેટા, હું આપીશ. ચાલ, માંગીજો !’’ સ્વામીજીએ આગ્રહપૂર્વક કહ્યું.

‘‘એમ હોય તો પછી આ કાંસાના વાટકામાં મને આખી જમુના ભરી આપો.’’

કિશોરની માંગણી સાંભળી પ્રેમદાસ તો સ્તબ્ધ થઈ ગયા. હું બધું આપી શકું એવો અહં હતોને ? ભાંગીને ચૂરે ચૂર થઈ ગયો ..... કેમ આમ થયું ? આ તો ફરી પાછું એનું એ જ થયું ! દિશા બદલાઈ પણ દેશ તો એનો એ જ.

અંતરમાં ભારે મંથન જાગ્યું. ક્યાં ભૂલ થઈ તે શોધવામાં રાતે ઊંઘ પણ વેરણ થઈ. પૂર્વજીવનની એક ઘટના સતત નજર સામે ખેલતી રહી.

પૂર્વજીવનમાં પોતે એક નાનકડા ગામના શેઠ. ગામ આખું બધું

એમને પૂછી પૂછીને કરે. પોતે તો ફૂલીને ફાળકો થાય કે મારા વગર ગામને જરીકે ન ચાલે ! ગામમાં બીજો એક વેપારી. એનો વેપાર પણ સારો ચાલે. લોકો એને પણ પૂછતા થયા, એટલે આ શેઠને માફક ન આવ્યું. પેલા વેપારીને કહેવડાવ્યું કે ગામમાંથી ઉચાળા ભરો. મારી સાથે હરીફાઈ એટલે મોતને તેડું કરવા બરોબર છે, એ સમજી લેશો.

ત્યારે પેલા વેપારીએ જવાબમાં સામે આટલો જ પ્રશ્ન પૂછ્યો : ''શું મોત તમે મોકલશો ?''

અને પછી તો બેઉ વચ્ચેની સ્પર્ધા કાતિલ બની. બેમાંથી કોઈ નમતું ન જોખે. અહંની ટકરામણ હતી ! વેપારમાં ફાવટ ન આવી એટલે અંતે પ્રેમદાસે ગાંઠ વાળી : ''વેપારમાં સાફ નથી કરી શકતો, તો સંન્યાસ લઈ સાધના કરીને સિદ્ધિ મેળવીશ અને સિદ્ધિ દ્વારા એને સાફ કરી નાંખીશ.''

બસ, આ જ હતી ક્ષતિ ! સાધના - સિદ્ધિ દ્વારા પણ આખરે તો કોઈને પછાડવાની જ વાત હતી ! ક્ષેત્ર બદલાયું, વેપારને બદલે ધરમ-ધ્યાન, પણ પ્રયોજન તો એક જ - સામેની વ્યક્તિને કેમ પછાડવી !

સવારે મઢૂલી બહાર નીકળ્યા તો આંગણે એક ભગવાધારી સાધુ. ધ્યાનથી જોયું તો પેલો હરીફ વેપારી. મોંમાંથી સરી પડ્યું - ''તમે ?''

''હા, ભાઈ હું ! મારા કારણે એક સુખી માણસ સંસાર છોડીને ચાલી નીકળ્યો એની પીડા જીરવી ન શક્યો. આખરે હું પણ સાધુ બની ગયો.'' આંખમાં આંસુ સાથે એણે ખુલાસો કર્યો.

બસ, ગંગા-જમનાનું પવિત્ર મિલન થયું, પરસ્પરનાં અહં ઓગળ્યાં અને બંનેની ભીતરનો ભગવો લહેરાઈ ઊઠ્યો !

❖

એક પાદરી રાત્રે પ્રાર્થના કરતો હતો. ચોમાસાના દિવસો હતા. બહાર દેડકા ડ્રાંઉ ડ્રાંઉ કરતા હતા, તેથી પાદરીના ધ્યાનમાં ખલેલ પહોંચતી હતી. હવે પાદરી સાહેબ હતા 'સિદ્ધ પુરુષ'. એ 'ચૂપ' એમ બોલે ન બોલે ત્યાં પેલા દેડકા ચૂપ થઈ જાય, એવી સિદ્ધિ એમની પાસે હતી. બસ, બોલવાની જ વાર ! અને સાચે જ, દેડકા ચૂપ થઈ ગયા અને સર્વત્ર ચૂપકીદી ફેલાઈ ગઈ.

પાદરી તો ફરી પાછા ધ્યાનમાં બેઠા, ઘડી બે ઘડી પસાર થઈ, પણ કેમે કર્યું ધ્યાન લાગે નહીં. મનમાં કશો અજંપો જાગે. અંદરથી કોકે જાણે પૂછ્યું : ''મેં દેડકાને ચૂપ તો કરી દીધાં. પણ ડ્રાંઉ ડ્રાંઉ કરીને એ તો ઈશ્વરને પ્રાર્થના કરતાં નહીં હોયને ! કોઈને પ્રભુ-પ્રાર્થના કરતાં અટકાવવાનો મને શો અધિકાર ?'' - આમ મન દ્વિધામાં પડી ગયું અને કોઈ વાતે કળ ન પડી.

અંતે પાદરી ઊભા થયા, બહાર આવ્યા અને દેડકા સામું જોઈ મોટેથી બોલ્યા : ''તમે તમારે ગાઓ ! અને ફરી પાછું દેડકાનું વૃંદગાન શરૂ થયું. સાધુ અંદર જઈને ધ્યાનમાં બેઠા. એમને કોઈ દખલ ન અનુભવાઈ. થોડી વારે ઊંડી સમાધિ લાગી ગઈ !

પ્રાર્થના એ પરમતત્ત્વ સાથે એકરૂપ થવાની સાધના છે. પ્રાર્થનાના પ્રારંભમાં ભલે ભક્ત અને ભગવાન બે હોય, પણ પ્રાર્થનાની ડૂબકીમાં તો આ દ્વૈત ઓગળી જવું જોઈએ. પ્રાર્થના એ બીજા કોઈની ચોકીદારી નથી. પ્રાર્થનામાં 'સ્વ'માં વિશ્વને ડુબાડવાનું હોય છે અને પછી ધીરે ધીરે એ 'સ્વ'ને ઈશ્વરમાં સંલીન કરવાનો હોય છે.

શેખ સાદીના બાળપણની વાત છે. નાના હતા ત્યારથી તેમને કુરાન પઢવું ખૂબ ગમે. ક્યારેક તો રાત આખી કુરાન પઢતા રહે. ત્યારે

કુટુંબના બીજા લોકો તો સહજ રીતે ઊંઘતા હોય. એક વાર દીકરો પોતાના અબ્બાજાનને કહે : ''બાબા, જુઓને આ લોકો કેવા અઘોરી છે ! ખુદાની નમાજ પઢવી તો બાજુ પર રહી, પણ માથુંય ઊંચું કરતા નથી !'' આ સાંભળીને શેખના અબ્બાજાને કહ્યું : ''બેટા, તું પણ આ લોકોની જેમ ગાઢ નિદ્રામાં પોઢી ગયો હોત તો ઘણું સારું હતું, જેથી આ પરનિંદામાં તો સરી ન પડત !''

ઈશ્વર સાથેની તલ્લીનતામાં બીજાનું ધ્યાન રહે જ ક્યાંથી ? ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં પ્રાર્થનાની શિસ્ત શીખવવા માટે પ્રાર્થનામાં હાજરી પુરાતી. વહેલી સવારે ચાર વાગ્યે પ્રાર્થના થાય. વરિષ્ઠ આશ્રમવાસી સૌનાં નામ બોલે અને જે હાજર હોય તે 'ૐ' કહી હાજરી પુરાવે. એક વાર હાજરી પુરાઈ ગયા પછી સેવકે કહ્યું : ''પાંત્રીસ જણ હાજર છે !' તો વિનોબાએ તરત કહ્યું : ''નહીં બાપુ, ૩૫ નહીં ૩૪ જણ હાજર છે.' ફરી ગણતરી કરી, તો ૩૫ જ નીકળ્યા. પણ વિનોબાએ ૩૪ આંકડાનો જ આગ્રહ રાખ્યો, ત્યારે બાપુને થયું કે વિનોબા જેવો ગણિતી ૩૪ કહે છે, તો નક્કી એમાં કાંઈ તથ્ય હશે. પૂછ્યું : ''વિનોબા, વાત શી છે ?''

ત્યારે વિનોબાએ ફોડ પાડ્યો, ''જુઓ બાપુ ! આ સ્થળે ૩૫ જણ હાજર છે એ વાત સાચી, પણ પ્રાર્થનામાં મેં ૩૪ ગણાવ્યા, કારણ કે હાજરી પુરાવનાર અને પ્રાર્થનાની વ્યવસ્થા કરનારનું ધ્યાન તો બહાર જ રહે છે, પરિણામે પ્રાર્થનામાં એ ગેરહાજર રહે છે. એટલે મેં એક આંકડો ઓછો ગણ્યો.''

પ્રાર્થનામાં હાજરી એટલે સાક્ષાત્ પ્રભુના દરબારમાં હાજરી. આખ્ખે આખ્ખી હાજરી. અડધું મન બીજે ક્યાંય ભટકતું હોય તે ન ચાલે. પ્રાર્થનાનું પરિણામ તો જ જોવા મળે, જો પ્રાર્થનામાં 'હું' સુધ્ધાં વિલોપાઈ જાય !

❖

વિનોબાને કોઈકે કહ્યું : ''મારાથી પૂરેપૂરું સત્ય પળાતું નથી. કેટલુંક પાળું છું અને કેટલુંક છોડી દઉં છું. ?''

ત્યારે વિનોબાએ એને સમજાવ્યું કે ભાઈ, સત્ય કાં તો છે અને કાં તો નથી. સત્ય કદી 'અર્ધસત્ય' સંભવી ન શકે. કાં તો એ પૂર્ણ સત્ય હોય, કાં અસત્ય હોય !

આવો જ એક પ્રસંગ એક બાઉલનો છે. બાઉલ એટલે બંગાળનો એક આધ્યાત્મિક પંથ. જીવનનાં પ્રયોજનોને શોધતો આ સમુદાય એ બંગાળ પ્રદેશની વિશિષ્ટ સંપદા છે. અનેક બાઉલોનાં જીવન-કવનમાંથી અનેક પ્રેરક વાતો સાંપડે છે.

એક વાર આવા એક બાઉલ પાસે એક જિજ્ઞાસુ સાધક આવ્યો અને કહ્યું : ''મને થોડું સત્ય આપો !'' ત્યારે પેલા બાઉલ કહે છે : ''અરે મારા ભાઈ ! જો લેવું જ હોય તો પૂર્ણ સત્ય સ્વીકાર ! એ તારી રક્ષા કરશે. થોડુંક સત્ય તું બરદાસ્ત નહીં કરી શકે.''

''એ કેવી રીતે ? જરાક ફોડ પાડીને સમજાવો,'' આગંતુકે ખુલાસો માંગ્યો એટલે બાઉલે એના માથા પર બે ત્રણ મણ પાણી ભરેલા બે હાંડા મૂક્યા. આટલું બધું વજન ન સહી શકવાને કારણે પેલો બિચારો બોલી ઊઠ્યો...... અરેરે ! આ તો બહુ ભારે છે ! મારું માથું તૂટી જશે !''...

બાઉલે એના માથા પરથી હાંડા ઉતારી દીધા. પછી કહે : ''ચાલો, મારી સાથે નદીએ ! મારો નાહવાનો સમય થયો છે !'' નદીએ જઈ બંને પાણીમાં પડ્યા. પેલા ભાઈએ પાણીમાં ડૂબકી મારીને ફરી માથું બહાર કાઢ્યું. ત્યારે બાઉલે કહ્યું : ''તમે અહીં નદીમાં પાણીની નીચે હો છો ત્યારે પેલા હાંડા કરતાં ઘણા બધા વધારે પાણીનો ભાર

ઉઠાવો છો, એ શી રીતે ?''

પછી સમજાવતાં કહે : ''પૂર્ણ સત્યમાંથી થોડુંક સત્ય અલગ તારવી લેવાય છે ત્યારે તેવા થોડા - અલગ સત્યનો ભાર લાગે છે. જ્યારે પૂર્ણ સત્ય સાવ હળવું હોય છે. એનો લગીરે ભાર નથી અનુભવાતો.'' સંતો હંમેશાં પૂર્ણસત્યમાં જ જીવતા હોય છે એટલે એમનામાં સત્યનું સહજ સૌંદર્ય પ્રગટ થાય છે ! એમનું જીવન એટલું બધું સહજ - સરળ હોય છે કે કશી વિશેષતા શોધવા જઈએ તો ન જડે.

એટલા માટે તો કેટલાય સાધુ-સંતોના જીવનવૃત્તાંતની વિગતો સાંપડતી નથી. 'વૃત્તાંત' એટલે એવી કોઈક ઘટનાઓ, જેના વૃત્તો, કૂંડાળાં નિર્માણ થયાં હોય ! જે રીતે પાણીમાં કાંકરી નાંખો તો તરત કૂંડાળાં નિર્માય ! પણ સંતોની જીવનનૌકા ન તો કાદવમાં ચાલતી હોય કે પાછળ કાંઈ નિશાન છોડી જાય, અથવા તો છીછરાં જળમાંય ન ચાલતી હોય કે કાંઈક નિશાની નિર્માય ! સંતો તો ઊંડાં જળમાં વહે, ત્યાં એમનું સંધાન કેવી રીતે સધાય ? જેવી રીતે પંખીઓ આકાશમાં ઊડે છે તો તેમના કોઈ પાદચિહ્ન, પગલાંનાં નિશાન પાછળ છૂટતાં નથી, આવું જ સંતોનું છે !

એટલે જ મર્મી કબીર કહે છે કે ''તમે પ્રભુ પાસે પહોંચવાના મારગ વિશે પૂછો છો ? અરે મારા ભાઈ ! પ્રભુ ક્યાંક દૂર વસતો હોય તો ત્યાં જવાનો મારગ ઊભો થાયને !''

પ્રભુ હાથવગોય નથી, એ તો હૈયાવગો છે ! અને છે તો આખ્ખે આખ્ખો છે અને નથી તો લગીરે નથી !

❖

એક ફકીરનો નિયમ હતો કે સત્યવાદી લોકોને ઘેર જ જમવું. જમવા માટે હા પાડે તે પહેલાં એ બધી પૂછપરછ કરી લેતો. એક વખતે એક ગામમાં જઈને રસ્તે જતા માણસ પાસેથી એણે જાણી લીધું કે ગામમાં કોણ સત્યવાદી છે. પેલા માણસે એક વેપારીનું નામ સૂચવ્યું. પેલા ફકીરે વાતવાતમાં એ વેપારીની પાસે લાખો રૂપિયા છે અને એને ચાર દીકરા છે તે પણ જાણી લીધું.

જમવાનું ટાણું થતાં ફકીર પેલા વેપારી પાસે ગયો અને ભોજનની માગણી કરી. અત્યંત રાજી થઈને વેપારીએ આવકાર આપ્યો : ‘‘પધારો મહારાજ ! અમારું ધનભાગ્ય કે તમારાં પગલાં અમારે ઘેર પડે !’’

સાધુ કહે : ‘‘પણ જમું તે પહેલાં મારે તમને બે વાત પૂછવી છે.’’

‘‘ખુશીથી પૂછો, મહારાજ !’’

‘‘તમારી પાસે કેટલું ધન છે ?’’

‘‘જી, પચાસ હજાર રૂપિયા.’’

‘‘અને દીકરા કેટલા !’’

‘‘એક જ છે, મહારાજ !’’

સંવાદ પૂરો થાય ન થાય અને ફકીર તો ઊભા થઈને ચાલવા માંડ્યા. વેપારી તો દંગ થઈ ગયો. આજીજી કરીને પૂછ્યું : ‘‘મહારાજ, કેમ ચાલ્યા જાઓ છો ?’’

ત્યારે ફકીરે કહ્યું : ‘‘મેં તો સાંભળ્યું હતું કે તમે હંમેશાં સાચું જ બોલો છો. પણ તમે તો સાવ જુઠ્ઠા નીકળ્યા !’’

વેપારીએ ગદ્‌ગદ થઈને કહ્યું : ‘‘મહારાજ ! મારી વાત શાંતિથી

સાંભળો. સાંભળ્યા પછી જો તમને ખાતરી થાય કે હું જૂઠું બોલું છું તો તમને ઠીક લાગે તેમ કરજો. જુઓ, આમ તો મારે ચાર દીકરા છે. પણ મારો એક જ દીકરો પરમાર્થના કામમાં મને મદદ કરે છે, બાકીના ત્રણ તો દારૂ-જુગારમાંથી ઊંચા જ નથી આવતા. એટલે મારે કહેવું પડ્યું કે મારે એક જ દીકરો છે. વળી, આજ સુધી મારી મિલકતમાંથી માત્ર પચાસ હજાર રૂપિયા જ ધર્માદામાં વાપરી શક્યો છું, બાકીના રૂપિયા તો અમારી સાંસારિક જંજાળમાં જ ખર્ચાયા છે. તો મારું સાચું ધન તો પરમાર્થ માર્ગે વપરાયું તે જ ઠરેને મહારાજ ? એટલે મારે કહેવું પડ્યું કે મારી પાસે કેવળ પચાસ હજાર રૂપિયા છે.''

વેપારીના હૃદયની વાત સાંભળીને ફકીર અત્યંત પ્રસન્ન થયા અને ખૂબ ભાવપૂર્વક તે દિવસે વેપારીને ત્યાં તેઓ જમ્યા.

❖

**હાસ્ય તો પવનથી ભરેલા ઓશિકાની પેઠે તમને જીવનના રાજમાર્ગનાં ઢેફાં અને સખત સ્થાનો ઉપર આરામ આપે છે. હાસ્ય હંમેશાં આરોગ્યદાયક હોય છે. તે પ્રત્યેક અસ્વાભાવિક સ્થિતિને સ્વાભાવિક બનાવે છે. તે હૃદય વેદનાઓ તથા જીવનના આઘાતોની ઔષધિ છે. તે આપણું આયુષ્ય વધારે છે. જે લોકો સારી પેઠે હસીને શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવે છે તેઓ જીવનને અત્યંત ગંભીર વસ્તુ ધારનારાઓ કરતાં અધિક આયુષ્ય ભોગવે છે.**

**- ઓરીસન સ્વેટ માર્ડન**

શેઠ કેસરીમલજી ગામ છોડીને શહેરમાં આવ્યા, પરંતુ પોતાના પ્રેમભાવ, મીઠી વાણી અને સરળ - પરગજુ સ્વભાવને કારણે થોડા જ દિવસોમાં નગરશેઠ બની ગયા. સૌ કોઈ એમને આદરપૂર્વક નિહાળે. જ્યાં જુઓ ત્યાં શેઠ કેસરીમલનાં જ ગૌરવગાન ગવાતાં હોય, પણ શેઠજીને ગર્વનો 'ગ' પણ અડતો નહોતો.

એક વાર શેઠ માંદા પડ્યા. દુકાને જઈ ન શકે. તેમાં વળી મુનીમજીને વેપારી કામે બહારગામ જવાનું થયું, એટલે બધો કારભાર નાના મુનીમ પર આવી પડ્યો. પ્રવાસેથી કારભારી પાછા આવ્યા અને હિસાબ તપાસ્યો તો પાંચ હજાર રૂપિયાનો મેળ ન પડે. એમણે નાના મુનીમને પૂછ્યું, પણ એણે કાંઈ દાદ ન આપી. એટલે શેઠ પાસે જઈને ડરતાં ડરતાં કહ્યું : ''શેઠજી, હું ગયો ત્યારે પાઈએ પાઈ મળતી હતી. આવીને જોઉં છું તો પાંચ હજારની હેરાફેરી વર્તાય છે ! નરેશ કાંઈ સરખો જવાબ નથી વાળતો !

''કાંઈ વાંધો નહીં ! નરેશને મારી પાસે મોકલી આપો !'' - શેઠ બોલ્યા. પછી નરેશ આવ્યો ત્યારે એને પડખે બેસાડીને શેઠે કહ્યું :

''બેટા, તને કેટલો પગાર મળે છે ?''

''જી, સો રૂપિયા, શેઠજી !''

''તારે કેટલા જણનો નિભાવ કરવાનો હોય છે ?''

''કુલ આઠ જણ !''

''તો તો દીકરા, ખૂબ દેવું થઈ ગયું હશે.''

''મેં તો કરજ નથી કર્યું, પણ બહેનોનાં લગ્ન વખતે બાપુજીએ કરજ કરેલું, હવે તો એ પણ વૃદ્ધ અને વળી આંધળા થઈ ગયા છે !''

- કહેતાં કહેતાં તો નરેશની આંખો ઊભરાઈ આવી અને એ શેઠજીના પગે પડી ગયો.

"હવે તો કરજ ચુકવાઈ ગયુંને ?" - શેઠજીએ નરેશને ઊભો કરતાં કહ્યું. નરેશ શું બોલે ? ત્યાં શેઠ ફરી બોલ્યા : "હવે તું જા ! અને હા, મોટા કારભારીને કહી દેજે કે આજથી તારો પગાર બસો રૂપિયા કરી દે અને ઘટતી રકમ મારા નામે ઉધારી દે !"

પડખે બેઠેલા વૈદરાજ બધી વાત જાણતા હતા. તેમણે પૂછ્યું : "શેઠજી, આ તમે શું કર્યું ?" તો શેઠ બોલ્યા : "કશું નહીં, માનવને માનવતાનો પાઠ ભણાવી દીધો !"

❖

જે કોઈ પણ પ્રકારનું કાર્ય કરવાથી દૂર ભાગે છે તે આળસુ છે. કાર્ય ન કરવું તે અસ્તિત્વ ગુમાવવા જેવું છે. બધા માણસો સારા છે, પણ આળસુ સારો નથી.

- વિનોબા ભાવે

પટ્ટણી સાહેબના બંગલામાંથી એમનાં પત્ની રમાબહેનનાં ઘરેણાં ચોરાઈ ગયાં. પોલીસે ઘરનોકરને શક પરથી પકડેલો. નોકરપત્ની રડી પડી. કરગરી એટલે પટ્ટણીજીએ નોકરને પોતાના હાથપગ જેવો જણાવીને પોલીસમાંથી છોડાવેલો અને ઉદાર ભાવે દોષમુક્ત માની લીધો. થોડા દિવસ બાદ એ નોકરે વિશ્વાસપરાયણતાથી પીગળીને ચોરી કબૂલી તથા દાગીના પાછા સોંપ્યા. ત્યાર બાદ ઘરની ગરીબાઈની વિગત મેળવી પટ્ટણીસાહેબે સામેથી આર્થિક મદદ કરી. તે વખતે પટ્ટણીજીના હૃદયમાંથી પ્રાર્થનારૂપે સરવાણી ફૂટી નીકળી જે એક ન્યૂસપેપરના હાંસિયામાં લખી કાઢેલી. આ ચાર પંક્તિમાં પટ્ટણીજીની સહજ વેદના, સંવેદના અને અપ્રગટ આંસુઓ શબ્દદેહે કલમ દ્વારા ટપકતાં દેખાય છે !

'જે ચીજો કે વસુવિભવથી
લોકને મોહ થાય,
ને જે મોહે હૃદય જનનાં
પાપ માટે તણાય,
તે પૈસો કે વિભવ અમને
સ્વપ્નમાંય હશો મા,
એવાં હોય સુકૃત કદી
તો સુકૃતોય થશો મા..... !'

આ ભીની પંક્તિઓ આંસુ અને હૃદયની લિપિથી લખાયેલ છે, જેમાં નિર્ધનને ચોરીની લાલચ થાય તે માટે ધનિકની નિર્ધનને લોભાવનારી સંપત્તિને જ દોષપાત્ર ગણી છે.

**- શ્રી વિનુ મહેતાકૃત 'વાણી તારાં પાણી'માંથી**